દૈનિક
મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 82 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર સુદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 April 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૮ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

100% PURE VEG & JAIN FOOD

વિશ્વ ના ખુણે ખુણે ... બાળકો થી વડીલો સુધી ...ઘર ઘર માં , દેશ પરદેશ માં ...
ફોરમ વર્લ્ડવાઈડ ને હરહંમેશ પહેલી પસંદ બનાવવા બદલ, અમારા ગુજરાતી, કચ્છી, વાગડ, સ્વામી નારાયણ અને રાજસ્થાની પ્રવાસીઓ નો ખુબ ખુબ ધન્યવાદ

16 DAYS

COPENHAGEN | OSLO | BERGEN | GEIRANGER |
TRONDHIEM | ALESUND | LOFOTEN ISLAND

- રાજસ્થાની મહારાજ ના હાથે બનાવેલ સ્વાદિષ્ટ ભોજન
- અમારા IN HOUSE ગુજરાતી ટુર મેનેજરો ની ઉત્કૃષ્ટ સેવાઓ
- ટુર કિંમત માં વિઝા - ટીપ્સ અને ઈન્સ્યુરેન્સ નો સમાવેશ
- દરેક સ્થળો ની GUIDED CITY TOUR
- DROTTNINGHOLM PALACE
- ATLANTIC OCEAN DRIVE
- DALSNIBBA GLACIER MOUNTAIN
- GEIRANGER FJORD CRUISE
- FLOIBANEN FUNICULAR RIDE
- NORWAY IN NUTSHELL TOUR
- TROLLFJORD CRUISE (LOFOTEN)
- ORESUND BRIDGE ની સફર
- VASA MUSEUM ની મુલાકાત
- OSLO OPERA HOUSE PHOTOSTOP
- LOFOTEN ISLAND GUIDED TOUR
- RINGVE MUSEUM ની મુલાકાત
- TURNING TORSO
- NIDAROS CATHEDRAL

Departures: MAY - 21 | JUNE - 7,24 | JULY - 11,27

FORAM® WORLDWIDE
#ChaloForamKeSang

12 DAYS

ONLY COMPANY WITH KITCHEN CARAVAN SERVICES

- CASTLE સ્ટે માં મુકામ (ONLY WITH FORAM WORLDWIDE)
- સ્કોટલેન્ડ ના પ્રખ્યાત WHISKEY MUSEUM ની મુલાકાત
- વર્લ્ડ હેરિટેજ સાઈટ GAINT CAUSEWAY - આયર્લેન્ડ ની મુલાકાત
- ડાર્ક હેજિસ - OLDEST BIRCH TREES OF IRELAND
- EDINGBURGH CASTLE ની ઐતિહાસીક ગાઈડેડ ટુર
- TOWER OF LONDON (કોહીનુર ડાયમંડ સાથે) ગાઈડેડ ટુર
- MANCHESTER સ્ટેડિયમ ની ગાઈડેડ ટુર
- વિશ્વ વિખ્યાત OXFORD UNIVERSITY ની ગાઈડેડ ટુર
- વર્લ્ડ ફેમસ CADBURY WORLD BIRMINGHAM ની મુલાકાત
- TITANIC MUSEUM ની મુલાકાત
- WINDSOR CASTLE ની મુલાકાત (ROYAL'S FAMILY 2ND HOME)
- STRATFORD UPON AVON - શેક્સપિયર BIRTH PLACE

MAY	11,23	JUNE	4,16	JULY	23
AUG	4	SEP	20	OCT	15

LONDON | LIVERPOOL | DUBLIN | BIRMINGHAM
BELFAST | GLASGOW | MANCHESTER

OUR EXCLUSIVE INCLUSIONS

chef – રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન | અનુભવી IN-HOUSE ગુજરાતી ટુર મેનેજરો | ઈન્સ્યોરન્સ અને ટીપ્સ નો ટુર કિંમત માં સમાવેશ | કોઈ પણ પ્રકારના છુપા ખર્ચ નહીં | અગત્ય ના બધાજ જોવા લાયક સાઈટસીંગ નો સમાવેશ

FORAM +91 9324366095 | DINESH +91 8591728602 | VINAY +91 8104578855 | BHAKTI +91 9321236935

HEAD OFFICE : ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. OPP. JAIN MANDIR. MUMBAI | WWW.FORAMWORLDWIDE.COM | FOLLOW US ON

અમદાવાદમાં આજથી કૉંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશનઃ બે દિવસ નેતાઓ મંથન કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લગભગ ૬૪ વર્ષ બાદ કૉંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન ૮ અને ૯ એપ્રિલના રોજ અમદાવાદમાં યોજાવા જઈ રહ્યું છે. અમદાવાદમાં યોજાઈ રહેલા કૉંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં હાજરી આપવા માટે સોમવારથી જ કૉંગ્રેસ નેતાઓનું અમદાવાદમાં આગમન શરૂ થઈ ગયું હતું. મલ્લિકાર્જુન ખડગે, કે. સી. વેણુગોપાલ, શશી થરૂર, અશોક ગેહલોત સહિતના નેતાઓ સોમવારે અમદાવાદ પહોંચ્યા હતા. જ્યારે આવતીકાલથી બે દિવસ માટે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિતના કૉંગ્રેસના રાષ્ટ્રીય સ્તરના નેતાઓ ૮ એપ્રિલની સવારે અમદાવાદ આવી પહોંચશે. બે દિવસ દરમિયાન યોજાનારા કાર્યક્રમો માટેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. દેશભરમાંથી રાષ્ટ્રીય અધિવેશનમાં ભાગ લેવા માટે તમામ રાજ્યોના કૉંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ, સીડબલ્યુસી સભ્યો, આમંત્રિતો સહિત ૧૯૦૦ જેટલા સભ્યો ઉપસ્થિત રહેશે.

આ તમામ મહાનુભાવોના રહેવા માટે હોટલ આવવા-જવા માટે વાહનોની વ્યવસ્થા કરવામાં આવી છે. કૉંગ્રેસના નેતાઓ અને પદાધિકારીઓના હોટલમાં માટે શહેરની અલગ-અલગ ૩૫ હોટલમાં ૧૮૦૦થી વધુ રૂમો બુક કરાયા છે. દરેક હોટલ પર એક ડેસ્ક રહેશે. એરપોર્ટ થી હોટલ અને અન્ય સ્થળોએ આવવા જવા માટે ૪, વોલ્વો બસ, ૨૫ મીની બસ અને ૫૦૦ ખાનગી કારોની વ્યવસ્થા ઉભી કરાઈ છે. અગ્રણી નેતાઓ વીવીઆઈપી ચાર્ટર્ડમાં જ્યારે સી.ડબલ્યુ.સી.ના બીજા સભ્યો ફ્લાઇટમાં આવ્યા હતા.

૮ એપ્રિલના રોજ સવારે ૧૧ વાગ્યે શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલા સરદાર સ્મારક ખાતે કૉંગ્રેસ વર્કિંગ કમિટી (સીડબલ્યુસી)ની એક મહત્વપૂર્ણ બેઠક મળશે. આ બેઠકમાં પાર્ટીના રાષ્ટ્રીય સ્તરના મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા અને મંથન કરવામાં આવશે. આ દિવસે સાંજે ૫ વાગ્યે કૉંગ્રેસના તમામ મુખ્ય આગેવાનો અમદાવાદના ઐતિહાસિક ગાંધીઆશ્રમમાં પ્રાર્થના સભામાં ભાગ લેશે. આ પ્રસંગે કૉંગ્રેસનાં વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી, કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત કૉંગ્રેસ વર્કિંગ કમિટીના તમામ સભ્યો ઉપસ્થિત રહેશે.

અધિવેશનના મુખ્ય દિવસ એટલે કે ૯ એપ્રિલના રોજ સવારે ૯:૩૦ કલાકે કૉંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન સાબરમતી રિવરફ્રન્ટ ખાતે શરૂ થશે. જેમાં ઓલ ઈન્ડિયા કૉંગ્રેસ કમિટી (એઆઈસીસી)ના પ્રતિનિધિઓ ભાગ લેશે. આ બંને બેઠકોની અધ્યક્ષતા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે કરશે. આ ઉપરાંત, કૉંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધી, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, કૉંગ્રેસ શાસિત રાજ્યોના તમામ મુખ્યપ્રધાનો, રાષ્ટ્રીય પદાધિકારીઓ, વરિષ્ઠ નેતાઓ અને અન્ય એઆઈસીસી પ્રતિનિધિઓ પણ આ મહત્ત્વપૂર્ણ બેઠકોમાં હાજર રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સહિત દેશભરમાં પોતાના અસ્તિત્વની લડાઈ લડી રહેલા કોંગ્રેસ પક્ષ માટે આ રાષ્ટ્રીય અધિવેશન અતિ મહત્ત્વનું છે, અધિવેશનમાં કૉંગ્રેસના નેતાઓ પક્ષને પુનઃસ્થાપિત કરવા માટે શું રણનીતિ તૈયાર કરે છે અને રાહુલ અને પ્રિયંકા ગાંધીના ભાષણ પર સૌની નજર રહેશે. ■

રાજ્યમાં આજથી બે અઠવાડિયાં સુધી પોષણ પખવાડિયું-૨૦૨૫ ઉજવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મહિલા અને બાળ વિકાસ પ્રધાન ભાનુબેન બાબરીયાની આગેવાની હેઠળ આવતીકાલ તારીખ ૮મી એપ્રિલથી ૨૨મી એપ્રિલ ૨૦૨૫ સુધી પોષણ પખવાડિયું - ૨૦૨૫ની ઉજવણી કરવામાં આવશે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યને પોષણયુક્ત બનાવવાનો છે.

વિકસીત ભારતના નિર્માણમાં કુપોષણ મુક્ત ભારતનું નિર્માણ અત્યંત મહત્ત્વનું છે અને આ માટે પોષણ અભિયાન એક નિર્ણાયક પગલું સાબિત થઈ રહ્યું છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં વર્ષમાં બે વખત, સપ્ટેમ્બર મહિનામાં પોષણ માસ અને માર્ચ-એપ્રિલ મહિનામાં પોષણ પખવાડિયું ઉજવવામાં આવે છે. આ અભિયાન પોષણક્ષમ આહાર અને સ્વસ્થ ભારતના નિર્માણ માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ વર્ષના પોષણ પખવાડિયા ૨૦૨૫ માટે કુલ પાંચ મુખ્ય ક્ષેત્રો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં ગર્ભાવસ્થાથી બાળકના બીજા જન્મદિવસ સુધીના પ્રથમ ૧૦૦૦ દિવસના સમયગાળામાં યોગ્ય પોષણના મહત્ત્વ પર ભાર મૂકવો, સમુદાય આધારિત કાર્યક્રમ દ્વારા અતિ ગંભીર કુપોષણમાં સુધારણા માટે નક્કર કાર્યવાહી કરવી, બાળકોમાં સ્થૂળતાને અટકાવવા તંદુરસ્ત જીવનશૈલી અને ખોરાકની આદતો વિશે જાગૃતિ ફેલાવવી જેવા વિષયો પર કામગીરી કરવામાં આવશે.

આ ઉપરાંત, મોનિટરિંગ અને સેવા પહોંચાડવા માટે બેનિફિશિયરી મોડ્યૂલ જેવા ડિજિટલ પ્લેટફોર્મનો પ્રચાર કરવો અને પરંપરાગત તથા સ્થાનિક પોષણક્ષમ આહારને સ્વીકારવા માટે પ્રોત્સાહન આપવું જેવા પાંચ ક્ષેત્રો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

આ પોષણ પખવાડિયાનો મુખ્ય ઉદ્દેશ જન આંદોલનને પ્રોત્સાહિત કરવાનો છે. પોષણ અને આરોગ્ય વિશે વધુમાં વધુ જાગૃતિ ફેલાય તે માટે રાજ્યભરમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

જેમાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકોની વૃદ્ધિ દેખરેખ માટે વિશેષ સત્રો યોજાશે, ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં પોષણ જાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે, માતા અને બાળ આરોગ્ય પર સમુદાય-આધારિત કાર્યક્રમો યોજાશે અને સંતુલિત પોષણ માટે પરંપરાગત આહારના મહત્વને સમજાવવા વર્કશોપનું પણ આયોજન કરવામાં આવશે.

આ અભિયાનની સફળ તૈયારી માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વિવિધ સંલગ્ન વિભાગોના નોડલ અધિકારીઓની એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં વિવિધ સ્તરે, ખાસ કરીને ક્ષેત્રીય સ્તરે સંકલનના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો અને સંલગ્ન વિભાગો દ્વારા આયોજિત પ્રવૃત્તિઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ■

સરકારની બાહેંધરી બાદ આરોગ્ય કર્મચારીઓની હડતાળ મોકૂફ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત આરોગ્ય મહાસંઘ દ્વારા ચાલી રહેલી હડતાળને ત્રણ મહિના માટે વિરામ આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. આંદોલનના મુખ્ય બે મુદ્દાઓ પૈકી એક મુદ્દો ખાતાકીય પરીક્ષા સંબંધિત હતો, જેમાં વાટાઘાટોના અંતે સમાધાન થયું હતું. જ્યારે બીજા મુદ્દો એટલે કે ટેક્નિકલ કર્મચારીઓના પ્રશ્નો અંગે આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સરકારે સુખદ સમાધાનની બાહેંધરી આપી હતી.

આંદોલન અંગે મહાસંઘના પ્રમુખ રણજીતસિંહ મોરીએ પોતાનું નિવેદન આપતા જણાવ્યું હતું કે, અમે અમારા બે મુખ્ય પ્રશ્નો પર સરકાર સામે હડતાળ પર હતા. જેમા ખાતાકીય પરીક્ષાનું નિવારણ થઇ ગયું છે અને ટેક્નિકલ કર્મચારીઓના પ્રશ્નો માટે પણ સરકાર તરફથી ત્રણ મહિનામાં યોગ્ય નિર્ણય લેવા માટે બાહેંધરી આપવામાં આવી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ અમે હડતાળ તાત્કાલિકથી મોકૂફ રાખી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રવિવારે રાત્રે ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓના આરોગ્ય મહાસંઘના પ્રમુખો સાથે વિસ્તૃત બેઠક યોજાઈ હતી. જેમાં સર્વસંમતિએ નક્કી કરવામાં આવ્યું હતું કે, સરકાર ઉપર વિશ્વાસ રાખીને હડતાળ સ્થગિત કરવામાં આવે. આ દરમિયાન મોરીએ જણાવ્યું હતું કે, છૂટા કરાયેલા કર્મચારીઓને ફરીથી હાજર કરી તેમની નોકરી યથાવત ગણાશે, એવી સ્પષ્ટ બાહેંધરી પણ સરકાર તરફથી આપવામાં આવી છે.

આ નિર્ણયથી રાજ્યભરના આરોગ્ય વિભાગમાં ફરીથી સેવાઓ શરૂ થવાની શક્યતા ઊભી થઈ છે. છેલ્લા કેટલાંક દિવસોથી આરોગ્ય વિભાગના ટેક્નિકલ કર્મચારીઓની હડતાળના કારણે સરકારી હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોમાં કામગીરી ઠપ થઈ ગઈ હતી. દર્દીઓ અને સામાન્ય નાગરિકો ભારે પરેશાનીઓનો સામનો કરી રહ્યા હતા.

મહાસંઘ દ્વારા જાહેર કરાયેલા નિર્ણય અનુસાર તમામ આરોગ્ય કર્મચારીઓને ફરજ પર હાજર થવા માટે સૂચના આપવામાં આવી છે. આ દરમિયાન મોરીએ ઉમેર્યું હતું કે, અત્યાર માટે આંદોલનને વિરામ આપીએ છીએ, પરંતુ જો ત્રણ મહિનાની અંદર કોઇ પોઝિટિવ નિર્ણયો નહીં આવે, તો અમે ફરીથી આંદોલન શરૂ કરવા માટે મજબૂર થઈશું. ■

રાજ્યની સ્કૂલોમાં ભણતાં ૭૦ લાખથી વધુ વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા શરૂઃ વેકેશન મોડું પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શિક્ષણ બોર્ડના એકેડેમિક કેલેન્ડર અને જીસીઈઆરટીના શૈક્ષણિક આયોજન મુજબ ગુજરાત શિક્ષણ બોર્ડ હેઠળની રાજ્યની સરકારી,ગ્રાન્ટેડ અને ખાનગી સહિતની તમામ પ્રાથમિક-માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં અભ્યાસ કરતાં ૭૦ લાખથી વધુ વિદ્યાર્થીઓની શાળાકીય વાર્ષિક પરીક્ષાનો તારીખ ૭મી એપ્રિલથી આરંભ થયો હતો.

ધોરણ ૩થી ૫ અને ધોરણ ૯-૧૧ના વિદ્યાર્થીઓની પરીક્ષા ૭મી એપ્રિલથી જ્યારે ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓની પરીક્ષા ૧૬મી એપ્રિલથી શરૂ થશે. પ્રાથમિકની તમામ પરીક્ષાઓ ૨૫મી એપ્રિલે પૂર્ણ થશે જ્યારે હાઈસ્કૂલની પરીક્ષા ૨૧મીએ પૂર્ણ થશે. ધો.૩ થી ૫માં ૪૦ ગુણની અને ધો.૬થી૮માં ૮૦ ગુણની પરીક્ષા રહેશે.

૩ થી ૮માં આ પરીક્ષામાં નવેમ્બરથી માર્ચ મહિના સુધીનો અભ્યાસક્રમ ધ્યાને લેવાશે. સરકારી સ્કૂલોમાં નિયત પરિરૂપ મુજબ ડાયેટ દ્વારા કસોટીપત્રો તૈયાર કરી જે તે ડીપીઈઓને-શાસનાધિકારીને સોંપવામા આવશે. ખાનગી સ્કૂલોમાં ગુજરાતી,ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણના પ્રશ્નપત્રો રાજ્યકક્ષાએથી આપવામા આવેલા પરિરૂપ મુજબ સ્કૂલ કક્ષાએ તૈયાર કરવામા આવશે.

જો કે પરીક્ષા જીસીઈઆરટીના સમયપત્રક મુજબ જ આ વિષયોમાં સરકારી-ખાનગી સહિતની સ્કૂલોમાં લેવાશે.બાકીના વિષયોમાં ખાનગી સ્કૂલો પોતાના માળખા મુજબ શાળા કક્ષાએ નિયત કરેલી તારીખોમાં પરીક્ષા લઈ શકશે. ઉત્તરવહીઓ જે તે સ્કૂલમાં જ ચેક થશે અને ધો.૫થી૮માં અલગ ઉત્તરવહી રહેશે.

જ્યારે ધો.૩ અને ૪ના વિદ્યાર્થીઓ પ્રશ્નપત્રમાં ઉત્તરો લખશે.ધો.૫ અને ધો.૮માં ઈ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીને નાપાસ કરાશે અને બે માસમાં ફરી પરીક્ષા લેવાની રહેશે. જો ગ્રેડ સુધરે તો જ આગળના ધોરણમાં બઢતી અપાશે. ધો.૩થી૮માં ૬૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ રાજ્યભરમાં પરીક્ષા આપશે. પ્રાથમિક સ્કૂલોમાં વાર્ષિક પરીક્ષા ૨૫ એપ્રિલ સુધી ચાલશે. જ્યારે ધો.૯ અને ૧૧માં પણ આજે ૭ એપ્રિલથી વાર્ષિક પરીક્ષા-દ્વિતિય સત્રાંત પરીક્ષા શરૂ થશે. જેમાં પણ સરકારી,ગ્રાન્ટેડ અને ખાનગી સહિત તમામ સ્કૂલોમાં કોમન સમયપત્રક મુજબ પરીક્ષા થશે.ધો.૯ અને ૧૧માં ૧૯મી એપ્રિલ સુધી અગાઉ પરીક્ષા નિયત કરાઈ હતી. પરંતુ જ્ઞાન સાધના સ્કોલરશિપ પરીક્ષાને લીધે ૧૨મીની પરીક્ષા ૨૧મીએ કરાઈ છે.જેથી હવે ૨૧મી એપ્રિલે પરીક્ષા પુરી થશે અને જેથી વેકેશન બે દિવસ મોડું પડશે. સ્કૂલોમાં ઉનાળુ વેકેશન પાંચ મેથી ૮ જૂન સુધીનું ૩૫ દિવસનું રહેશે. ■

પરિવારદીઠ હૉસ્પિટલમાં સૌથી વધુ ખર્ચ કરતા રાજ્યોમાં ગુજરાત ચોથા સ્થાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત દેશનું સમૃદ્ધ રાજ્ય ગણાય છે, જો કે રાજ્યની હૉસ્પિટલ સેવાઓ અત્યંત મોંઘી છે. પરિવારના સભ્યની બિમારીમાં સામાન્ય માણસની જિંદગીભરની બચત ખતમ થઈ જાય છે. ગુજરાતમાં પ્રત્યેક પરિવાર હૉસ્પિટલમાં દાખલ થવા પાછળ દર વર્ષે સરેરાશ રૂપિયા ૭ હજારનો ખર્ચ કરે છે. પરિવારદીઠ દર વર્ષે હૉસ્પિટલમાં દાખલ થવા પાછળ સૌથી વધુ ખર્ચ થતો હોય તેવા રાજ્યમાં ગુજરાત ચોથું સ્થાન ધરાવે છે. નેશનલ સેમ્પલ સર્વે ઓફિસના અભ્યાસ અનુસાર શહેરી પરિવારમા હૉસ્પિટલમાં દાખલ પાછળ દર વર્ષે સરેરાશ સૌથી વધુ ખર્ચ થતો હોય તેમાં કેરળ રૂપિયા ૧૩૧૪૦ સાથે મોખરે, મહારાષ્ટ્ર રૂપિયા ૯૧૨૨ સાથે બીજા, પંજાબ રૂપિયા ૮૨૭૨ સાથે ત્રીજા જ્યારે ગુજરાત રૂપિયા ૭૭૧૧ સાથે ચોથા સ્થાને છે.

શહેરી વિસ્તારમાં એક ગુજરાતી હૉસ્પિટલમાં દાખલ થાય તો તેની પાછળ સરેરાશ રૂપિયા ૨૦૧૪નો ખર્ચ થાય છે. ગુજરાતના શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારમાં હોસ્પિટલમાં દાખલ થવા પાછળ પ્રમાણમાં ઓછો ખર્ચ થાય છે. ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં પરિવારદીઠ હૉસ્પિટલમાં દાખલ થવા પાછળ વાર્ષિક સરેરાશ રૂપિયા ૪૦૭૧ ખર્ચ થતો હોવાનું આ રિપોર્ટમાં બહાર આવ્યું હતું.

આમ, શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારમાં હૉસ્પિટલમાં દાખલ થવા પાછળ ૪૮ ટકા ઓછો ખર્ચ થાય છે. આરોગ્ય પાછળ દર વર્ષે સૌથી વધુ ખર્ચ થતો હોય તેવા રાજ્યમાં ગુજરાત છઠ્ઠા સ્થાને છે. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં પ્રત્યેક ગુજરાતીના આરોગ્ય પાછળ સરેરાશ રૂપિયા ૧૭૫૧નો ખર્ચ થતો હતો.

ગુજરાતમાં જાન્યુઆરી-૨૦૨૫ સુધીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા અંદાજે કુલ ૧.૪૪ કરોડથી વધુ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા કુલ ૧.૩૧ કરોડથી વધુ દર્દીઓને ઓપીડી થકી આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી છે, તેમ આરોગ્ય વિભાગે જણાવ્યું હતું. ■

ગુજરાતના ૧૦ જિલ્લા કાળઝાળ ગરમીની ઝપેટમાંઃ ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગરમીનો પારો રોજેરોજ ઊંચો જઈ રહ્યો છે. એપ્રિલ મહિનો શરૂ થતાં જ ગરમીએ કરંટ બતાવવાનું શરૂ કરી દીધું છે. દેશમાં સૌથી વધુ ગરમી ગુજરાતમાં પડી રહી છે. રાજ્યના મોટાભાગના શહેરો અને જિલ્લામાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. આ દરમિયાન, હવામાન વિભાગે રાજ્યમાં ૧૦ એપ્રિલ સુધી તીવ્ર ગરમીનું મોજું રહેવાની આગાહી કરી હતી. આ ઉપરાંત વિભાગે કચ્છ સહિત રાજ્યના કેટલાક જિલ્લા માટે ભારે ગરમીનું રેડ એલર્ટ જાહેર કર્યું હતું.

૮ અને ૯ એપ્રિલે કચ્છ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં આકરી ગરમી પડવાની શક્યતા છે. જેના કારણે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ અને મોરબી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં હીટ વેવની સંભાવના છે, તેથી અહીં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. ૧૦ એપ્રિલે બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને કચ્છ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં હીટવેવની સંભાવના છે, જેના કારણે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ભુજમાં ૪૩, નલિયામાં ૪૦, અમરેલીમાં ૪૨, ભાવનગરમાં ૩૯, દ્વારકામાં ૩૧, ઓખામાં ૩૩, પોરબંદરમાં ૪૦, રાજકોટમાં ૪૩, વેરાવળમાં ૩૧, સુરેન્દ્રનગરમાં ૪૪, મહુવામાં ૩૯, કેશોદમાં ૪૨, અમદાવાદમાં ૪૨, ગાંધીનગરમાં ૪૨, વલ્લભવિદ્યાનગરમાં ૪૦ ડિગ્રી, બરોડામાં ૪૧, સુરતમાં ૩૯ અને દમણમાં ૩૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ■

ગુજરાતમાં હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત ૨૦૭ જળાશયોમાં ૫૭ ટકાથી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ગત ચોમાસામાં સાર્વત્રિક અને પૂરતા પ્રમાણમાં વરસાદ થયો હોવાના પરિણામે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયમાં કુલ સંગ્રહશક્તિના ૫૭ ટકાથી વધારે જળ સંગ્રહ છે. જેમાંથી ઉનાળની સીઝનમાં નાગરિકોને જરૂરી પાણી ઉપલબ્ધ કરવામાં આવશે.

ગત વર્ષે ૦૭ એપ્રિલ-૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૫૦.૮૪ ટકા જળ સંગ્રહ હતો. આ વર્ષે ઉનાળાની સીઝનમાં રાજ્યના જળાશયોમાં પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.

પાણી પૂરવઠા પ્રધાન કુંવરજી બાવળીયાએ કહ્યું હતું કે, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૬૧.૯૫ ટકા પાણી ઉપલબ્ધ છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયમાં ૬૨ ટકાથી વધુ જળ સંગ્રહ, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયમાં ૫૬.૨૧ ટકા જળ સંગ્રહ, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયમાં ૪૪.૪૪ ટકા જળ સંગ્રહ, કચ્છના ૨૦ જળાશયમાં ૪૧ ટકાથી વધુ અને ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયમાં ૩૪.૯૫ ટકા જળ સંગ્રહ ઉપલબ્ધ છે.

તે ઉપરાંત જળ સંપત્તિ રાજ્ય પ્રધાન મુકેશભાઈ પટેલં જણાવ્યું હતું કે, મોરબી ખાતે આવેલું મચ્છુ-૩ જળાશય હાલમાં પણ ૧૦૦ ટકાથી વધુ ભરાયેલું છે. જ્યારે ૨૧ જળાશય ૭૦ થી ૧૦૦ ટકા, ૪૪ જળાશય ૫૦ થી ૭૦ ટકાથી વધુ, ૭૪ જળાશય ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે. માત્ર ૬૭ જળાશય એવા છે જેમાં ૨૫ ટકાથી વધુ જળ સંગ્રહ ઉપલબ્ધ છે.

સરદાર સરોવર ડેમમાં ૨,૫૦૫, વણાકબોરી ડેમમાં ૩,૭૦૦ તેમ જ કડાણા ડેમમાં ૧,૭૪૨ ક્યૂસેક પાણીની આવક ચાલુ છે. ઉનાળા દરમિયાન રાજ્યમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં નાગરિકોની જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં પાણી પૂરું પાડવામાં આવશે. ■

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ ગુજરાતમાં ૨૧માંથી ૧૪ નદીઓ પર પુલ બની ગયાઃ સુરતની કીમ નદી પર બાંધકામ પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુંબઈ અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ ગુજરાતમાં બુલેટ ટ્રેનનું કામ તેજ ગતિએ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટમાં રાજ્યની ૨૧ નદીઓ પર પુલ બનાવવામાં આવશે. જેમાંથી કુલ ૧૪ નદીઓ પર પુલ બનીને તૈયાર થઈ ગયાં છે. છેલ્લે ૧૫મી માર્ચે સુરતની કિમ નદી પર પુલનું બાંધકામ પૂર્ણ કરી દેવાયું હતું.

નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે જણાવ્યું હતું કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ ગુજરાતમાં કુલ ૨૧ નદી પર પુલ બનાવવામાં આવશે, જેમાંથી ૧૪ નદી પર પુલ બની ચૂક્યા છે. ૧૫ માર્ચના રોજ સુરતમાં કીમ નદી પર પુલનું બાંધકામ પૂર્ણ થયું છે. સુરત અને ભરૂચ બંને સ્ટેશનોથી લગભગ ૩૦ કિલોમીટરના અંતરે આ પુલ બનાવવામાં આવ્યો છે. આ પુલની કુલ લંબાઈ ૧૨૦ મીટર છે. કિમ નદી પરનો આ પુલ ચાર ગોળાકાર થાંભલાઓ પર બનાવવામાં આવ્યો છે, દરેક થાંભલાનો વ્યાસ ચાર મીટર છે અને થાંભલાઓની ઊંચાઈ ૧૨ થી ૧૫ મીટર છે. અન્ય નદીઓ પરના પુલના બાંધકામની કામગીરી ચાલુ છે.

ગુજરાતમાં ૧૪ નદીઓ પર પુલનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. જેમાં સુરતની કીમ નદી સિવાય પાર નદી (વલસાડ), પૂર્ણા નદી (નવસારી), મીંઢોલા નદી (નવસારી), અંબિકા નદી (નવસારી), ઔરંગા નદી (વલસાડ), વેંગાનિયા નદી (નવસારી), મોહર નદી (ખેડા), ધાધર નદી (વડોદરા), કોલક નદી (વલસાડ), વાત્રક નદી (ખેડા), કાવેરી નદી (નવસારી), ખરેરા નદી (નવસારી), મેશ્વા નદી (ખેડા) સમાવેશ થાય છે. ■

વડોદરા હિટ ઍન્ડ રન કેસમાં વકીલે ધરપકડને પડકારતા કોર્ટે આરોપીને છોડી દેવા આદેશ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં હિટ એન્ડ રન કેસમાં આરોપી પ્રાંશુ ચૌહાણની ધરપકડ સામે આરોપી તરફે થયેલી રજૂઆત કોર્ટે ગ્રાહ્ય રાખી ધરપકડ ગેરકાયદેસર ગણીને આરોપીને મુક્ત કરવાનો આદેશ કર્યો હતો. પોલીસે મુખ્ય સાક્ષીને આરોપી બનાવી દેતા હવે તે સાક્ષી તરીકે રહેશે નહીં. આરોપીના વકીલે જેથી પોલીસે આડકતરી રીતે રક્ષિતને બચાવવાનો કારસો રચ્યો હોવાના આક્ષેપ કર્યા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરામાં ચકચારી હિટ એન્ડ રન કેસમાં પોલીસે તપાસ આદરીને આરોપીની ધરપકડ કરી હતી. મિત્રને ત્યાં ગાંજાનું સેવન કરીને આરોપી રક્ષિતે અકસ્માત સર્જ્યો હતો. આ કેસમાં પોલીસે કડક કલમો લગાવીને તપાસ કરી હતી. પોલીસે સાક્ષી બનાવી આરોપી તરીકે પ્રાંશુ ચૌહાણની ધરપકડ કરી હતી. કોર્ટે આરોપી પ્રાંશુ ચૌહાણને છોડી દેવાનો આદેશ કર્યો હતો.

આ કેસમાં પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું કે, ત્રણ મિત્રોએ ભેગા મળીને ગાંજાનો નશો કર્યો હતો. કારમાં સાથે પ્રાંશુ ચૌહાણ પણ હતો તો પ્રાંશુનું સાક્ષી તરીકે નિવેદન બાદ આરોપી બનાવ્યો હતો. બચાવ પક્ષે કોર્ટમાં દલીલો કરી હતી અને અંતે કોર્ટે પ્રાંશુ ચૌહાણને છોડી દેવા આદેશ કર્યો હતો.પોલીસ રક્ષિતની જેલમાંથી ફરી કસ્ટડી મેળવશે.આ કેસનો ત્રીજો આરોપી સુરેશ ભરવાડ મહારાષ્ટ્રના પલાસનેર ગામેથી ઝડપાયો હતો.

વડોદરામાં રક્ષિત ચૌરસિયાએ ૧૩ માર્ચે રાત્રે નશો કરી પૂરપાટ ઝડપે કાર દોડાવી આમ્રપાલી રોડ પાસે ૮ લોકોને ઉડાવ્યા હતા. આ ઘટનામાં એક મહિલાનું મોત થયું હતું, જ્યારે ૭ને ઈજા થઈ હતી. ■

વડોદરામાં વિશ્વામિત્રી નદીને ઊંડી કરવાના પ્રોજેક્ટમાં અત્યાર સુધીમાં ૯.૯૮ લાખ ક્યૂબિક મીટર માટી ઉલેચાઇ

અમદાવાદઃ વડોદરાની વિશ્વામિત્રી નદીમાં પૂર નિવારણ માટેનાં પગલાં ભરવામાં આવી રહ્યાં છે. જે અંતર્ગત ૫૨૬ જેટલા મશીનો દ્વારા વિશ્વામત્રી નદી, આજવા સળાવ, પ્રતાપપુરા સરોવર, દેણા, શહેરના વિવિધ તળાવોને ઊંડા અને પહોળા કરવાની કામગીરી કરવામાં આવી છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં ૯.૯૮ ક્યુબીક મીટર માટી ઉલેચવામાં આવી છે. વિશ્વામિત્રી પ્રોજેક્ટ ૧૦૦ દિવસમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક છે.

વડોદરામાં ગત ચોમાસામાં આવેલા પૂરથી ભારે તારાજી સર્જાઇ હતી. આ ઘટનાનું પુનરાવર્તન ના થાય તે માટે સરકારે વિશ્વામિત્રી પ્રોજેક્ટને લીલી ઝંડી આપી હતી. જે અંતર્ગત વિશ્વામત્રી નદી, આજવા સળાવ, પ્રતાપપુરા સરોવર, દેણા, શહેરનાં વિવિધ તળાવો તથા કાંસોને ઉંડા અને પહોળા કરવાની કામગીરી ચાલી રહી છે. રવિવારની સ્થિતિએ અત્યાર સુધી તમામ જગ્યાએથી ૫૨૬ જેટલા મશીનો દ્વારા કુલ ૯.૯૮ લાખ ક્યુબીક મીટર માટી ઉલેચવામાં આવી છે અને ૬૮ હેક્ટર વિસ્તારમાં જંગલ કાપવામાં આવ્યું છે.

શહેરનાં ૧૦ જેટલાં તળાવોમાં કામગીરી ચાલી રહી છે. જેમાં ૨ તળાવોની કામગીરી પૂર્ણ થઇ ગઇ છે. જ્યારે ૨ તળાવોની કામગીરી ચાલી રહી છે. તથા ડીપ રેઇન વોટર રીચાર્જ વેલ માટેની ૪૭૪ જગ્યાઓ પર કામકાજ ચાલુ છે, આ કામગીરી દરમિયાન ૫૦૦ મેટ્રીક ટન પ્લાસ્ટિકનો જથ્થો રીસાઇકલ કરવા માટે અટલાદરા ખાતેના પ્રોસેસિંગ પ્લાન્ટમાં મોકલી અપાયો છે. ૧૧ હજાર મેટ્રીક ટન રોડા-છારૂનો જથ્થો ક્રશ કરીને અટલાદરાના પ્લાન્ટ ખાતે રાખવામાં આવ્યો છે. ■

અમદાવાદ જીવરાજ પાર્ક બ્લાસ્ટ કેસની ફોરેન્સિક ટીમે તપાસ શરૂ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના જીવરાજ પાર્ક ચાર રસ્તા નજીક જ્ઞાનદા સોસાયટીમાં રવિવારે એસી ગોડાઉનમાં ભયંકર આગ લાગી હતી. આગ લાગ્યા બાદ મકાનમાંથી એક બાદ એક ૧૦થી વધુ બ્લાસ્ટ થયા હતા. આ ઘટનામાં એક મહિલા અને તેના પુત્રનું મૃત્યુ થયું છે, જ્યારે અન્ય કેટલાક લોકો દાઝી ગયા છે. રવિવારે લાગેલી આગની ઘટનાની તપાસ માટે ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને સેમ્પલ એકઠા કર્યા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે સ્પાર્ક અથવા ગેસમાં લીકના કારણે આગ લાગી હોવાનું સામે આવ્યું છે. બનાવના સ્થળે ૧૩૦૦થી વધુ બ્યુટેન ગેસના કેન ઘરમાં સ્ટોર કરેલા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, જીવરાજ પાર્ક સ્થિત જ્ઞાનદા સોસાયટીમાં ગેરકાયદે ગોડાઉનમાં આગની લાગવાની શક્યતા સ્થાનિક લોકોએ અગાઉ વ્યક્ત કરીને કોર્પોરેશનને જાણ કરી હતી. પરંતુ, જવાબદાર અધિકારીએ બેદરકારી દાખવી હતી. આગની ઘટના મામલે વાસણા પોલીસ સ્ટેશનના પીઆઇ આર. એન. પટેલે જણાવ્યું હતું. ■

સૌરાષ્ટ્ર યુનિ.ની પરીક્ષા ફીમાં ૧૦ ટકાનો વધારોઃ ૨૦ વર્ષ પછી પરીક્ષા ફી વધી

અમદાવાદઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬થી એટલે કે, નવા વર્ષથી પરીક્ષા ફીમાં ૧૦ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો, આ ફી વધારાનો માર અઢી લાખ વિદ્યાર્થીઓ ઉપર પડશે. ફી માળખામાં રૂ.૩૦થી રૂ.૨૦૦નો વધારો કરવામાં આવ્યો છે. જેને યુનિવર્સિટીની સર્વોપરી બોડી બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂરી આપવામાં આવી હતી. જોકે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગે જણાવ્યું હતું કે, આ ફી વધારો અંદાજે ૨૦ વર્ષ પછી કરવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના ઓએસડી નિલેશ સોનીએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષા વિભાગ દ્વારા પરીક્ષા ફીમાં અંદાજે ૨૦ વર્ષ પછી મામૂલી ફી વધારો કરવામાં આવેલો છે. જે ફી વધારાને બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂરી આપવામાં આવી છે. ■

દૈનિક મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨
■ ચૈત્ર સુદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR
■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 82 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ www.bombaysamachar.com ■ 8 April 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૮ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ટ્રમ્પની ટેરિફથી વિશ્વભરમાં મંદીનું વાવાઝોડું

કડડડભૂસઃ દુનિયાભરના શૅરબજારમાં 'બ્લેક મંડે'

ભારતીય શૅરબજારમાં સૌથી મોટા કડાકામાં ₹ ૧૪ લાખ કરોડનું ધોવાણ

125 વર્ષથી સ્વાદ અને સુગંધની અનેરી સોડમ
SINCE 1900
લક્ષ્મી® સંયુક્ત હિંગ
આર. એમ. કાનાણી એન્ડ કં. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi laxmi hing
સર્વત્ર ઉપલબ્ધ

નિલેશ વાઘેલા

મુંબઇ: અમેરિકાએ શરૂ કરેલી ટ્રેડ વોરને કારણે જાગતિક અર્થતંત્ર સામે વધતી જતી મંદીની ચિંતા વચ્ચે વૈશ્વિક ઇક્વિટી માર્કેટમાં બોલાઇ ગયેલા કડાકા સાથે ભારતીય શેરબજાર પણ સપ્તાહના પહેલા દિવસે ધબાયનમઃ થઇ ગયું હતું.

સેન્સેક્સમાં ૧૦ મહિનાનો સૌથી ભયાનક એક દિવસીય કડાકો નોંધાયો છે અને રોકાણકારોના રૂ. ૧૪ લાખ કરોડ ધોવાઇ ગયાં છે. નિફ્ટી મંદીની ગર્તામાં ધકેલાઇ જવાની તૈયારીમાં છે ત્યારે તેને માટે ૨૨,૦૦૦ પોઇન્ટનું તાત્કાલિક સપોર્ટ લેવલ જાળવવું અનિવાર્ય છે. જે રીતે વોલ સ્ટ્રીટમાં ફરી ખૂલતા સત્રમાં કડાકા સંભળાઇ રહ્યાં છે, તે જોતા આજે મંગળવારે પણ બજારમાં વધુ ધબડકાની આશંકા છે.

વિશ્વબજાર પાછળ સ્થાનિક બેન્ચમાર્ક સેન્સેક્સ ૨,૨૨૬.૭૯ પોઈન્ટના કડાકા સાથે ૭૩,૧૩૭.૯૦ પર સ્થિર થયો છે. નોંધવું રહ્યું કે, સત્ર દરમિયાન ઇન્ડેક્સ ૩,૯૩૯.૬૮ પોઈન્ટ સુધી નીચે પટકાયો હતો.

આ રીતે બેન્ચમાર્કે સત્રની નીચી સપાટી સામે ૧૭૦૦ પોઇન્ટની રિકવરી બતાવી છે. નિફ્ટી ઇન્ટ્રા-ડે ૧૧૬૦.૮ પોઈન્ટ નીચે સુધી પટકાયા બાદ ૭૪૨.૮૫ પોઈન્ટ અથવા ૩.૨૪ ટકા ઘટીને ૨૨,૧૬૧.૬૦ના સ્તરે બંધ થયો હતો.

અમેરિકાના નેસ્ડેક ઇન્ડેકસે શુક્રવારે સત્તાવાર રીતે મંદી બજારમાં પ્રવેશ કરી લીધો છે. નેસ્ડેક કમ્પોઝિટ તેના તાજેતરના ઉચ્ચતમ સ્તરથી ૨૦ ટકાથી વધુ ઘટ્યો છે. એશિયન બજારોમાં વ્યાપક નુકસાન જોવા મળ્યું હતું. ટોકિયોનો નીક્કી ૨૨૫ ઇન્ડેક્સ ખૂલતા સત્રમાં આઠ ટકા જેવો કડાકો બોલાવી અંતે ૭.૮ ટકાના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. દક્ષિણ કોરિયાના બેન્ચમાર્કમાં પાંચ ટકાનો કડાકો હતો.

ચાઇનાના માર્કેટ સામાન્ય રીતે વૈશ્વિક બજારને અનુસરતા નથી. જોકે, આ વખતે હોંગકોંગનો હેંગસેગ સત્ર દરમિયાન ૧૫ ટકા જેટલો (જુઓ પાનું ૨) ▶▶

દેશ	કડાકો ટકા	દેશ	કડાકો ટકા
ભારત	-૪.૫	સ્પેન	-૬.૪
હોંગકોંગ	-૧૩.૬	નેધરલેન્ડ્સ	-૬.૨
તાઈવાન	-૯.૬	ઑસ્ટ્રેલિયા	-૬.૨
જાપાન	-૯.૫	ફ્રાન્સ	-૬.૧
ઈટાલી	-૮.૪	યુકે	-૫.૨
સિંગાપોર	-૮.0	મલયેશિયા	-૪.૫
સ્વિડન	-૭.0	ફિલિપીન્સ	-૪.3
ચીન	-૭.0	રશિયા	-3.૮
સ્વિટ્ઝરલેન્ડ	-૭.0	સાઉદી	-3.3
જર્મની	-૬.૮	ટર્કી	-૨.૮

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 80,820/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

જમ્મુ અને કાશ્મીરમાં ૧૧ દિવસમાં આગ લાગવાની ૯૪ ઘટના

સુરેશ એશ. ડુગ્ગર

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરમાં છેલ્લા ૧૧ દિવસમાં જંગલમાં આગ લાગવાની ૯૪થી વધારે ઘટના નોંધાઈ છે. આને લીધે કાશ્મીરીઓની હાડમારી વધી ગઈ છે. મળેલી માહિતી પ્રમાણે ૨૪ માર્ચથી ત્રણ એપ્રિલ સુધી જંગલમાં આગ લાગવાની ૯૪થી વધારે ઘટના બની છે.

અધિકારીઓના કહેવા મુજબ આગે કાશ્મીર અને જમ્મુના ઓછામાં ઓછા ૧૫ જિલ્લા પ્રભાવિત કર્યા છે. એક દિવસે સૌથી વધારે આગના બનાવ બે એપ્રિલે બન્યા. બીજી એપ્રિલે આગ લાગવાની ૩૫ ઘટના નોંધાઈ હતી. ત્યાર બાદ ત્રીજી એપ્રિલે આગની ૧૮ દુર્ઘટના બની હતી.

મળેલા ડેટા પ્રમાણે અનંતનાગ જિલ્લો આગથી સૌથી વધારે પ્રભાવિત થયો. આ જિલ્લામાં દરરોજ એક આગ લાગવાની ઘટના બની છે. ત્યાર બાદ પુલવામા, બડગામ, ગંદેરબલ અને બાંદીપોરામાં (જુઓ પાનું ૨) ▶▶

છત્તીસગઢમાં ૨૬ નક્સલવાદીની શરણાગતિ

દાંતેવાડા (છત્તીસગઢ) : છત્તીસગઢના દાંતેવાડા જિલ્લામાં સોમવારે ઓછામાં ઓછા ૨૬ નક્સલવાદીઓએ સુરક્ષા દળોની શરણાગતિ સ્વીકારી હતી. આમાંથી ત્રણ માઓવાદી એવા હતા જેમના માથા પર ઈનામ હતું, એવી માહિતી પોલીસે આપી છે.

પોકળ અને અમાનવીય માઓવાદી વિચારસરણી, આકરા વનજીવન અને પ્રતિબંધિત સંગઠનમાં આંતરલડાઈનું કારણ આપીને નક્સલવાદીઓએ પોલીસ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ આગળ શરણાગતિ સ્વીકારી હતી, એવી માહિતી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ગૌરવ રાઈએ આપી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે શરણે થનારા નક્સલવાદીઓ જનમિલિટા, રીવોલ્યુશનરી પાર્ટી કમિટી અને જનતાના સરકાર વિન્ગ્સ ઑફ માઓઈસ્ટ અને તેના દંડકારણ્ય આદિવાસી કિસાન મઝદૂર સંગઠન અને ચેતના નાટ્ય મંડળીના છે. (જુઓ પાનું ૨) ▶▶

વક્ફ કાયદા પર દેશભરમાં વિરોધ યથાવત્

હવે મુસ્લિમ પર્સનલ લો બોર્ડે સુપ્રીમ કોર્ટમાં કરી અરજી

નવી દિલ્હીઃ નવા વક્ફ કાયદાને લઈને દેશભરમાં રાજકીય ગરમાવો યથાવત્ છે. આરોપ-પ્રત્યારોપનું રાજકારણ પણ ચાલી રહ્યું છે. વિપક્ષ અને અનેક મુસ્લિમ સંસ્થાઓ આ સુધારા સામે અવાજ ઉઠાવી રહી છે. આ દરમિયાન, ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (એઆઇએમપીએલબી) એ પણ નવા વક્ફ એક્ટ ૨૦૨૫ની બંધારણીય માન્યતાને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી છે. નોંધનીય છે કે તાજેતરમાં લોકસભા અને રાજ્યસભામાં બિલ પસાર થયા બાદ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ૫ એપ્રિલે આ કાયદાને મંજૂરી આપી હતી. ત્યારથી આ સાતમી વખત છે જે વક્ફ બિલ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે.

એઆઇએમપીએલબી એ ૬ એપ્રિલે તેની અરજીમાં જણાવ્યું હતું કે વક્ફ કાયદો મનસ્વી (જુઓ પાનું ૨) ▶▶

મોટાભાઇ! ૩૯ વરસો નો અનુભવ છે!
■ સ્વતંત્ર વાહન ની સગવડો. ■ બજેટ મુજબ ૪/૩ સ્ટાર હોટેલો. ■ દરેક સ્થળોએ તમારા ભાવતા ભોજનો.
■ Deluxe - Premium - Club Class ટુરો ■ વરસોનો અનુભવી ઓફીસ/ટુરની 'Team Heena' નું માર્ગદર્શન.
■ સસ્તો ભાવ/રેવડી જોઈએ કે સુવિધાઓ એ પ્રવાસી નક્કી કરે

ભુમથાંગ, ફોબ્જીકા વેલી સાથે ભુતાન
પારો ■ થીમ્પુ ■ પુનાખા
* ૯ અને ૧૧ દિવસ ની ગ્રુપ ટુરો * ૩/૪ સ્ટાર હોટલો
9137890531 / 9833515645

લુંબીની (બુધ્ધ નું જન્મ સ્થળ) સાથે જનકપુર (સીતા નું જન્મ સ્થળ)
નેપાલ
પોખરા ■ ચિતવન ■ જનકપુર
* ૪/૮ અને ૧૦ દિવસ ની ગ્રુપ ટુરો *૩/૪ સ્ટાર હોટલો
9326474508 / 9769442741

૪ સ્ટાર ઉત્તર પ્રદેશ
લખનૌ ■ અયોધ્યા પ્રયાગરાજ ■ વારાણસી દિવસ-૭
સાથે નેમીશરણ ચિત્રકુટ દિવસ-૯
* ૭ અને ૯ દિવસ ની ગ્રુપ ટુરો * ૪ સ્ટાર હોટલો
9137890531 / 9769442741

પ્રિમિયમ અને Club Class
ચારધામ યાત્રા
બદ્રિનાથ ■ કેદારનાથ ■ યમુનોત્રિ
ગંગોત્રિ ■ હરિદ્વાર ■ ઋષિકેશ
* સ્વતંત્ર વાહન ની વ્યવસ્થા * સૌથી સારી હોટલો
* તમને મનગમતા ભોજન * વરસો ના અનુભવી અમારા ટુર મેનેજરો
* ૧૧ અને ૧૪ દિવસ ની ગ્રુપ ટુરો * ૩/૪ સ્ટાર હોટલો
9930092741 / 9324210059

લેહ-લદાખ
દ્રાસ ■ આર્યનવેલી ■ લેહ
નુબ્રાવેલી ■ પેંગોંગ લેક ■ તુર્તુક
દિવસઃ ૭,૮,૧૦,૧૧
7021657978 / 9833515645

કાશ્મીર
શ્રીનગર ■ પહેલગામ ■ સોનમર્ગ
ગુલમર્ગ ■ વૈષ્ણોદેવી
દિવસઃ ૮,૯,૧૦
વૈષ્ણોદેવી માં તાજ હોટેલમાં યાદગાર મુકામ
TAJ
9326474508 / 9769442741

સ્પીતી-વેલી
નારકંડા ■ શાંગલા ■ તાબો ■ કાઝા
ચંદ્રતાલ ■ કલ્પા સરહાન ■ સીમલા
દિવસઃ ૮,૧૦,૧૧
8928467688 / 9137890531

હિમાચલ પ્રદેશ
અમૃતસર ■ ડેલહાઉઝી ■ ધરમશાલા
ખજીયાર ■ કુલુ-મનાલી ■ સીમલા
દિવસઃ ૭,૮,૧૦,૧૪
ખજીયારમાં ૧ રાત્રીનો યાદગાર મુકામ
9930092741 / 9324210059

સિક્કિમ દાર્જીલીંગ
ગેંગટોક ■ પેલીંગ ■ લાચુંગ
ઝીરો પોઇન્ટ ■ ચાંગુ લેક
દિવસઃ ૮,૧૧
બારે મહિના નિયમીત ટુરો
7021657978 / 9833515645

ઉત્તરાખંડ
ભીમતાલ ■ મસૂરી ■ હરિદ્વાર
બિનસર ■ કોર્બેટ પાર્ક ■ નૈનિતાલ
દિવસઃ ૭,૮,૧૦
બારે મહિના નિયમીત ટુરો
9326474508 / 9769442741

દક્ષીણ ભારત
કેરાલા ■ ઉટી ■ મૈસુર ■ કૂર્ગ ■ બંદિપુર
વાયનાડ ■ મદુરાઇ ■ રામેશ્વરમ ■ કન્યાકુમારી
દિવસઃ ૮,૧૦,૧૪
બારે મહિના નિયમીત ટુરો
8928467688 / 9137890531

આસામ-મેઘાલય
અરૂણાચલ ■ તવાંગ ■ કાઝીરંગા
શિલોંગ ■ ગુવાહટી ■ દિરાંગ
દિવસઃ ૭,૮,૧૨
જાન્યુઆરી થી મે નિયમીત ટુરો
9930092741 / 9324210059

Heena® TOURS & TRAVELS
DOMESTIC & INTERNATIONAL
વધુ વિગતો માટે જુઓ અમારી વેબ સાઇટઃ www.heenatours.in
303-305, એમ.એલ.સ્પેસ, જૈન દેરાસર સામે, સ્ટેશન રોડ, વિલે પાર્લે (વે), મુંબઇ - ૪૦૦ ૦૫૬.
વિલે પાર્લેઃ 6729 4444 / 6159 6900 ઘાટકોપરઃ 022-6729 5000
સુરતઃ 0261-2456 655 અમદાવાદઃ 079-4906 5500 પુનાઃ 8237 042741
મોટાભાઇ ૩૯ વર્ષનો અનુભવ છે!

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

મંદિરોના દાનનો રૂપિયો હિંદુઓ માટે ક્યારે વપરાશે?

અયોધ્યામાં ભગવાન રામનું મંદિર હિંદુ શ્રદ્ધાળુઓ માટે ખુલ્લું મુકાયું એ વાતને એક વર્ષ કરતાં વધારે સમય થઈ ગયો. આ એક વર્ષ દરમિયાન ભગવાન શ્રી રામના મંદિરનું સંચાલન કરવા માટે રચાયેલા ટ્રસ્ટને કેટલા રૂપિયાનું દાન મળ્યું તેના આંકડા ફરતા થયા છે. આ આંકડા પ્રમાણે અયોધ્યાના ભગવાન રામના મંદિરને એક વર્ષમાં ૭૦૦ કરોડથી વધુનું દાન મળ્યું છે. આ આંકડા એ વાતનો પુરાવો છે કે, હિંદુઓને ભગવાન રામમાં અપાર શ્રદ્ધા છે અને રામનગરી અયોધ્યામાં ભક્તોએ દિલ ખોલીને દાન આપ્યું છે. આ આંકડા પ્રમાણે ભગવાન રામના મંદિરને દરરોજની સરેરાશ બે કરોડ રૂપિયાની આવક થઈ છે.

એક માન્યતા એવી છે કે, મકાકુંભ પ્રયાગરાજને ફળ્યો એ રીતે અયોધ્યાનગરીને પણ ફળ્યો છે પણ આ માન્યતા ખોટી છે. મહાકુંભ દરમિયાન મહાપ્રયાગ આવેલા શ્રદ્ધાળુઓમાંથી મોટા ભાગના લોકો અયોધ્યામાં રામ લલાના દર્શન કરવા જતા હતા છતાં રામલલાને ૪૫ દિવસમાં ૨૦ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું. દરરોજની સરેરાશ બે કરોડ રૂપિયાની છે એ જોતાં મહાકુંભના ૪૫ દિવસમાં ઓછામાં ઓછું ૯૦ કરોડ રૂપિયાનું દાન મળવું જોઈતું હતું. ભક્તોની ભીડ વધારે હતી એ જોતાં આંકડો ૧૦૦ કરોડ રૂપિયાને પાર થવો જોઈતો હતો પણ ૨૦ કરોડ રૂપિયા જ દાન મળ્યું છે.

મહાકુંભમાં ૬૦ કરોડ લોકો ઊમટ્યાં હતાં એવું કહેવાય છે. તેમાંથી ત્રીજા ભાગનાં પણ અયોધ્યા ભગવાન રામનાં દર્શન કરવા ગયાં હોય તો ૨૦ કરોડ શ્રદ્ધાળુ થયાં. ભારતમાં સામાન્ય શ્રદ્ધાળુ પણ મંદિરમાં જાય તો યથાશક્તિ કંઈક ને કંઈક ચડાવે જ છે એ જોતાં ૨૦ કરોડ શ્રદ્ધાળુ આવ્યા છતાં ૨૦ કરોડની જ આવક થઈ એ વાત ગળે ઊતરે એવી નથી. મહાકુંભ દરમિયાન સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતા શ્રદ્ધાળુઓની સંખ્યા વધારે હોય તો પણ દરેક વ્યક્તિએ સરેરાશ ૫ રૂપિયા મંદિરની દાનપેટીમાં નાખ્યા હોય તો પણ ૧૦૦ કરોડ રૂપિયા થઈ જાય.

ખેર, આ મુદ્દે ચર્ચાનો મતલબ નથી પણ મહત્ત્વનો સવાલ એ છે કે, શ્રદ્ધાળુઓ પાસેથી મળેલું દાન ક્યાં ખર્ચાશે? ૭૦૦ કરોડ રૂપિયા બહુ મોટી રકમ છે. આ રકમમાંથી એકલા અયોધ્યાની નહીં પણ આખા અયોધ્યા જિલ્લાની કાયાપલટ કરી શકાય. અયોધ્યા જિલ્લાના દરેક ગામને નંદનવન બનાવી શકાય પણ એ રીતે આ દાનની રકમનો ઉપયોગ નહીં થાય કેમ કે આપણે ત્યાં મંદિરો હવે શ્રદ્ધાંનાં નહીં પણ ધંધાનાં કેન્દ્રો બનતાં જાય છે.

ભારતમાં મોટી તકલીફ જ એ છે કે, મંદિરોને દાનમાં કરોડો રૂપિયા મળે છે પણ એ રૂપિયાનો ઉપયોગ ના તો સ્થાનિક સ્તરે વિકાસ માટે થાય છે કે ના હિંદુઓના ભલા માટે થાય છે. હિંદુઓ જે રૂપિયો મંદિરોમાં દાનમાં આપે છે એ રૂપિયો બેંકમાં ફિક્સ્ડ ડિપોઝિટના રૂપમાં જમા થાય છે કે પછી ટ્રસ્ટીઓ તેને વાપરે છે. આ ફિક્સ્ડ ડિપોઝિટ વધતી જ જાય છે, વધતી જ જાય છે ને ટ્રસ્ટીઓ ખુશ થયા કરે છે પણ તેનો ઉપયોગ લોકકલ્યાણ માટે નથી કરાતો.

વાસ્તવમાં આ નાણાં લોકકલ્યાણ માટે વપરાવાં જોઈએ અને ખાસ તો હિંદુઓના ભલા માટે વપરાવાં જોઈએ પણ એવું થતું નથી. સોમનાથ મહાદેવનું મંદિર હોય, તિરૂપતિ મંદિર હોય કે બીજું કોઈ પણ મંદિર હોય, દાનની રકમમાંથી ટ્રસ્ટો તગડાં થાય છે, બીજા કોઈની હાલત સુધરતી નથી. બાકી મંદિરોને જે દાન મળે છે તેમાંથી આખા વિસ્તારની કાયાપલટ કરી શકાય પણ આ દેશમાં મોટું મંદિર ધરાવતું કોઈ શહેર, નગર કે ગામ વિકાસનું મોડલ બન્યું એવું જોયું? દાનમાંથી ભારતીય સંસ્કૃતિ પ્રમાણેનાં આદર્શ ગામોનું નિર્માણ થઈ શકે પણ એવું પણ જોયું ? મોટાં તીર્થસ્થાનોમાં પ્રવેશતાં જ માનસિક રાહતનો અહેસાસ થવો જોઈએ પણ એવું ક્યાંય જોયું ?

ભગવાનના મંદિરે આવનારાં લોકો નચિંત બનીને આવે ને ભગવાનનાં દર્શન કરે એવું હોવું જોઈએ પણ એવું પણ ક્યાંય જોવા નથી મળતું. બીજું બધું તો છોડો પણ કરોડો રૂપિયાની આવક હોવા છતાં લગભગ તમામ મંદિરો પ્રસાદનો પણ ધંધો માંડીને બેસી ગયાં છે. ભગવાનના દર્શને આવતાં લોકોને મફતમાં પ્રસાદ પણ નથી અપાતો તેના કરતાં વધારે કૃપણતા કઈ કહેવાય ?

મંદિરોમાં આવતાં દાનની એફડી કરવી કે રૂપિયો સંઘરી રાખવાની માનસિકતા દયનીય છે ને એક રીતે ભગવાનમાં આપણને શ્રદ્ધા નથી એવું બતાવે છે. સામાન્ય લોકો પોતાના બચત કરે છે કેમ કે તેમને ભવિષ્યની ચિંતા હોય છે. સામાન્ય લોકો રૂપિયા ફિક્સ્ડ ડિપોઝિટમાં મૂકે છે કે જેથી ઘડપણમાં કામ આવે પણ ભગવાનના મંદિરે શાના માટે એફડી કરવી જોઈએ કે બચત પણ કરવી જોઈએ? ભગવાનના મંદિરે પણ ભવિષ્યની ચિંતા કરવી પડે? ખરેખર તો ના જ કરવાની હોય કેમ કે હજાર હાથવાળો બેઠો છે પછી બધી ચિંતા એ જ કરશે, આપણે શું કરવા ચિંતા કરવાની? ગમે તેટલો ખર્ચ કરવાનો આવે તો પણ ભગવાન બેઠા હોય પછી રૂપિયા ક્યાંથી આવશે એ વિચાર કરવાનો જ ના હોય. જે પણ આવક થાય એ લોકોના ભલા માટે વાપરવાની હોય પણ મંદિરોનાં ટ્રસ્ટો એવું નથી કરતાં તેનું કારણ કદાચ તેમના પોતાના ભવિષ્યની ચિંતા છે.

હિંદુ ધર્મ સામે અત્યારે એક મોટો ખતરો ધર્માંતરણનો છે. ખ્રિસ્તી મિશનરીઝ વિદેશમાંથી આવતા કરોડો રૂપિયાના જોરે મોટા પાયે ધર્માંતરણ કરાવે છે. યુવકોને બાઈક, પરિવારોને ઘર, નોકરી વગેરે આપીને મિશનરીઝ લોભાવે છે ને હિંદુઓને વટલાવે છે. હિંદુઓમાં સાવ ગરીબ લોકો આ લાલચોમાં આવીને ધર્મપરિવર્તન કરે છે. આપણાં મંદિરો પાસે કરોડો રૂપિયા છે એ જોતાં એ લોકો પણ આ બધું કરીને ગરીબ હિંદુ પરિવારોને હિંદુત્વ સાથે જોડાયેલા રાખી શકે પણ કોઈ મંદિરથી રૂપિયો છૂટતો નથી.

હિંદુઓમાં ગરીબી, બેરોજગારી સહિતની બહુ બધી સમસ્યાઓ છે પણ મંદિરોમાં આવતો રૂપિયો કદી તેના માટે વપરાતો જ નથી. ગરીબ પરિવારનાં સંતાનોને ભણવા માટે તમામ મદદ, બેરોજગાર યુવકોને રોજગાર માટે મદદ, બહેન-દીકરીઓને આત્મનિર્ભર બનાવવા માટે મદદ મંદિર કરે છે ? કયું મંદિર દાનમાં મળેલા તમામ રૂપિયા હિંદુઓના કલ્યાણ માટે વાપરી નાખે છે ?

અયોધ્યાના રામમંદિરનું ટ્રસ્ટ આ પહેલ કરીને નવો ચીલો ચાતરી શકે. ખાલી વાતો કરવાથી રામરાજ આવતું નથી. તેના માટે લોકોને મદદ કરવી પડે, રૂપિયા ખર્ચવા પડે. ■

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, મંગળવાર, તા. ૮-૪-૨૦૨૫, કામદા એકાદશી (લવિંગ)

- ભારતીય દિનાંક ૧૮, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ -૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ સુદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૦મો,માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર આશ્લેષા સવારે ક. ૦૭-૫૪ સુધી, પછી મઘા
- ચંદ્ર કર્કમાં સવારે ક. ૦૭-૫૪ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૭, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ઼

- ભરતીઃ સવારે ક. ૦૯-૩૧, રાત્રે ક. ૨૧-૫૮
- ઓટઃ બપોરે ક. ૧૫-૩૧, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૨૬ (તા. ૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર શુક્લ - એકાદશી. કામદા એકાદશી (લવિંગ), શ્રી વલ્લભાચાર્ય વધાઈ, ભદ્રા સવારે ક. ૦૮-૩૩થી ક. રાત્રે ક. ૨૧-૧૪.
- શુભાશુભ દિનશુદ્ધિઃ ઉપનયન,સર્વદેવ પ્રતિષ્ઠા. સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી ગણેશ, વિષ્ણુ-લક્ષ્મી, સત્યનારાયણ દેવતાનું પૂજન, ભગવાન સૂર્યનારાયણનું વિશેષરૂપે પૂજન, એકાદશી વ્રત ઉપવાસ, આશ્લેષા, મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, સર્વશાંતિ પૂજા, વડનું પૂજન, પિતૃપૂજન, મંગળ-કેતુ ગ્રહદેવતાનું પૂજન, મુંડન કરાવવું નહીં, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, નિત્ય થતાં ઘર-ખેતર જમીન સ્થાવર લેવડદેવડના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અણધાર્યા ફેરફારો આવે, મંગળ-રાહુ ત્રિકોણ દઢ નિશ્ચયી
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, મંગળ-રાહુ ત્રિકોણ (તા. ૯)
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, માર્ગી મંગળ-કર્ક, માર્ગી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર ■

અમિત શાહે જમ્મુ અને કાશ્મીરના કઠુઆમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર ફોરવર્ડ પોસ્ટની મુલાકાત લીધી

જમ્મુઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, હાલમાં જમ્મુ અને કાશ્મીરના ત્રણ દિવસના પ્રવાસ પર છે, સોમવારે, તેમણે કઠુઆ જિલ્લામાં ભારત-પાકિસ્તાન સરહદે બીએસએફની ફોરવર્ડ પોસ્ટની મુલાકાત લીધી હતી, જ્યાં છેલ્લા પખવાડિયાથી પાકિસ્તાની આતંકવાદીઓ સામે મોટા પાયે ઓપરેશન ચાલી રહ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે શાહે બપોરે જમ્મુથી કઠુઆના હીરાનગર સેક્ટરમાં હેલિકૉપ્ટરમાં ઉડાન ભરી હતી અને બાદમાં જમીનની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે તેમને બોર્ડર સિક્યુરિટી ફોર્સની ચોકી 'વિનય'માં લઈ જવામાં આવ્યા હતા.બીએસએફના ડીજીપી દલજીત સિંહ ચૌધરી, જેકેનાં ડીજીપી નલીન પ્રભાત અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ, જેમાં બીએસએફ, જમ્મુ ફ્રન્ટિયરના ડીજીપી શશાંક આનંદ અને જમ્મુ ઝોનના ડીજીપી ભીમ સેન તુટીએ ગૃહ પ્રધાનનું સ્વાગત કર્યું હતું, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

રવિવારે સાંજે જમ્મુ પહોંચીને શાહે અને ભાજપના ધારાસભ્યો અને પદાધિકારીઓ સાથે બંધ બારણે બેઠક કરી હતી. અધિકારીઓએ જણાવ્યું કે શાહની મુલાકાતને કારણે પોલીસ અને સુરક્ષા દળોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. કઠુઆ જિલ્લાના જંગલ વિસ્તારમાં ૨૩ માર્ચથી આતંકવાદીઓને શોધવા એક વિશાળ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. ૨૭ માર્ચે જિલ્લામાં ભીષણ ગોળીબારમાં ચાર પોલીસકર્મી અને બે આતંકવાદી માર્યા ગયા હતા.

શાહ કઠુઆથી પરત ફર્યા પછી જમ્મુના રાજભવનમાં જમ્મુ અને કાશ્મીર પોલીસના શહીદ કર્મચારીઓના પરિવારના સભ્યોને મળવાના છે અને કરુણાના આધારે પસંદ કરાયેલા કેટલાકને નિમણૂક પત્રો આપવાના છે.

ગયા વર્ષે ઓક્ટોબરમાં નેશનલ કોન્ફરન્સની સરકાર બન્યા બાદ કેન્દ્રશાસિત પ્રદેશમાં શાહની આ પ્રથમ મુલાકાત છે. ■

બિહારમાં રાહુલ ગાંધી કૉંગ્રેસ પદયાત્રામાં જોડાશે

પટનાઃ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સોમવારે બિહારના બેગુસરાય જિલ્લામાં પાર્ટીની ચાલી રહેલી 'પલાયન રોકો, નોકરી આપો' પદયાત્રામાં જોડાશે.

રાહુલ ગાંધી પદયાત્રામાં જોડાયા બાદ બેગુસરાઇથી પટના પાછા ફરશે અને સંવિધાન સુરક્ષા સંમેલન(સંવિધાન બચાવો પરિષદ)ને સંબોધશે. ત્યારબાદ તેઓ પટનામાં બિહાર કૉંગ્રેસ કાર્યાલય સદાકત આશ્રમ જશે અને પાર્ટી કાર્યકરોને સંબોધશે. જાન્યુઆરી બાદ રાહુલ ગાંધીની આ ત્રીજી બિહાર મુલાકાત હશે. જ્યારે તેમણે પક્ષના કાર્યકરોને આ વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને 'વૈચારિક રીતે હરાવવા'નો આગ્રહ કર્યો હતો.

રાયબરેલીના સાંસદે રવિવારે એક્સ પર એક મિનિટનો વીડિયો સંદેશ શેર કર્યો હતો. જેમાં બિહારના યુવાનોને સફેદ ટી-શર્ટ પહેરીને બેગુસરાયમાં પદયાત્રામાં જોડાવા વિનંતી કરી હતી. ■

મોંઘવારીનો મારઃ એલપીજી ગૅસ ૫૦ રૂપિયા મોંઘો થયો

નવી દિલ્હીઃ સોમવારે મોંઘવારીએ દેશને જોરદાર લપડાક મારી હતી. એલપીજી સિલિન્ડરના ભાવમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. સરકારે ૧૪ કિલોના રાંધણ ગૅસના સિલિન્ડરના ભાવમાં ૫૦ રૂપિયાનો વધારો કર્યો છે. હવે ઉજ્જવલા યોજના હેઠળ મળતા ગૅસ સિલિન્ડરના ભાવ ૫૦૩ રૂપિયાથી વધીને ૫૫૩ રૂપિયા થશે, જ્યારે આ યોજના ન ધરાવતા સામાન્ય ગ્રાહકોને ગૅસ સિલિન્ડર માટે ૮૦૩ રૂપિયાને બદલે ૮૫૩ રૂપિયા આપવા પડશે. નવા ભાવ મંગળવાર, આઠ એપ્રિલથી લાગુ પડશે.

પેટ્રોલિયમ મિનિસ્ટર હરદીપ સિંહ પુરીએ પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે ગૅસના આંતરરાષ્ટ્રીય ભાવ વધી રહ્યા છે અને આપણે ત્યાં કિંમત ઘટી રહી છે. આથી અમે નિર્ણય લીધો કે રાંધણ ગૅસનો ભાવ ૫૦ રૂપિયા વધારવામાં આવે. અમે આગામી દિવસોમાં એની સમીક્ષા કરીશું. આપણે રાંધણ ગૅસની બાબતે ઘણા આગળ વધી ગયા છે. હવે આપણી પાસે ઉજ્જવલા યોજના પણ છે જેના ૧૦ કરોડ લાભાર્થી છે. આપણા ભાઈ બહેનોને લાકડી, ગોબર અને અન્ય ચીજોથી મુકતિ મળી છે. અહીં ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજવા હેઠળ ગરીબ મહિલાઓને મફત એલપીજી ગૅસ આપવામાં આવે છે. છેલ્લે ઓગસ્ટ ૨૦૨૪માં ૧૪.૨ કિલોના સિલિન્ડરના ભાવમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. જોકે કમર્શિયલ ગૅસના ભાવમાં સતત ફેરફાર થાય છે. આઈઓસીએલના જણાવ્યા પ્રમાણે દિલ્હીમાં રાંધણ ગૅસનો ભાવ હાલમાં ૮૦૩ રૂપિયા છે. મુંબઈમાં આનો ભાવ ૮૦૨.૫૦ રૂપિયા અને કોલકાતામાં આનો ભાવ ૮૨૯ રૂપિયા છે. ચેન્નઈમાં એનો ભાવ ૮૧૮.૫૦ રૂપિયા છે.

સરકારે પેટ્રોલ-ડીઝલ પરની આબકારી જકાતમાં બે રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય સોમવારે લીધો હતો. જોકે આનો બોજો ઉપભોક્તા પર નહીં પડે. ■

બંગાળની શાળાઓમાં નોકરી ગુમાવનારાઓને નોકરી આપીશઃ મમતા

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ સોમવારે સુપ્રીમ કોર્ટના આદેશને પગલે શાળાની નોકરી ગુમાવનારા પાત્ર ઉમેદવારોને સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી હતી અને, ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની સરકાર ખાતરી કરશે કે તેઓ બેરોજગાર ન રહે અથવા સેવામાં વિરામ ન આવે.

સર્વોચ્ચ અદાલતે ૩ એપ્રિલના રોજ બંગાળમાં રાજ્ય સંચાલિત અને સહાયિત શાળાઓમાં ૨૫૭૫૩ શિક્ષક અને કર્મચારીની નિમણૂકને અમાન્ય ઠેરવી હતી, અને સમગ્ર પસંદગી પ્રક્રિયાને 'નિંદિત અને કલંકિત' ગણાવી હતી.

બેનર્જીએ અહીં અસરગ્રસ્ત ઉમેદવારો અને શાળાના કર્મચારીઓ સાથેની બેઠકમાં જણાવ્યું હતું કે, ''હું તેઓની પડખે રહીશ જેમણે અન્યાયી રીતે તેમની નોકરી ગુમાવી છે. અન્ય લોકો શું વિચારે છે તેની મને પરવા નથી. હું તમારું ગૌરવ પુનઃસ્થાપિત કરવા માટે બધું જ કરીશ.''

''પાત્ર ઉમેદવારોને સેવામાં કોઈ વિરામનો સામનો કરવો ન પડે તે સુનિશ્ચિત કરવા માટે અમારી પાસે અલગ યોજનાઓ છે. અમે તેમને બેરોજગાર રહેવા દઈશું નહીં.''

રાજ્ય સરકાર સુપ્રીમ કોર્ટના ચુકાદાનો આદર કરે છે તેનો પુનરોચ્ચાર કરતા બેનર્જીએ કહ્યું કે વહીવટીતંત્ર ''અત્યંત કાળજી અને ન્યાયીતા'' સાથે પરિસ્થિતિને સંભાળવા માટે સક્રિય પગલાં લઈ રહ્યું છે.

મુખ્ય પ્રધાને એવો પણ દાવો કર્યો હતો કે શાળાની નોકરીની નિમણૂકોમાં વિસંગતતાઓનો ઉલ્લેખ કરીને તેનું નામ કંઈક એવી બાબતમાં ખેંચવામાં આવી રહ્યું છે કે જેના વિશે ''મને કોઈ લેવાદેવા નથી''.

બેનર્જીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ''શાળામાં નોકરી ગુમાવનારા લોકો સાથે ઊભા રહેવા બદલ જો કોઈ મને દંડ કરવા માગે તો હું જેલમાં જવા માટે પણ તૈયાર છું.''

તેમણે વિરોધ પક્ષ ભાજપ અને સીપીઆઈ(એમ)ના સ્પષ્ટ સંદર્ભમાં આક્ષેપ કર્યો હતો કે ''આ સમગ્ર શિક્ષણ પ્રણાલીને તોડવાનું ષડયંત્ર છે. કેટલાક લોકો દ્વારા એક ગંદી રમત રમાઈ રહી છે''. ■

પાકિસ્તાનમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરતા આઠ આતંકી ઠાર

પેશાવરઃ પાકિસ્તાનનાં સુરક્ષા દળોએ દેશના અશાંત ખૈબર પખ્તુનખ્વાના ઉત્તર વઝિરિસ્તાન જિલ્લામાં પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પર ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા આઠ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. જ્યારે ચાર ઘાયલ થયા હતા. આ જાણકારી સેનાની મીડિયા શાખાએ આપી હતી.

પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન(ટીટીપી) દ્વારા નવેમ્બર, ૨૦૨૨માં સરકાર સાથે યુદ્ધવિરામ સમાપ્ત કર્યા બાદ પાકિસ્તાનમાં છેલ્લા એક વર્ષમાં ખાસ કરીને ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાનમાં આતંકવાદી પ્રવૃતિઓમાં વધારો જોવા મળ્યો છે.

ઇન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ(આઇએસપીઆર)એ રવિવારે એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું કે ૫-૬ એપ્રિલની મધરાતે સુરક્ષા દળોએ ઉત્તર વઝિરિસ્તાનના હસન ખેલના સામાન્ય વિસ્તારમાં પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદે ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા ખ્વારીજના એક જૂથની હિલચાલ પકડી પાડી હતી. તેમાં જણાવાયું છે કે ભીષણ ગોળીબાર બાદ આઠ આતંકવાદીઓ માર્યા ગયા હતા અને ચાર ઘાયલ થયા હતા. નિવેદનમાં જણાવાયું છે કે આ વિસ્તારમાં મળી આવતા કોઇ પણ ખારજીનો ખાતમો કરવા માટે સફાઇ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. આ નિષ્ફળ ઘૂસણખોરીનો પ્રયાસ ઉત્તર વઝિરિસ્તાનમાં માર્ચના અંતમાં થયેલા ઘૂસણખોરીના બીજા પ્રયાસ બાદ થયો છે. સુરક્ષા દળોએ તે પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો અને ૧૬ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. ■

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ભયાનક રોડ અકસ્માતઃ મહિલાઓ અને બાળકો સહિત ૧૧નાં મોત

લાહોરઃ પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં એક રોડ અકસ્માતમાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૧૧ મુસાફરોનાં મોત થયાં છે. સોમવારે એક અધિકારીએ આ માહિતી આપી હતી. ઇમરજન્સી રેસ્ક્યુ સર્વિસ ૧૧૨૨ના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, રવિવારે રાત્રે જરાનવાલામાં એક પેસેન્જર બસ અને ત્રણ પૈડાવાળા વાહન વચ્ચે અકસ્માત થયો હતો. પ્રવક્તાએ જણાવ્યું હતું કે બસ જરાનવાલાથી લાહોર જઈ રહી હતી ત્યારે તે એક થ્રી-વ્હીલર સાથે અથડાઈ અને રસ્તા પરથી ઊતરી ગઇ હતી. તેમણે કહ્યું હતું કે ''આઠ મુસાફરોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં જ્યારે ૧૦ ઘાયલોને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ત્રણનાં મોત થયાં હતાં. તેમાંથી ત્રણની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. તેમણે કહ્યું કે મૃતકોમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. ■

પહેલા પાનાનું ચાલુ

ટ્રમ્પના ટેરિફથી

કડાકો બોલાવી અંતે ૧૩.૫૦ ટકાના તોતિંગ કડાકા સાથે ૧૯,૭૭૧ની સપાટીને અથડાયો હતો. હેંગસેંગમાં ૨૦૦૮ પછી પહેલી વાર આટલો તીવ્ર ઇન્ટ્રા-ડે કડાકો નોંધાયો છે.

જ્યારે શાંઘાઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ ૭.૩૦ ટકાના કડાકા સાથે ૩૦૯૬.૫૮ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો. તાઇવાનનો વેઇટેડ ઇન્ડેક્સ લગભગ ૧૧ ટકા તૂટ્યો છે, જે તેનો અત્યાર સુધીનો સૌથી મોટો કડાકો છે. તાઇએક્સમાં ૯.૭૦ ટકાનો કડાકો હતો.

શેરબજારમાં કડાકાની તીવ્રતા પાછલા સત્ર એટલે કે શુક્રવારથી વધી હતી, હવે સવાલ એ છે કે આગળ શું થશે? બજારના પીઢ નિરીક્ષકો હવે ટૂંકા ગાળાના ફુગાવાનાં જોખમો કરતાં મંદીના ભયને વધુ ચિંતાપ્રેરક પરિબળ ગણી રહ્યાં છે.

હાલ માર્ચ માટેના આગામી યુ.એસ. સીપીઆઇ ડેટામાં ૦.૩ ટકાનો સાધારણ વધારો થવાની ધારણા છે, પરંતુ વિશ્લેષકો એવી આશંકા કરે છે કે તાજેતરમાં લાદવામાં આવેલી ટેરિફ ઇન્ફલેશનને વધુ વકરાવશે અને અર્થતંત્રને મંદી તરફ દોરી જશે.

માર્કેટ એનાલિસ્ટ એવી ચિંતા પણ વ્યક્ત કરી રહ્યાં છે કે, નેસ્ડેકે સત્તાવાર રીતે બેર માર્કેટમાં પ્રવેશ કરી દીધો છે અને હવે સ્થાનિક સ્તરે નિફ્ટી ઇન્ડેક્સ જો વધુ ૧૦૦૦ પોઇન્ટ ગુમાવશે તો તે પણ ટેક્નિકલ ધોરણે મંદીમાં ફસડાઇ જશે.

આ મંદીનું વાવાઝોડું બજારને એકાદ મહિના જેવા સમય સુધી સ્થિર થવા દે એવું જણાતું નથી. ટૂંકા ગાળાનો ટ્રેન્ડ અત્યંત અસ્પષ્ટ હોવાથી બજારના ખેલાડીઓએ સાવચેત રહેવાની આવશ્યકતા છે. ■

જમ્મુ અને કાશ્મીરમાં

પણ આગ લાગવાની ઘટના સતત બની છે.

એ જ પ્રમાણે જમ્મુમાં રાજૌરી, રામવન, રિયાસી, ડોડા અને પૂંછ જિલ્લામાં આગ લાગવાની ઘટના ખાસ કરીને પહેલી એપ્રિલ પછી વારંવાર બની છે.

જમ્મુ અને કાશ્મીર ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા પ્રમાણે જમ્મુ અને કાશ્મીર બન્નેમાં બે સક્રિય અગ્નિની એલર્ટ છે. આમાથી એક અત્યાધિક પ્રકૃતિની છે અને ૧૦ એપ્રિલ ૨૦૨૫ સુધી ટકશે.

આ એલર્ટમાં કહેવામાં આવ્યું છે કે આગામી સાત દિવસમાં પુરમંડળ અને કઠુઆની પાસેના વનક્ષેત્રમાં દાવાનળનું જોખમ છે. લોકોને કટોકટીના સમયે મદદ માટે ૧૧૨ નંબર પર ફોન કરવા કહેવામાં આવ્યું છે.

અધિકારીઓના જણાવ્યા પ્રમાણે બીજી એલર્ટમાં રાજવાલ્ટા, કાલાકોટ, સાંબા, કઠુઆ અને લખનપુરની પાસેના વનમાં પણ આગ લાગવાનું જોખમ છે.

દાવાનળના વધતા જોખમ વચ્ચે અધિકારીઓએ વનની આગ રોકવા શું કરવું અને શું ન કરવું એની રૂપરેખા બહાર પાડી છે. આગને અંદર આવતા રોકવા બારી, વેંટ અને બીજી ખુલ્લી જગ્યા બંધ કરવાની સૂચના દેવામાં આવી છે. ગાઈડલાઈનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જાનવરો અને કિંમતી સામાનને સલામત સ્થળે લઈ જાવ.

સાહસિક ગતિવિધિઓ બાદ એની ખાતરી કરો કે કોઈ પણ તાપણું કે જ્યોત દેખરેખ વિના ન છૂટી જાય. આગ લાગે ત્યારે ન કરવાની બાબતમાં વનક્ષેત્ર પાસે સિગારેટ ન પીઓ અને ઓચિંતી લાગેલી આગથી બચો.

જંગલમાં આગ લાગી હોય ત્યારે જંગલમાં પ્રવેશવાનું ટાળો. આગ રોકવાના અને તૈયારીના ઉપાયોના સંબંધમાં જિલ્લા અગ્નિશમનસેવાઓ અને વન અધિકારીઓના ઈમરજન્સી ટેલિફોન નંબર હાથવગા રાખવાનું કહેવામાં આવ્યું છે.

માર્ગદર્શિકામાં કહેવામાં આવ્યું છે કે દેખરેખ વિનાની અને અનિયંત્રિત આગના કેસમાં અધિકારીઓને તરત જ આગની સૂચના આપો. વનક્ષેત્રની આગ કદી દેખરેખ વિના ન છોડી શકાય.

આગ લાગે તો ખાલી કરવાની માર્ગદર્શિકામાં કહેવામાં આવ્યું છે કે સક્રિય વનની આગની સ્થિતિમાં સ્થાનિક અધિકારીઓની સૂચના મળે તો એ ક્ષેત્ર તરત છોડી દો. પ્રસરેલી જ્વાળા અને રાખ થી પોતાને બચાવો. પશુઓ અને ઢોરને સુરક્ષિત રીતે ભાગે એ માટે તેમને મુક્ત કરવા જોઈએ.

ઘરથી નીકળતા પહેલાં ઘરમાંથી લાકડી, યાર્ડનો કચરો, ઈંધણનો ડબ્બો અને ગૅસ સિલિન્ડર જેવી જ્વલનશીલ સામગ્રીને હટાવવાની સૂચના છે.

ગાઈડલાઈનમાં કહેવામાં આવ્યું છે કે આગથી બચવાની કોશિશ કરો. તળાવ અને નદી નજીક હોય તો ત્યાં શરણ લો. આજુબાજુ પાણી નથી તો વનસ્પતિવાળા ખાડામાં સુઈ જાઓ. શરીરને ભીના કપડાં ધાબળા કે માટીથી ઢાંકી લો. ધુમાડાથી બચવા નરમ કપડામાંથી શ્વાસ લો. ■

વક્ફ કાયદા પર

અને ભેદભાવપૂર્ણ છે. મુસ્લિમ બોર્ડે અરજીમાં જણાવ્યું હતું કે વક્ફ બોર્ડ કાયદામાં આ સુધારા ભારતીય બંધારણની કલમ ૨૫ અને ૨૬નું ઉલ્લંઘન કરે છે, જે ધાર્મિક સ્વતંત્રતા અને ધાર્મિક સંસ્થાઓના સંચાલનના અધિકારને સુનિશ્ચિત કરે છે.

બોર્ડે એવો પણ આરોપ લગાવ્યો હતો કે આ નવો કાયદો મુસ્લિમોને તેમના મૂળભૂત અધિકારોથી વંચિત કરે છે અને વક્ફના વહીવટ પર સંપૂર્ણ નિયંત્રણ લેવાનો સરકારનો ઈરાદો દર્શાવે છે. વધુમાં વક્ફ બોર્ડના સભ્યોને મુસ્લિમ તરીકે પસંદ કરવાની જરૂરિયાતનો પણ વિરોધ કરવામાં આવ્યો છે, જે ઇસ્લામિક શરિયા સિદ્ધાંતો અને ભારતીય બંધારણની વિરુદ્ધ છે.

એટલું જ નહીં, એઆઇએમપીએલબીએ આ કાયદાને ભેદભાવપૂર્ણ અને બંધારણની કલમ ૧૪ વિરુદ્ધ ગણાવ્યો છે, કારણ કે હિન્દુ, શીખ, ખ્રિસ્તી, જૈન અને બૌદ્ધ જેવા અન્ય ધાર્મિક સમુદાયોને આપવામાં આવેલા અધિકારો મુસ્લિમ વક્ફ અને અવાક્ફને આપવામાં આવતા નથી. બોર્ડે આ વિવાદાસ્પદ સુધારાઓને રદ કરવા અને મુસ્લિમ લઘુમતીઓના અધિકારોનું રક્ષણ કરવા સુપ્રીમ કોર્ટને અપીલ કરી છે.

નોંધનીય છે કે આ પહેલા સુપ્રીમ કોર્ટની બેન્ચે આ કાયદા વિરુદ્ધ જમિયત ઉલેમા-એ-હિંદ, એઆઇએમઆઇએમ નેતા અસદુદ્દીન ઓવૈસી, કૉંગ્રેસ સાંસદ મોહમ્મદ જાવેદ, આપ ધારાસભ્ય અમાનતુલ્લા ખાન અને અન્ય દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર તાત્કાલિક સુનાવણી માટે સહમતી આપી હતી. ■

છત્તીસગઢમાં

શરણે થયેલા નક્સલવાદીઓમાંથી રાજેશ કશ્યપ આમદાઈ એરિયાના જનમિલિટા કમાન્ડર તરીકે સક્રિય હતો અને તેના માથા પર ત્રણ લાખ રૂપિયાનું ઈનામ હતું, જયયષત જનતાના સરકાર સ્કવોડના વડા કોસા માંડવીના માથા પર એક લાખ રૂપિયાનું અને સીએનએમના સભ્ય છોટુ કુનજામના માથા પર ૫૦,૦૦૦ રૂપિયાનું ઈનામ હતું. અધિકારીએ કહ્યું હતું કે શરણાગતિમાં સીઆરપીએફની ૧૧૧મી, ૧૯૫મી, ૨૩૦મી અને ૨૩૧ બટાલિયન અને સ્થાનિક ઈન્ટેલિજન્સ યુનિટે ભૂમિકા ભજવી હતી. આ સાથે જૂન ૨૦૨૦માં શરૂ કરાયેલી 'લોન વરાટુ' (ગોંડી ભાષામાં વપરાતો શબ્દપ્રયોગ જેનો અર્થ થાય છે કે તમે તમારા ઘર કે ગામમાં પાછા ફરો છો) ઝુંબેશ હેઠળ ૯૫૩ નક્સલવાદીઓએ હથિયાર હેઠાં મુક્યાં છે. આમાંથી ૨૨૪ના માથા પર ઈનામ હતું.

૨૦૨૪માં ૭૯૨ નક્સલવાદીઓએ દંતેવાડા સહિતના સાત જિલ્લાના બનેલા બસ્તરમાં શરણાગતિ સ્વીકારી હતી. (એજન્સી)

કુણાલ કામરા હાઈ કોર્ટમાં

વીડિયો કોન્ફરન્સ દ્વારા પોલીસ પૂછપરછ કરે એવી અરજી

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની કથિત ઠેકડી ઉડાવતા શો માટે પોલીસ દ્વારા નોંધવામાં આવેલી એફઆઇઆર સામે સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાએ હાઇ કોર્ટમાં ધા નાખી હતી તથા તેની સામેની એફઆઇઆર રદ કરવાની માગણી પણ કરી હતી.

વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના નાગરિકોના બંધારણીય અધિકાર પર આ તરાપ મારવા જેવું છે, એમ કામરાએ અરજીમાં જણાવ્યું હતું અને સવાલ કર્યો હતો કે રાજકીય વિકાસ અને નેતાઓના કાર્ય પર ટિપ્પણી કરવાનો કોઇ પણ વ્યક્તિનો અધિકાર આ રીતે ગુનાહિત થઇ શકે છે?

શિવસેનામાં ભંગાણ અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના છોડીને શિંદેએ ૨૦૨૨માં મુખ્ય પ્રધાન તરીકેના શપથ લીધા એના પર ટિપ્પણી કરવામાં આવી હતી, એમ તેણે પોતાની અરજીમાં જણાવ્યું હતું.

કામરાએ દાવો કર્યો હતો કે તેને આ શો બાદ જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે તેથી પોલીસ દ્વારા વીડિયો કોન્ફરન્સથી તેની પૂછપરછ કરવામાં આવે એવી માગણી તેણે પોતાની અરજીમાં કરી હતી. આ સિવાય તેના વકીલોએ કોર્ટ સમક્ષ ઝડપી સુનાવણીની માગણી કરી હતી.

કામરાના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે તેને મદ્રાસ હાઇ કોર્ટ તરફથી સોમવાર સુધી વચગાળાની રાહત આપવામાં આવી હતી, તેમ છતાં મુંબઈ પોલીસ તેને હાજર રહેવા માટે વારંવાર સમન્સ પાઠવી રહ્યા છે. કોર્ટે સુનાવણી મંગળવાર સુધી મુલતવી રાખી હતી.

ઉલ્લેખનીય છે કે કામરાએ તેના શોમાં શિંદેનું નામ લીધા વગર એક હિંદી ગીત 'દિલ તો પાગલ હૈ' રજૂ કર્યું હતું જેમાં તેણે શિંદે માટે 'ગદ્દાર' જેવો શબ્દનો ઉપયોગ કર્યો હતો. (પીટીઆઇ)■

સગર્ભા મહિલાનું મૃત્યુ

પુણેની હોસ્પિટલે એડવાન્સ માગીને ધોરણોનું ઉલ્લંઘન કર્યુંઃ તપાસ સમિતિ

પુણેઃ પુણેની દીનાનાથ મંગેશકર હોસ્પિટલ દ્વારા ૧૦ લાખ રૂપિયાની ડિપોઝિટ ન ભરવા માટે દાખલ કરવાનો ઇનકાર કરાયેલી ગર્ભવતી મહિલાના મૃત્યુની તપાસ કરી રહેલી સમિતિના અહેવાલમાં એવું તારણ કાઢવામાં આવ્યું છે કે સંસ્થા દ્વારા ચેરિટેબલ હોસ્પિટલોને કટોકટીના કેસોમાં અગાઉ ચુકવણીની માગણી કરવાથી પ્રતિબંધિત કરનારા ધોરણોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.

રાજ્યના આરોગ્ય વિભાગના જોઈન્ટ ડિરેક્ટર ડો. રાધાકિશન પવારની આગેવાની હેઠળની ચાર સભ્યોની સમિતિએ સોમવારે પુણે પોલીસને પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો.

ભાજપના વિધાનસભ્ય અમિત ગોરખેના અંગત સચિવેની પત્ની તનિષા ભીસેને ૧૦ લાખ રૂપિયાની ડિપોઝિટ ન ચૂકવવા બદલ સૌપ્રથમ દીનાનાથ મંગેશકર હોસ્પિટલમાં દાખલ કરવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, જોડિયા પુત્રીઓને જન્મ આપ્યા બાદ તેનું અન્ય હૉસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

રાજ્ય સરકારે ગયા અઠવાડિયે રાજ્ય આરોગ્ય વિભાગના જોઈન્ટ ડિરેક્ટર હેઠળની સમિતિને આ ઘટનાની તપાસનો આદેશ આપ્યો હતો.

સમિતિના અહેવાલમાં જણાવાયું છે કે, 'બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટના અસરકારક અમલ માટે ચેરિટેબલ હોસ્પિટલો દ્વારા અનુસરવામાં આવતી યોજના મુજબ, કટોકટીની સ્થિતિમાં તેઓએ દર્દીને તાત્કાલિક દાખલ કરી લેવો જોઈએ અને સ્થિરતા સુધી જીવન બચાવનાર કટોકટી સારવાર માટે આવશ્યક તબીબી સુવિધાઓ પૂરી પાડવી જોઈએ.'

તેમાં એવો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે કે ચેરિટેબલ હોસ્પિટલે કટોકટીની સ્થિતિમાં દર્દીને દાખલ કરવાના કિસ્સામાં ડિપોઝિટ માગવી જોઈએ નહીં.

રિપોર્ટમાં જણાવાયું છે કે દીનાનાથ મંગેશકર હોસ્પિટલે આ ધોરણોનું ઉલ્લંઘન કર્યું છે અને ચેરિટી કમિશનરને પગલાં લેવાની ભલામણ કરવામાં આવી છે. તેમાં નોંધવામાં આવ્યું છે કે હોસ્પિટલે તેના અહેવાલમાં જણાવ્યું છે કે દર્દી જે સાડા પાંચ કલાકથી તેમના પરિસરમાં હતો તે મેનેજમેન્ટને જાણ કર્યા વિના જતો રહ્યો હતો.

'જોકે, મહારાષ્ટ્ર નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ મુજબ હોસ્પિટલ માટે દર્દીની નાણાકીય ક્ષમતા વિશે વિચાર્યા વિના 'ગોલ્ડન અવર્સ ટ્રીટમેન્ટ' પૂરી પાડવી હિતાવહ છે. હોસ્પિટલ માટે દર્દીને વધુ સારવાર માટે રેફર કરેલી હોસ્પિટલમાં લઈ જવાની વ્યવસ્થા કરવી પણ હિતાવહ છે. જોકે, ઉપરોક્ત ધોરણોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે,' એમ પેનલે રિપોર્ટમાં નોંધ્યું છે.■

ગાયનેકોલોજિસ્ટ ડૉ. ઘૈસાસનું રાજીનામું

૧૦ લાખ રૂપિયાની ડિપોઝિટ ન ચૂકવવાને કારણે ગર્ભવતી મહિલાના મૃત્યુના કારણે ટીકાનો સામનો કરી રહેલી પુણેની દીનાનાથ મંગેશકર હોસ્પિટલના એક કન્સલ્ટિંગ ગાયનેકોલોજિસ્ટ ડૉ. સુશ્રુત ઘૈસાસે રાજીનામું આપી દીધું છે, એમ હોસ્પિટલે સોમવારે જણાવ્યું હતું.

હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટર ડો. ધનંજય કેલકરે જણાવ્યું હતું કે, કન્સલ્ટિંગ ઑબ્સ્ટેટ્રિશિયન અને ગાયનેકોલોજિસ્ટે રાજીનામું આપવાના કારણો તરીકે તીવ્ર જાહેર ગુસ્સો, સોશ્યલ મીડિયાની પ્રતિક્રિયા અને ધમકીભર્યા કોલનો ઉલ્લેખ કર્યો છે.

મૃત મહિલાના પરિવારના સભ્યોએ ડૉ. ઘૈસાસ પર પ્રવેશ પહેલાં ડિપોઝિટ માગવાનો આરોપ લગાવ્યો છે.

ડૉ. કેલકરે જણાવ્યું હતું કે, 'પોતાના રાજીનામા પત્રમાં ડૉ. ઘૈસાસે જણાવ્યું હતું કે જાહેર આક્રોશ, ટીકા અને ધમકીઓને કારણે તેઓ ભારે માનસિક દબાણ હેઠળ છે. તેમને ડર છે કે આનાથી અન્ય દર્દીઓની સારવાર કરવાની તેમની ક્ષમતા પર અસર પડશે અને તેમના પરિવારની સલામતી પણ જોખમાઈ શકે છે. તેમના કામ સાથે અન્યાય ન થાય તે માટે, તેમણે રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે.' હોસ્પિટલ વહીવટીતંત્રે રાજીનામું તેના ટ્રસ્ટીઓને મોકલી આપ્યું છે અને એવી અપેક્ષા છે કે તે સ્વીકારવામાં આવશે, એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, ડૉ. ઘૈસાસ ગુરુવાર સુધી તેમની પૂર્વ નિર્ધારિત સર્જરી અને કામ પૂર્ણ કરશે.

આ ઘટના પર વધતા ગુસ્સા વચ્ચે, ભાજપના મહિલા પાંખના સભ્યોએ ગયા અઠવાડિયે કોથરુડમાં ડૉ. ઘૈસાસની માતા દ્વારા સંચાલિત ક્લિનિકમાં ઘૂસીને મિલકતને નુકસાન પહોંચાડ્યું હોવાનો આરોપ છે, એમ પોલીસે જણાવ્યું હતું.■

બિસ્કિટ લેવા ગઈ ને બસ નીચે આવી ગઈ

બોરીવલીમાં ત્રણ વર્ષની બાળકીનું બેસ્ટની બસ નીચે કચડાઈ જતાં મોત

પાલનપુરી જૈન મરણ



૨૯-૧૦-૧૯૩૪ ૭-૪-૨૦૨૫

કવિનભાઈ ચીમનલાલભાઈ પરીખ

સૌજન્ય, સાલસતા અને સમર્પણની આપની ભાવના,
અમારી જીવનકેડીને અજવાળતાં રહેશે

તે સ્વ. મંજુલાબેનના પતિ, મિલનભાઈ, રીનાબેન,
મીતાબેન અને સોનિકાબેનના પિતાશ્રી

અર્ચનાબેન, અનુજભાઈ, આશિતભાઈ,
અને સ્વ. નિખીલભાઈના સસરા

મહેન્દ્રભાઈ-રમીલાબેન, જીતુભાઈ - સ્વ. સરયુબેન,
સ્વ. સુભદ્રાબેન નવનીતભાઈ મહેતા,
સ્વ. શશીબેન રમણિકભાઈ મહેતા અને સ્વ. કોકિલાબેન
સુરેશભાઈ મહેતાના ભાઈ,

આલાપ- મૈથિલી, આલય-શનાયાના દાદા, અર્પિતા-પારસ,
અંશુલ-મેઘા, અર્પણ-આરતી, અચલ, નિલય-રીયા અને
સાક્ષીના નાના, મુંબઈ મુકામે સોમવારે સ્વર્ગવાસ પામ્યા છે.

પ્રાર્થના સભા
બુધવાર, તા. ૯ એપ્રિલ ૨૦૨૫
સાંજે ૫ થી ૭ કલાકે,
ભારતીય વિદ્યાભવન, ચોપાટી

પરીખ પરિવાર
મહેન્દ્ર બ્રધર્સ ગ્રુપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોરીવલીમાં દુકાનેથી બિસ્કિટ લઈને પાછી ફરેલી ત્રણ વર્ષની બાળકીને બેસ્ટની બસે કચડતાં તેનું મૃત્યુ થયું હતું. બાળકી સાથે દુકાને ગયેલો ચાર વર્ષનો બાળક પણ બસ નીચે આવી ગયો હતો, પરંતુ મામૂલી ઇજાને કારણે તે બચી ગયો હતો. આ પ્રકરણે પોલીસે બસના ડ્રાઈવરની ધરપકડ કરી હતી.

કસ્તુરબા માર્ગ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ ગુનો નોંધી આરોપી ડ્રાઈવર પ્રકાશ દિગંબર કાંબળે (૪૮)ની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના બોરીવલી પૂર્વમાં રાજેન્દ્ર નગર ખાતે સોમવારની બપોરે ૧૨.૪૦ વાગ્યે બની હતી. મૃત્યુ પામેલી બાળકીની ઓળખ મહેક ખાતુન શેખ તરીકે થઈ હતી.

બોરીવલી સ્ટેશનથી માગાઠાણે ડેપો જઈ રહેલી રૂટ એ-૩૦૧ નંબરની બેસ્ટની બસ રાજેન્દ્ર નગર પહોંચી ત્યારે રસ્તાને કિનારેથી બાળકી એકાએક રસ્તાની વચ્ચે આવી ગઈ હતી. બસની ટક્કરથી બાળકી જમીન પર પડી ગઈ હતી. ડ્રાઈવર બ્રેક મારે એ પહેલાં બસની આગલું ટાયર બાળકીના માથા પર ફરી વળ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ રાજેન્દ્ર નગરની જ એક ચાલમાં રહેતી મહેક તેના સગાના ચાર વર્ષના બાળક સાથે દુકાને બિસ્કિટ લેવા ગઈ હતી. દુકાનેથી પાછા ફરતી વખતે બન્ને બાળક રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. પોલીસે બસના ડ્રાઈવર પ્રકાશને તાબામાં લઈ પૂછપરછ કરી હતી. બાળકીનો ભોગ લેનારી બસ બેસ્ટે લીઝ પર લીધી હોવાનું જણાયું હતું. ■

મુંબઈ અને માથેરાનમાં સરખું જ તાપમાન

મહારાષ્ટ્રભરમાં પ્રચંડ ગરમીનું મોજુંઃ અકોલામાં ૪૪.૨ઃ આમાં રાહતની શક્યતા હાલ નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારો ખાસ કરીને વિદર્ભ, મરાઠવાડા અને ઉત્તર મહારાષ્ટ્રમાં ભારે ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે ત્યારે બીજી તરફ મુંબઈ અને હિલ સ્ટેશન માથેરાનનું મહત્તમ તાપમાન સમાન હોવાનું સોમવારે નોંધાયું હતું. મુંબઈના સાંતાક્રુઝમાં ૩૬.૨ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે માથેરાનમાં પણ સોમવારે આટલું જ તાપમાન નોંધાયું હતું આ તાપમાન સામાન્ય કરતાં ૨.૯ ડિગ્રી વધારે હતું. કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૬ ટકા નોંધાયું હતું. આ તાપમાન સામાન્ય કરતાં ૦.૯ ડિગ્રી વધારે હતું. લઘુતમ તાપમાન સાંતાક્રુઝમાં ૨૪.૩ અને કોલાબામાં ૨૫.૫ ડિગ્રી નોંધાયું હતું. મંગળવારે મુંબઈમાં તાપમાન ૩૪ ડિગ્રી આસપાસ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

ફીલિંગ હૉટ, હૉટ, હૉટ...: મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં સોમવારે પણ ભયંકર ગરમી તેમ જ બફારાનો અનુભવાયા હતા. થાણેમાં ગરમીથી બચવા માટે છત્રી લઈને નીકળેલી મહિલાએ વચ્ચે પાણીનો ઘૂંટડો ભરી લઈને ગળાને પણ રાહત આપી હતી. (પીટીઆઈ)

સોમવારે અકોલામાં ૪૪.૨ ડિગ્રી, અમરાવતીમાં ૪૨.૬, યવતમાળમાં ૪૨.૪, વર્ધા ૪૧.૧, નાગપુર ૪૨.૨, ચંદ્રપુર ૪૨.૬, ગઢચિરોળી ૪૦.૬ ડિગ્રીની નોંધ કરવામાં આવી હતી.

કોલાબા વેધશાળા દ્વારા સોમવારે આપવામાં આવેલી માહિતી અનુસાર મુંબઈ શહેરમાં આકાશ સાફ હતું અને થોડી ભેજવાળી હવા હોવાને કારણે ગરમી વર્તાઈ રહી હતી આગામી બે દિવસમાં પણ મુંબઈમાં આટલું જ તાપમાન રહેવાની શક્યતા છે અને મહતમ તાપમાન ૩૬ ડિગ્રીની આસપાસ રહેશે, જ્યારે લઘુતમ તાપમાન ૨૪ ડિગ્રી રહેવાની શક્યતા છે.

રાજ્યમાં મહત્તમ તાપમાનનો પારો વધ્યો છે. ગયા અઠવાડિયે કમોસમી વરસાદ બાદ એક-બે દિવસ થોડો દિલાસો મળ્યો હતો, પરંતુ હવે સ્થિતિ ગંભીર બની છે. તાપમાનમાં વધારો રહેશે જ એવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

અકોલામાં છેલ્લા બે દિવસથી ૪૩ ડિગ્રી તાપમાન નોંધાઇ રહ્યું છે, જ્યારે સોમવારે ૪૩.૨ ડિગ્રી તાપમાન રહ્યું હતું. સંપૂર્ણ વિદર્ભમાં ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

કોંકણ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ એલર્ટ વધુ તીવ્ર બનશે ત્યારે નાશિક સહિત ઉત્તર મહારાષ્ટ્ર અને વિદર્ભમાં પણ ગરમીની લહેર ફરી વળવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. નાગપુરમાં તો હીટ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે જેના હેઠળ સ્કૂલોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. બેઘરોને શેલ્ટર હાઉસ અને અન્ય હોટ સ્પોટ પર નજર રાખવામાં આવી છે.

બંગાળના ઉપસાગરમાં જે ચક્રવાત તૈયાર થયો છે તે દક્ષિણ તરફ આગળ વધ્યો હોવાથી દક્ષિણ ભારતમાં કમોસમી વરસાદ અને મહારાષ્ટ્રમાં જોરદાર ગરમી પડવાના સંકેત છે. આગામી બે દિવસમાં મહારાષ્ટ્રમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે. ■

વિદ્યાર્થીઓને ૧૦૦ ઊઠક-બેઠકની સજા વસઈની સ્કૂલ સામે તપાસનો આદેશ

પાલઘરઃ પાલઘરમાં આદિવાસીઓ માટેની સરકાર સંચાલિત આશ્રમ સ્કૂલના વિદ્યાર્થીઓને એક શિક્ષકે ૧૦૦ વખત ઉઠક-બેઠકની સજા આપી હતી. પ્રશાસન દ્વારા આ અંગે તપાસનો આદેશ આપવામાં આવ્યો હોવાનું એક અધિકારીએ સોમવારે જણાવ્યું હતું.

વસઇ તાલુકામાં આવેલા બઠાને ગામની સરકારી સેકન્ડરી અને હાયર સેકન્ડરી આશ્રમ સ્કૂલમાં આ ઘટના બની હતી.

સંબંધિત શિક્ષકે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને ૧૦૦ વાર ઉઠક-બેઠકની સજા આપી હતી. તેમાંથી એક જણ હોસ્પિટલમાં દાખલ છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

અસરગ્રસ્ત વિદ્યાર્થીઓની ઉંમર અને તેમના ધોરણ અંગે કોઇ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

ઇન્ટિગ્રેટેડ ટ્રાઇબલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (આઇટીડીપી)ના પ્રોજેક્ટ ઓફિસર સત્યમ ગાંધીએ જણાવ્યું હતું કે આ અંગેના આક્ષેપો માટે પહેલાથી તપાસ ટીમ બનાવવામાં આવી છે. શિક્ષક અને પ્રિન્સિપાલને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. તેમની સામે યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે. (પીટીઆઇ)■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

ક્લાસિફાઈડ

૧૪. નોકરી ખાલી છે

ગોરેગાંવ વેસ્ટ
ગારમેન્ટ (યુનિફોર્મ) ફેક્ટરી માટે જોઈએ અનુભવી સેલ્સમેન (ફિલ્ડ વર્ક) ઉં. 20-40. સંપર્ક - 8169706810. (બી-૧૫૭૯૮)

EXCELLENT EARNING OPportunity working for Corporate, Flexible timings, Call 9920179179. (B-15799)

૧૭. જગ્યા આપવી છે

(GIRGAON)
2 BHK for Rent for Vegetarians Near Thakurdwar Signal, fully furnished, Whatsup: 7021831500. (B-15782)

૧૯. ફેક્ટરી વર્કશોપ

વસઈ - કામણ
સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)

વસઈ
ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)

૩૩. ધંધાદારી

ડીમ કન્વેયન્સ
પ્રોપટીકાર્ડ ટ્રાન્સફર
સ્ટ્રક્ચર ઓડિટ
મેન્ટેનન્સ રીકવરી
પોઈંટ એડવાઈઝરી
9029077715
(બી-૧૫૭૭૪)

૩૫. જ્યોતિષ ભવિષ્ય

મહાલક્ષ્મી જ્યોતિષ
તાત્કાલિક સમાધાન. પ્રેમ સમસ્યા, લગ્નજીવનમાં સમસ્યા, પતિ - પત્ની મતભેદ, સાસુ-વહુનો ઝઘડો, સંતાન પ્રાપ્તિ, વિદ્યામાં/વિદેશમાં રુકાવટ, ધંધામાં નુકસાન. ફીસ કામ પછી. 9321554879. (૧૫૭૮૭-એ)

શ્રીનાથજી જ્યોતીષ
(હવેલીવાળા) પતિદુ:ખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં કલેશ, લવમેરેજ, પત્નીદુ:ખ, સૌતન દુ:ખ, નિરાશ વ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/-, 9920991344, 9833390898, 28898500. (૧૫૭૭૦-એ)

૪૪. પેસ્ટ કન્ટ્રોલ

એસ પેસ્ટીસાઈડ
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૬૫૮-ઈ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૭૭૬-એ)

૫૨. કુરીઅર્સ

પરદેશમાં પાર્સલ
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૫૭૮૦)

મુંબઈ સમાચાર
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

મંદિર સળગતાં ફ્લૅટમાં આગ: થાણેના ચરઈ વિસ્તારમાં અલ્મેડા રોડ પરની ગુરુદત્ત સોસાયટીના એક ફ્લેટમાં આગ લાગી હોવાની ઘટના સોમવારની સાંજે સાડાસાત વાગ્યાની આસપાસ બની હતી. ફ્લેટમાંનું મંદિર એકાએક સળગી ઊઠ્યા પછી આગ ફ્લેટમાં ફેલાઈ હતી. સ્થાનિક રહેવાસીઓની મદદથી ફાયરબ્રિગેડના જવાનોએ આગ ઓલવી નાખી હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી, પણ ખાસ્સું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું હતું. જયપ્રકાશ કેળકર

શૅરબજારોના રોકાણકારોની સલામતી માટે સરકાર કાંઈક તો કરે: સુપ્રિયા સુળે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એનસીપી (એસપી)નાં કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેએ સોમવારે એવી માગણી કરી હતી કે સરકાર નવી અમેરિકી ટેરિફ નીતિઓને કારણે સંભવિત વૈશ્વિક આર્થિક મંદીના ભયથી ભારતીય રોકાણકારો અને કરદાતા મધ્યમ વર્ગને શેરબજારના કડાકાથી બચાવવા માટે પગલાં લેવા જોઈએ.

ભારતીય શેરબજારો તૂટી પડ્યા, જેમાં બેન્ચમાર્ક સેન્સેક્સ ૨,૨૨૬.૭૯ પોઈન્ટ ઘટી ગયો - જે ૧૦ મહિનામાં સૌથી મોટો એક દિવસનો ઘટાડો છે - કારણ કે અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ટેરિફ વધારા અને ચીન તરફથી બદલો લેવાથી વૈશ્વિક બજારમાં થયેલા કડાકાને કારણે આર્થિક મંદીની આશંકા ફેલાઈ ગઈ છે.

'અનુમાન મુજબ, સેન્સેક્સ અને નિફ્ટી તૂટી પડ્યા છે. યુએસ ટેરિફ આપણા બજારોને અસર કરી રહ્યા છે અને આ ચાલુ રહેશે. મેં બજેટ સત્ર દરમિયાન સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો. સરકારે રોકાણકારો અને પ્રામાણિક, કર ચૂકવતા મધ્યમ વર્ગના રક્ષણ માટે હવે પગલાં લેવા જોઈએ,' એમ સુળેએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કરીને જણાવ્યું હતું. પુણે જિલ્લાના બારામતીના લોકસભા સભ્યએ સરકારને કહ્યું કે કરદાતાઓ અને રોકાણકારોને નુકસાનનો બોજ ન ઉઠાવવા દો.

ટ્રમ્પ વિરુદ્ધ અમેરિકામાં થઈ રહેલા વ્યાપક વિરોધનો ઉલ્લેખ કરતા શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે ચેતવણી આપી હતી કે 'ખૂબ જ ટૂંક સમયમાં,' લોકો ભારતમાં પણ લોકશાહી બચાવવા માટે 'ક્રાંતિકારી પગલાં' લઈ શકે છે.

'(અમેરિકી અબજોપતિ) ઈલોન મસ્ક અને ટ્રમ્પ વચ્ચેના જોડાણને લઈને (અમેરિકામાં) લોકો રસ્તાઓ પર ઊતરી આવ્યા છે. લોકશાહી બચાવવા માટે લાખો લોકો રસ્તાઓ પર ઊતરી આવ્યા છે. આપણા દેશમાં ખૂબ જ ટૂંક સમયમાં લોકો લોકશાહી, તેમની સ્વતંત્રતા બચાવવા માટે ક્રાંતિકારી પગલાં લઈ શકે છે,' એમ તેમણે કહ્યું હતું.

'આપણે લોકશાહી બચાવવા માટે (અમેરિકામાં) વિરોધ કરી રહેલા લોકો પાસેથી બોધ લેવો જોઈએ,' એમ રાજ્યસભાના સાંસદે કહ્યું હતું. રાષ્ટ્રપતિ ટ્રમ્પની નીતિઓનો વિરોધ કરવા માટે શનિવારે હજારો વિરોધીઓ અમેરિકાનાં મુખ્ય શહેરોની શેરીઓ પર ઉતરી આવ્યા હતા.

ધોતી પહેરી ન હોવાથી ભાજપના નેતાને વર્ધાના રામમંદિરના ગર્ભગૃહમાં નો-એન્ટ્રી

વર્ધા (મહારાષ્ટ્ર): પૂજાની ધોતી પહેરી ન હોવાથી ભગવાન રામના મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશ આપવામાં આવ્યો નહીં, એવો આક્ષેપ ભાજપના ભૂતપૂર્વ સાંસદ રામદાસ તાડસે કર્યો હતો.

ભગવાનની પ્રતિમાને પાસે જવું હોય તો સોવાલે (ધોતી) પહેરવી ફરજિયાત છે એમ કહીને વર્ધા જિલ્લાના દેવલી વિસ્તારમાં આવેલા રામ મંદિરના ટ્રસ્ટી-પૂજારીએ મને ગર્ભગૃહમાં પ્રવેશ આપ્યો નહોતો, એન તાડસેએ પત્રકારોને જણાવ્યું હતું.

'હું, મારી પત્ની અને અમુક સમર્થકો રવિવારે ભગવાનના રામના દર્શન કરવા મંદિરે ગયા હતા. મેં ટ્રસ્ટીને કહ્યું કે ઘણા દાયકાઓથી હું આ મંદિરમાં દર્શન માટે આવું છું, પરંતુ તેમને મને સોવાલે ન પહેરી હોવાથી ગર્ભગૃહમાં જવાની પરવાનગી ન જ આપી', એમ ભૂતપૂર્વ સાંસદે કહ્યું હતું. છેલ્લા ૪૦ વર્ષથી આ મંદિરની મુલાકાતે આવું છું, પરંતુ આવું ક્યારેય મારી સાથે થયું નથી, એવો દાવો પણ તેમણે કર્યો હતો.

આ દરમિયાન મંદિર ટ્રસ્ટના પ્રમુખ તરફથી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે પ્રતિમાની સલામતી માટે તાડસને ગર્ભગૃહમાં પ્રવેશ આપવામાં આવ્યો નહોતો. પ્રતિમા અને ભગવાનના દાગીના એ મંદિરની જવાબદારી હોવાથી ગર્ભગૃહમાં કોઇને પ્રવેશ આપવામાં આવતો નથી.

નવી મુંબઈમાં ૨૪ કલાક પાણી બંધ

નવી મુંબઈ: નવી મુંબઈમા પાણીની પાઈપલાઈન તૂટી જતા સિડકોએ ૨૪ કલાક માટે પાણી પુરવઠો બંધ રાખવાની જાહેરાત કરી છે. પાણીના પાઈપ લાઈનની મરામતનું કામ ૯મી એપ્રિલે સવારે ૬ વાગ્યાથી લઈને ૧૦ એપ્રિલ સવારે ૬ વાગ્યા સુધીમાં પૂરું કરવામાં આવશે.

કામ પૂરું થતા જ પાણી પુરવઠો ચાલુ કરવામા આવશે. જોકે પાણીનું પ્રેશર થોડું ઓછું હશે. સિડકોએ ખાસ કરીને પનવેલ, કામોઠે, તળોજા, ખારઘર અને આજુબાજુના વિસ્તારમાં પાણી સાચવીને વાપરવાની વિનંતી કરી છે.

સિડકો આગળ જણાવતા કહે છે કે, પાણીની ખેંચ હંગામી છે બાકી પુરવઠો વિશે ચિંતા કરવાની જરૂર નથી. નવી મુંબઈમાં આવેલ મોરબે ડેમમાં હાલમાં ૧૦૨ મિલ્યન ક્યુબીક મીટર પાણી છે જે આખા શહેરને ૧૪૯ દિવસ ચાલી શકે છે.

પાલિકાના કમિશનર ડૉ. કૈલાશ શિંદે નાગરિકોને આગ્રહ કરતા જણાવે છે કે, સોસાયટીના કમ્પાઉન્ડને તેમજ વાહનોને ધોવાનું ટાળે અને પીવાનાં પાણીનો બિલકુલ બગાડ થવો જોઈએ નહી. તેઓ આગળ જણાવતા કહે છે કે પાણીના નળ બરાબર બંધ કરવા.

ઉનાળામાં આ વખતે પણ મેના અંત સુધીમાં પાણીકાપ આવે એવી શક્યતા અત્યારે છે. જોકે પાલિકા હજી પાણીકાપ થવાની શક્યતા નકારે છે.

શાહરુખનો પરિવાર મન્નતથી અડધા સાઈઝના ઘરમાં શિફ્ટ થયો

મુંબઈ: બોલીવુડના કિંગખાન શાહરુખ ખાને પોતાનો મન્નત બંગલો છોડી દીધો છે. હવે તે મુંબઈની આલીશાન પાલી હિલ સ્થિત ઈમારત પૂજા કાસામાં શિફ્ટ થઈ ગયો છે. આ ઇમારત ફિલ્મ નિર્માતા વાસુ ભગનાની અને તેમના પુત્ર જેકી ભગનાની અને પુત્રી દીપશિખા દેશમુખની છે. વાસુ ભગનાનીએ પોતાની પત્ની પૂજા ભગનાનીના નામ પરથી આ બિલ્ડિંગનું નામ પૂજા કાસા રાખ્યું છે. શાહરુખ ખાનના બંગલા (મન્નત)માં રિનોવેશનનું કામ ચાલી રહ્યું છે, જેને કારણે આખો પરિવાર થોડા સમય માટે નવા અપાર્ટમેન્ટમાં શિફ્ટ થઈ ગયો છે.

શાહરુખ ખાને આ બિલ્ડિંગમાં બે એપાર્ટમેન્ટ ભાડે રાખ્યા છે. એક અહેવાલ મુજબ, ખાન પરિવાર જ્યાં શિફ્ટ થયો છે તે ઘર મન્નત કરતા અડધું છે. ડુપ્લેક્સ એપાર્ટમેન્ટના બે માળ શાહરુખ ખાનને ૩૬ મહિના માટે લીઝ પર આપવામાં આવ્યા છે.મિલકતની નોંધણીના દસ્તાવેજો મુજબ, ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ સત્તાવાર ભાડા કરાર કરવામાં આવ્યો હતો, જેમાં સ્ટેમ્પ ડ્યુટી તરીકે રૂ. ૨.૨૨ લાખ ભરવામાં આવ્યા હતા. અભિનેતા આ એપાર્ટમેન્ટ માટે દર મહિને ૨૪.૨૫ લાખ રૂપિયાનું ભાડું ચુકવશે.પાલી હિલ અને મન્નત બંગલા વચ્ચેના અંતરની વાત કરીએ તો તે લગભગ ૩ કિલોમીટર છે. શાહરુખ ખાન અને ગૌરી ખાન મન્નતને વધુ શાનદાર બનાવવાની તૈયારી કરી રહ્યા છે. ડિસેમ્બર ૨૦૨૪માં, ગૌરી ખાને મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીને અરજી કરી હતી.

છેલ્લા પાનાનું ચાલુ

પાંચ પોલીસ સામે

ગંભીરતાથી ન લેવા માટે રાજ્ય સરકારની પણ ઝાટકણી કાઢી હતી.

ઉલ્લેખનીય છે કે આરોપી અક્ષય શિંદેને પોલીસ વૅનમાં લઇ જતી વખતે તેણે પોલીસની બંદૂક છીનવીને ગોળીબાર કર્યો હતો ત્યારે પોલીસે પલટવારમાં ગોળી ચલાવી હતી જેમાં તેનું મૃત્યુ થયું હતું એવો પોલીસે દાવો કર્યો છે, પરંતુ આરોપીના પરિવારે તેના મોત પર શંકા વ્યક્ત કરતા કોર્ટમાં કેસ કર્યો હતો.

એક બંધારણીય કોર્ટ તરીકે હાઇ કોર્ટ મૂક સાક્ષી બનીને જોતી રહી શકે નહીં, જ્યારે કે મૃતકના પરિવારને પણ ભલે આ કેસને આગળ વધારવામાં કોઇ રસ ન હોય, એમ કોર્ટે કહ્યું હતું.

આરોપી અક્ષય શિંદેના માતાપિતાએ દાવો કર્યો હતો કે તેમના પુત્રનો બનાવટી એન્કાઉન્ટરમાં હત્યા કરવામાં આવી છે. તેમ છતાં પાછળથી તેમણે આ કેસ આગળ ન વધારવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

એફઆઇઆર નોંધવામાં અનિચ્છા દેખાડવા માટે રાજ્ય સરકારની ઝાટકણી કાઢતા કોર્ટે કહ્યું હતું કે આવું વલણ રાજ્ય સરકારની કટિબદ્ધતા પર સવાલ ઉઠાવે છે અને સામાન્ય વ્યક્તિનો ન્યાયતંત્ર પરથી વિશ્વાસ ઉઠવા લાગે છે.

બદલાપુરની એક સ્કૂલમાં બે સગીરની જાતીય સતામણી કેસના આરોપી અક્ષય શિંદેની પોલીસ ગોળીબારમાં ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૪નાં મોત થયું હતું. કોર્ટે નોંધ્યું હતું કે એફઆઇઆર નોંધવા માટે રાજ્ય સરકારની અનિચ્છાએ શિંદેના માતાપિતાને અસહાય બનાવી દીધા હતા. (પીટીઆઇ)

મરાઠવાડામાં પાણીનાં પોકાર: અત્યારથી જ જળ સંકટ

મુંબઈ: દર વર્ષે ઉનાળાની ઋતુમાં મહારાષ્ટ્રના મરાઠવાડા વિસ્તારમાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાય છે. પાણીના સ્રોતો સુકાઈ જવાના કારણે ગામડાઓમાં પાણીની કટોકટી સર્જાય છે. આ વર્ષે પણ એપ્રિલ મહિનાની શરૂઆતમાં જ મરાઠવાડા વિસ્તારમાં પાણીની તંગી વધવા લાગી છે. જળસંકટને જોતા વહીવટીતંત્ર અત્યારથી જ સતર્ક બની ગયું છે અને અસરગ્રસ્ત ગામોમાં ટેન્કરની મદદથી પાણી પહોંચાડવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. તંત્ર દ્વારા પાણીની તંગીને પહોંચી વળવા માટે જરૂરી પગલાં લેવામાં આવ્યા છે. પરિસ્થિતિ એટલી વિકટ બની ગઈ છે કે પીવાનું પાણી પૂરું પાડવા માટે સરકારે ૭૦ ખાનગી કૂવાઓ હસ્તગત કરવા પડ્યા છે. વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, મરાઠવાડાના ત્રણ જિલ્લાના કુલ ૬૨ ગામોને પીવાના પાણીના સંકટમાંથી રાહત આપવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે. હાલમાં ૨૧ ગામો અને ત્રણ વસાહતોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. મરાઠવાડાના જે જિલ્લાઓમાં સૌથી વધુ પાણીની અછત અનુભવાઈ રહી છે તેમાં છત્રપતિ સંભાજીનગર, નાંદેડ અને હિંગોલીનો સમાવેશ થાય છે. આ અસરગ્રસ્ત વિસ્તારોમાં કુલ ૧૯ ટેન્કરો તૈનાત કરવામાં આવ્યા છે, જેમાંથી ૧૭ છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં અને બે નાંદેડ જિલ્લામાં પાણી પહોંચાડી રહ્યાં છે. વહીવટીતંત્રે સ્થાનિક લોકોને પૂરતું પીવાનું પાણી પૂરું પાડવા માટે છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં ૩૪, હિંગોલીમાં ૧૫ અને નાંદેડમાં ૨૧ ખાનગી કૂવા હસ્તગત કર્યા છે.

પારસી મરણ

યાસમીન બેહરામ ઇરાની તે બેહરામના ધનીયાની. તે મરહુમો રોશન બમન ઇરાનીના વહુ. તે દેલનાઝ ને મેહરદાદના માતાજી. તે મેહરઝાદના સાસુજી. તે શોન ને આવા રેઇનના બપઇજી. તે મરહુમો સીમીન સાવકશા દારુવાલાના દીકરી. (ઉં. વ. ૭૧) રે. ઠે. એફ-૧૫, ગોદરેજ બાગ, એન. પી. ગોદરેજ માર્ગ, સીમલા હાઉસની બાજુમાં, ખંભાલા હીલ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા: તા. ૮-૪-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, વાચ્છા ગાંધી અગિયારીમાં છે.

જીમી જાહગીરજી સદરી તે ફ્રેનીના ધની. તે મરહુમો પીરોજા જાહગીર સદરીના દીકરા. તે ફરઝાના ને જેનીફરના પપા. તે ફરઝાદના સસરા. તે મરહુમો નગીશ, અરનાવાઝ, ફ્રેનીના ભાઇ. તે કાયરાના મમાવા. (ઉં.વ. ૮૬) રે. ઠે. સફર બે મંઝીલ, ફ્લેટ નં.૧, વાડીયા સ્ટ્રીટ, તારદેવ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૮-૪-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં-૧માં ડુંગરવાડી.

નાજુ ફરામરોઝ રાનેદરરીયા તે મરહુમો શીરીનબાઇ ફરામરોઝ રાનદેરીયાના દીકરી. તે મરહુમો રતી, જાઇ, રુસીના બહેન. તે હોશંગ રોહીન્ટન, શીરીન, મેહર, નીલુફરના માસી. તે મરહુમો જાલ ને કેકીના સાલી. (ઉં. વ. ૯૪) રે. ઠે. ૨૨૪, ડોલવીચ મેનશન, બીજે માળે, રૂમ. નં. ૮, તારદેવ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૯-૪-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, સેઠના અગિયારીમાં છેજી.

લગ્નના બે મહિનામાં જ પરિણીતાનો આપઘાત

મુંબઈ: લગ્નના બે મહિનામાં જ ૨૯ વર્ષની પરિણીતાએ કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના સાંતાક્રુઝ પૂર્વમાં બની હતી. વાકોલા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે મૃતકની ઓળખ નેહા મિશ્રા તરીકે થઈ હતી. કલિના વિસ્તારના શાસ્ત્રી નગરમાં આવેલા પિયરમાં રવિવારની રાતે નેહાએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. નેહાનાં લગ્ન બે મહિના અગાઉ થયાં હતાં. હાલમાં તે પિયરમાં રહેતી હતી. ઘટના સમયે માતા નજીકના મંદિરમાં ગઈ હતી ત્યારે નેહા ઘરમાં એકલી હતી. માતા ઘરે પાછી ફરી ત્યારે સીલિંગ ફૅન સાથે ગળાફાંસો ખાધેલી નેહા નજરે પડી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

જૈન મરણ

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન
મહુવા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. બાબુભાઇ સ્વરૂપચંદ પટણીના સુપુત્ર કિશોરભાઇ તા. ૨-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેન બાબુલાલ શાહ, કલાબેન હસમુખરાય શાહના ભાઇ. ઉદય, નિલેશ, મોના અને સોનલના મામા. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૨૧, ન્યુ રામભુવન, એમ. જી. રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

વિસા મેવાડા દિગંબર જૈન
મૂળ કરમસદ હાલ વિલેપાર્લે ડો. રમેશ મોહનલાલ શાહ, તે મીનાબેનના પતિ. શ્યામ-બૈજુ અને સંજીવ-ઐશનીના પિતાજી. આદિત્ય-દિશા, અનુષ્કા, અનન્યાના દાદા. સ્વ. પુષ્પાબેન, સ્વ. બચુભાઇ તથા સ્વ. બિંદુબેનના ભાઇ તા. ૫-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૯-૪-૨૫ના ૫.૩૦થી ૭.૩૦. ઠે. જલારામ હોલ, જમનાબાઇ સ્કૂલ પાસે, ૬ઠ્ઠો રોડ, જુહુ સ્કીમ, મુંબઇમા રાખેલ છે.

અમદાવાદ વીશા ઓશવાળ જૈન
પીયર પક્ષ પાટણ જયાબેન (રેનુ) ચોકસી (ઉં. વ. ૮૬) તે અતુલ ચોકસીના પત્ની. દીપેશ, અલ્પનાના મમ્મી. જેસલ અને મીતેષના સાસુ. શૌર્ય, રીયાના દાદી. નીયોમી ને ક્રીશીના નાની તા. ૫-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

વાગડ વિ. ઓ. જૈન
ગામ લાકડીયાના સ્વ. પોપટલાલ ગડા (ઉં. વ. ૬૩) રવિવાર, તા. ૬-૪-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. સોનાબેન વાઘજીના સુપુત્ર. કેશરબેનના પતિ. અમીત, પુષ્પા, ચેતનાના પિતાશ્રી. અમીત ગાલાના સસરા. જૈનીલ, વંશીકાના નાના. ગામ લાકડીયાના ગં. સ્વ. ભચીબેન લખમણ ખેતશી ડાઘાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૯-૪-૨૫ના ૧૦થી ૧૧.૩૦. ઠે. અચલગચ્છ જૈન સંઘ, ગુફા રોડ, જોગેશ્વરી (ઇસ્ટ).

સોરઠ વિશા શ્રીમાળી જૈન
મઘરવાડા નિવાસી હાલ ગોરેગામ સ્વ. પ્રભાવતી મનસુખલાલ વોરાના સુપુત્ર સ્વ. દિનેશભાઇ વોરાના ધર્મપત્ની જશવંતીબેન (ઉં. વ. ૮૧) તે દીપકભાઇ, સોનાબેન અનિલભાઇ શાહ તથા બીનાબેન સંજયભાઇ દોશીના માતુશ્રી. દર્શનાબેનના સાસુ. પિયર પક્ષે ઝરીયા નિવાસી સ્વ. સમરતબેન જગજીવનભાઇ સંઘવીના સુપુત્રી. સ્વ. ચંદ્રકાંતભાઇ, સુમતીભાઇ, નરેન્દ્રભાઇ, અરુણભાઇના ભાભી તા. ૭-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

ઝાલાવાડ વિશા શ્રીમાળી શ્વે. મૂ. જૈન
બોટાદ નિવાસી હાલ અંધેરી સ્વ. ધણીબેન દીપચંદ પાનાચંદ બગડીયાના સુપુત્ર પ્રવિણભાઇના ધર્મપત્ની લતાબેન (ઉં. વ. ૭૪) તા. ૬-૪-૨૫ના રવિવારે અરિહંતશરણ પામેલ છે. સ્વ. કૌશલ, ભવ્યતાના માતુશ્રી. સ્વ. હસમુખભાઇ, જયસુખભાઇ, દિલીપભાઇના ભાઇના પત્ની. શારદાબેન રમણીકલાલ શાહ, સ્વ. પદમાબેન ભૂપતરાય, સ્વ. વિમળાબેન, સ્વ. સરોજબેન ચંદ્રકાન્ત દેસાઇના ભાભી. પિયરપક્ષે સ્વ. કાંતિલાલ ભુરાભાઇ સંઘવીના સુપુત્રી. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

પાલનપુરી જૈન
કવિનભાઇ ચીમનલાલભાઇ પરીખ (ઉં. વ. ૯૦) તે સ્વ. મંજુલાબેનના પતિ. મિલનભાઇ, રીનાબેન, મીતાબેન, સોનિકાબેનના પિતાશ્રી. અર્ચનાબેન, અનુજભાઇ, આશિતભાઇ, સ્વ. નિખીલભાઇના સસરા. મહેન્દ્રભાઇ-રમીલાબેન, જીતુભાઇ-સ્વ. સરયુબેન, સ્વ. સુભદ્રાબેન નવનીતભાઇ મહેતા, સ્વ. શશીબેન રમણિકભાઇ મહેતા અને સ્વ. કોકિલાબેન સુરેશભાઇ મહેતાના ભાઇ મુંબઇ મુકામે સોમવારે સ્વર્ગવાસ પામ્યા છે. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૯-૪-૨૫ સાંજે ૫થી ૭. ઠે. ભારતીય વિદ્યાભવન, ચોપાટી.

કચ્છી વિશા ઓશવાળ જૈન
ડુમરાના નાનજી જીવરાજ કારાણી (ઉં. વ. ૯૨) તા. ૬-૪-૨૫ના અવસાન પામ્યા છે. પાનબાઈ જીવરાજ મોરારજીના સુપુત્ર. મુલબાઈના પતિ. કાંતિલાલ, નૂતન, પ્રફુલના પિતા. રમણીકલાલ, નેમચંદ, મીઠીબાઈ ગાંગજી, કેસરબેન રાજપાર, વિજયાબેન કાંતિલાલના ભાઈ. લક્ષ્મીબેન હરશી નરશી ગાલાના જમાઈ. ત્વચાદાન કરેલ છે. પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. ૩ થી ૪.૩૦.

મોટી ખાખરના હરીલાલ રવજી ગંગર (ઉં. વ. ૭૪) તા. ૫-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સુંદરબેન રવજી માલશીના પુત્ર. રતનના પતિ. હીરેન, નીપાના પિતા. નવિનભાઇના ભાઇ. દેશલપુર (કંઠી)ના ગંગાબાઇ કેશવજી કુંવરજી સોનીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.સં, કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ૪ થી ૫.૩૦. ચક્ષુદાન કરેલ છે.

કાંડાગરાના ગં.સ્વ. ચંચલબેન છેડા (ઉં. વ. ૮૨) તા. ૫-૪-૨૫ના અરિહંત શરણ પામેલ છે. સ્વ. જીવરાજ લાલજી છેડાના ધર્મપત્ની. રાજેશના માતુશ્રી. ભોરારાના સ્વ. પુરબાઇ રવજી હરશી દેઢીઆના પુત્રી. સ્વ. શામજી રવજી દેઢીઆ, લક્ષ્મીબેન જેઠાલાલ, સ્વ. કેસરબેન ખીમજી, સ્વ. નાનબાઇ (સુશીલા) શામજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રાજેશ જીવરાજ છેડા, એ/૩૦૨, સચ્ચિદાનંદ કો.હા.સો., સેક્ટર-૯, પ્લોટ નં. ૧૫-સી, ઐરોલી, નવી મુંબઇ-૪૦૦૭૦૮.

ઘોઘારી વિશી શ્રીમાળી જૈન
ભાવનગર નિવાસી હાલ મલાડ, સ્વ. મુકેશભાઈ રતિલાલ ચત્રભુજ શાહ તથા ગં. સ્વ. યામીનીબેનના પુત્ર સંજય તા ૬-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પીંકીબહેનના પતિ. ઉદયભાઈ, દીપાબેન તેજસકુમારના ભાઈ. છાયાબેનના દીયર. હર્ષ, માંહીના પિતાશ્રી. સાસરાપક્ષે મંજુલાબેન ભીમસેન આહુજાના જમાઈ. તેમની સાદડી તા.૮-૪-૨૫ના મંગળવારે ૩ થી ૫. શ્રી હાલાઈ લોહાણા બાલાશ્રમ હોલ, મથુરાદાશ રોડ એક્સટેન્શન, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ.

હિન્દુ મરણ

કપોળ
બપાડાવાળા હાલ ઘાટકોપર સ્વ. છોટાલાલ આનંદજી મહેતાના પુત્રવધુ ગં.સ્વ. પ્રભાબેન વસંતરાય મહેતા (ઉં. વ. ૮૨) તા. ૪-૪-૨૫ના શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે પ્રીતિસેમ દતા રોય , જયોતિ યશ્વીન બુસા, વૈશાલી, રાજેશ, શિલ્પાના માતા. મંગલાબેન રમણલાલ, સ્વ. જયાબેન નવનીતરાય, શારદાબેન જીતેન્દ્રકુમાર, ભારતી રજનીભાઇના ભાભી. દર્શનાબેન શશીકાંત ચીમનલાલ, પન્નાબેન પ્રવીણ ચીમનલાલ, નયના નરેન્દ્ર ચીમનલાલ, સ્વ. જયશ્રીબેન કિશોરકુમારના બેન. પૂજા, પ્રિયા, રાધિકા જયકુમાર શાહ, આદિત્ય, સ્નેહા, કૃપાના દાદી. પ્રાણલાલ વ્રજલાલ ભૂતાના ભાણેજ. પ્રાર્થનાસભા રાખેલ નથી.

હાલાઇ લોહાણા
મૂળ ગામ જામખંભાળિયા હાલ મુંબઇ ગં. સ્વ. નિલમબેન બથીયા (ઠક્કર) (ઉં. વ. ૮૫) તે સ્વ. કાંતિલાલ વલ્લભદાસ બથીયા (ઠક્કર)ના ધર્મપત્ની. સ્વ. શામકુરબેન તથા સ્વ. સુંદરજીભાઇ કરસનદાસ માણેકનાં દીકરી. મીનાક્ષીબેન, જયશ્રીબેન અને કેતનભાઇના માતુશ્રી. સ્વ. મનોજકુમાર, મનિષકુમાર તથા ભાવનાબેનના સાસુ. કુમારી ક્રિષ્ણાના દાદી. તે નિધિ, રીયા, અનુષ્કા, પ્રેમલના નાની. રવિવાર, તા. ૬-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

મોઢ વાણિયા
સુશીલાબેન નરેન્દ્રભાઇ વોરા હાલ મુંબઇ (ઉં. વ. ૯૪) તે પ્રતિમા, આશા, કલ્પના, મિના, મિલનના મમ્મી. ચંદ્રકાન્તભાઇ, નરેન્દ્રભાઇ, જીતુભાઇ, ગિરિનભાઇ, હેમાના સાસુ. બ્રિજેશ, જાન્હવી, બ્રિન્દા, મિતુલ, શીલના દાદી તા. ૬-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

કપોળ
સાવરકુંડલાવાળા હાલ કાંદિવલી સ્વ. હીરાબેન લક્ષ્મીદાસ જમનાદાસ શેઠના સુપુત્ર યોગેશભાઇ (ઉં.વ.૭૦) તે અમીતાબેનના પતિ. સુકેતુના પિતા. સ્નેહાના સસરા. રમેશભાઇ, નરેન્દ્રભાઇ, સ્વ. હર્ષદભાઇના નાનાભાઇ. સમઇરાના દાદા. સ્વ. બાબુલાલ માણેકલાલ શાહના જમાઇ તા. ૭-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

વિશા સોરઠીયા વણિક
વડોદરા ઝાલના નિવાસી હાલ પુના, સ્વ. વશનજી ભાણજી શાહ અને સ્વ. મોતીબેનના પુત્ર મનહરલાલ શાહ (ઉં. વ. ૭૨) ૫/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે નિર્મળાબેનના પતિ. કેયુર તથા દીપિકાના પિતા. અમૃતલાલ, સ્વ. રંજનબેન, સ્વ. હીરાબેન, સ્વ. હેમલત્તાબેન, ગં. સ્વ. સરોજબેનના ભાઈ. સૂત્રાપાડાવાળા વૃજદાસ જમનાદાસ તલાટીના જમાઈ. એશા તથા રાજનના સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

દશા સોરઠિયા વણિક સમાજ
ધોરાજી નિવાસી હાલ અંધેરી, અરુણકુમાર શેઠ (ઉં. વ. ૭૩) ગુરુવાર, તા. ૩/૪/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે હિમાક્ષીબેન (રેખાબેન)ના પતિ. નિશિતા અમરકુમાર, ઉર્વી જીગરકુમારના પિતા. સ્વ. સરિતાબેન કાંતિલાલ, સ્વ.કાંતિલાલ ઝવેરચંદ શેઠના પુત્ર. ડૉ. ત્રિભોવનદાસ દેવચંદ પારેખના જમાઈ. સ્વ.રશ્મિભાઈ, સ્વ.નરેશભાઈ, સ્વ.હર્ષાબેન નરેશભાઈ, જયશ્રીબેન નરેન્દ્રકુમારના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

કપોળ
જાફરાબાદ નિવાસી હાલ બોરીવલી, સ્વ. કિસનદાસ પ્રભુદાસ મહેતાના ધર્મપત્ની સ્વ. ઇન્દીરાબેન (ઉં. વ. ૭૯) તે જીતેશ, તૃપ્તિ જગન્નાથ સકપાળ, દીપા પરાગ સંઘવી, પારુલ વિક્રમ શર્મા, જાગૃતિ કેતન ગોરડીયાના માતુશ્રી. કલ્યાણીના સાસુ. સ્વ. સુરેશભાઈ, કિરીટભાઈ, બિપીનભાઈ, સ્વ. વસંતબેન અમૃતલાલ સંઘવી, સ્વ.ગુલાબબેન પરમાનંદદાસ, સ્વ. જશવંતીબેન પ્રતાપરાય, સ્વ. વીનોદીનીબેન હસમુખરાયના ભાભી. પિયરપક્ષે સ્વ. ઠાકોરભાઈ પારેખ સુરતના દીકરી ૫/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

દશા સોરઠીયા વણિક
મેંદરડા નિવાસી હાલ મુંબઈ, સ્વ.નવીનચંદ્ર પારેખ (ઉં. વ. ૭૪) તે સ્વ.જગજીવન નેમચંદ પારેખના જયેષ્ઠ પુત્ર. સ્વ. દીનાબેન પારેખના પતિ. અમિત તથા જીજ્ઞા રૂપેશકુમાર માધાણીના પિતાશ્રી. સ્વ. નીરુબેન જયસુખલાલ ચુડાસમા, પ્રફુલભાઈ, ભરતભાઈ, કિરણબેન વિજયકુમાર વિભાકરના ભાઈ. સ્વ. ઈશ્વરલાલ અમૃતલાલ જનાણીના જમાઈ ૬-૪-૨૫ને રવિવાર શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

કચ્છી લોહાણા
અંજાર નિવાસી હાલે ઘાટકોપર, સ્વ. હેમલતાબેન ગોપાલજી ઠક્કરના પુત્રવધૂ, અ.સૌ ગીતા (ઉં. વ. ૬૨) તા. ૫.૪.૨૫ના શ્રીરામશરણ પામેલ છે. તે મહેશભાઈના પત્ની. મૌલિકના મમ્મી. ધારાના સાસુ. સ્વ. પુષ્પાબેન મોહનલાલ હિન્દુસોતા (ગામ નરા)ની પુત્રી. સુરેશભાઈ અને વીણાબેન રમણીકભાઈ ઠક્કરના ભાઈના પત્ની. પ્રાર્થનાસભા ગુરુવાર તા.૧૦.૦૪.૨૦૨૫ના ૫:૩૦ થી ૭:૦૦. ઇન્ટરલિંક, બી-વીંગ, નીલકંઠ બિઝનેસ પાર્ક, વિદ્યાવિહાર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

કચ્છી લોહાણા
ગામ કચ્છ સાભરાઈ હાલે ડોમ્બીવલી, સ્વ. લીલાવતીબેન મંગળદાસ પલણના પુત્ર ભરતભાઈ (ઉં. વ. ૬૧) તે શારદાબેનના પતિ. સ્વ. ચંદ્રબાલા ચંદ્રભુજ જોબનપુત્રા કચ્છ ગામ કેરાવાળાના જમાઈ. હિરેન તથા ઉર્વશીના પિતાશ્રી. જીયાનના દાદા. નિરાલી હિરેન પલણ, પ્રિતેશકુમાર વિરેન્દ્રભાઈ કતીરાના સસરા. સ્વ.રમેશભાઈ, દિલીપભાઈ, બીપીનભાઈ, મીનાબેન કિશોરભાઈના ભાઈ. તા. ૬/૪/૨૫ને રવિવારના રામચરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૮/૪/૨૫ને મંગળવારના, ૫ થી ૭. પવાણી હૉલ, મહાજન વાડી, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

કાયદાનું જોખમ

ગૌરવ મશરૂવાળા
feedback@
bombaysamachar.com

'જો એકસાથે દસ હજાર માણસો સ્ટોક્સની છણાવટ કરી રહ્યા હોય અને એમાંથી ઉત્તમ સ્ટોક્સની પસંદગી કરવાનો પ્રયાસ કરી રહ્યા હોય ત્યારે માત્ર એક જ જણ એમાં સફળ નીવડે છે અને આ જ હકીકત છે.'

- મર્ટોન મિલર

રોકાણ સંબંધી વિવિધ જોખમોની ચર્ચામાં આ વખતે આપણે લેજિસ્લેટિવ રિસ્ક પર આવી ગયા છીએ. કોમર્સ લાઇનમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીને આ જોખમ વિશે ભણાવવામાં આવે છે, પરંતુ એ વખતે બિઝનેસ સામેના જોખમ તરીકે તેનો પરિચય આપવામાં આવે છે. કાયદા સંબંધિત આ જ જોખમ રોકાણને પણ લાગુ પડે છે. સરકાર જ્યારે પણ નવા નિયમો, ધોરણો કે નવા કાયદાની જાહેરાત કરે ત્યારે તેની અસર રોકાણના આપણા વ્યૂહ અને તત્કાલીન પોર્ટફોલિયો પર પડી શકે છે.

આપણી નાણાકીય તથા રોકાણ અને સંપત્તિસર્જનને લગતી ટેવોમાં પરિવર્તન લાવનારા નાણાકીય ક્ષેત્રે આવેલા કેટલાક ફેરફારો અહીં તરત યાદ આવે છે, જેમકે

૧) ડિમોનેટાઇઝેશન એટલે કે નોટબંધી

૨) ડેટ ફંડ માટે લાંબા ગાળાના રોકાણની વ્યાખ્યામાં ફેરફાર. આ ફેરફાર મુજબ હવે એક નહીં, પણ ત્રણ વર્ષ માટેનું રોકાણ લાંબા ગાળાનું રોકાણ કહેવાય છે.

૩) વેલ્થ ટેક્સ, એસ્ટેટ ડ્યૂટી, લેન્ડ સીલિંગ ઍક્ટની નાબૂદી

૪) ગોલ્ડ કન્ટ્રોલ ઍક્ટની નાબૂદી

કાયદા બદલાયાનાં અનેક ઉદાહરણ જોવા મળે છે. એ ફેરફારને લીધે પોર્ટફોલિયોને ફાયદો પણ થઈ શકે અને નુકસાન પણ થઈ શકે છે. વળી, આ પરિવર્તન ઓચિંતું આવે છે. પોર્ટફોલિયો પર ક્યારેક પ્રત્યક્ષ રીતે અને ક્યારેક પરોક્ષ રીતે અસર થાય છે.

ઉદાહરણ તરીકે, જ્યારે સરકારે મુંબઈમાં ટેક્સટાઇલ મિલની જગ્યા કોમર્શિયલ બાંધકામ માટે આપવાનો નિર્ણય લીધો ત્યારે રિયલ એસ્ટેટ માર્કેટમાં ધરખમ ફેરફાર આવી ગયો. એ પરિવર્તનનો પ્રત્યક્ષ લાભ થયો. તેને પરિણામે મુંબઈમાં નવું બિઝનેસ ડિસ્ટ્રિક્ટ ઊભું થયું. તેને લીધે રોજગારો પણ સર્જાયા તથા અનેક ઉદ્યોગોને પણ લાભ થયો. રિયલ એસ્ટેટમાં કરાયેલા રોકાણ પર અને જેમની પ્રોપર્ટી હતી એમના માટે તેની ઘણી મોટી અસર થઈ.

બીજી બાજુ, ડેટ આધારિત મ્યુચ્યુઅલ ફંડનું કેપિટલ ગેન્સનું માળખું બદલવામાં આવ્યું ત્યારે આવા મ્યુચ્યુઅલ ફંડના રોકાણ પર ફટકો પડ્યો અને બેન્કની ફિક્સ્ડ ડિપોઝિટ વધુ આકર્ષક બની. આમ, ફિક્સ્ડ ડિપોઝિટના રોકાણ પર પરોક્ષ અસર થઈ.

આ બધા વચ્ચે નાણાકીય સલાહકાર તરીકે અમારું કામ આવા જોખમથી બચાવવાનું પણ હોય છે. દરેક વ્યક્તિને એવા પ્રકારના રોકાણનો વ્યૂહ અપનાવવાનું કહેવામાં આવે છે, જેમાં અલગ અલગ પ્રકારની અસ્કયામતોમાં તથા અલગ અલગ દેશોમાં રોકાણ કરવાનું હોય છે. ભારતીયોને વર્ષ ૨૦૦૪માં લાવવામાં આવેલી 'લિબરલાઇઝ્ડ રેમિટન્સ સ્કીમ'ને લીધે લાભ થયો હતો. એ સ્કીમની હાલની જોગવાઈ મુજબ ભારતીય રહેવાસી દેશની બહાર દર વર્ષે અઢી લાખ ડૉલર જેટલા મૂલ્યનું રોકાણ કરી શકે છે. કેટલાક દેશોને બાદ કરતાં આ રકમ વિશ્વના તમામ દેશમાં રોકી શકાય છે. એ રોકાણ જે-તે દેશની સરકારના નિયમન હેઠળની કોઈ પણ સ્કીમમાં થઈ શકે છે.

એક દેશમાં ઊભા થતા લેજિસ્લેટિવ રિસ્કની સામે બીજા દેશમાં કરેલા રોકાણ દ્વારા હેજિંગ એટલે કે જોખમ સામે રક્ષણ લેવામાં આવે છે. અમે ડાઇવર્સિફિકેશનની દૃષ્ટિએ પણ અમારા વાચકો, દર્શકો અને ક્લાયન્ટ્સને આ સ્કીમનો લાભ લઈને થોડું રોકાણ દેશની બહાર કરવાની સલાહ આપીએ છીએ. એવા વખતે કેટલાક લોકો કહે છે કે અમને ભારતમાં જ સારું વળતર મળે છે ત્યારે અમારે વિદેશમાં રોકાણ શું કામ કરવું ?

આના જવાબમાં એ કહેવું જરૂરી છે કે જોખમ અને વળતર એક જ સિક્કાની બે બાજુ હોય છે. જ્યારે પણ સારું વળતર મળતું દેખાય ત્યારે સમજી જવું કે તેની સાથે વધુ જોખમ પણ સંકળાયેલું છે. આપણે ફક્ત ભારતમાં રોકાણ કરીએ ત્યારે 'ઑલ એગ્સ ઇન વન બાસ્કેટ'ની વાત લાગુ પડે છે. આપણે ઈક્વિટી, ડેટ, સોનું, રિયલ એસ્ટેટ, વગેરે તમામ રોકાણો ભારતમાં અને ભારતીય રૂપિયામાં કરીએ છીએ. આથી ભારતના કોઈ પણ કાયદાકીય ફેરફારની અસર તેના પર થઈ શકે છે અને એ વખતે આપણે કંઈ કરી શકતા નથી. અન્ય દેશોમાં ડાઇવર્સિફિકેશન કરેલું હોય તો પોર્ટફોલિયો પરનું જોખમ ઘટી જાય છે.

આનંદની વાત છે કે હવે તો ભારતમાં પણ એવાં મ્યુચ્યુઅલ ફંડ આવ્યાં છે, જે પોતાની પાસે એકઠા થયેલા ભંડોળનું રોકાણ વિદેશમાં કરે છે. જોખમને ઘટાડવા માટે આવી સ્કીમનો લાભ પણ લેવા જેવો છે.

અહીં એક વાત ખાસ જણાવવા જેવી છે. પ્રવર્તમાન ધોરણોમાં, નિયમોમાં કે કાયદાઓમાં રહેલી છટકબારીઓને લીધે ઘણું મોટું વળતર મળતું હોય એવા પ્રકારનું રોકાણ ક્યારેય કરવું નહીં. સરકારને જ્યારે પણ આવી છટકબારીની ખબર પડે ત્યારે તે તત્કાળ ધોરણે તેને બંધ કરવાનો નિર્ણય લઈ શકે છે.

કાયદાસંબંધી જોખમથી બચવા માટે અલગ અલગ દેશોમાં રોકાણ કરવું અને તંત્ર કે નિયમોમાં રહેલાં છીંડાં મારફતે નાણાં કમાવાની વૃત્તિ ટાળવી. ■

નવા નાણાકીય વર્ષને...
વીમાના મજબૂત કવચ સાથે રંગેચંગે વધાવો

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

દરેક નવા નાણાકીય વર્ષમાં કેટલીક જૂની પરંપરાઓ ચાલુ રાખીને કેટલાંક નવાં પગલાં ભરવાની જરૂર હોય છે. એમાં પરિવારની નાણાકીય સ્થિતિ અને પરિવારજનોના વીમાની સ્થિતિનું આકલન મુખ્ય કામ હોય છે. ઘરના દરેક સભ્યને વીમાનું પૂરતું કવચ મળ્યું હોય અને સાથે સાથે એ વીમાના પ્રીમિયમનો બોજ ઘરના મોભી પર વધુપડતો ન થઈ જાય એ જોવાનું અગત્યનું હોય છે. આમાં જીવન વીમો, આરોગ્ય વીમો, મોટર વીમો તથા બીજા અનેક પ્રકારના વીમાનો સમાવેશ થાય છે.

આ નવા નાણાકીય વર્ષના પ્રારંભે તમારે કઈ કઈ બાબતનું ધ્યાન રાખવાનું છે એના પર એક નજર કરી લઈએ:

૧) હાલની તમામ વીમા પોલિસીઓની સમીક્ષા કરી લેવી

સમીક્ષા વખતે આ પ્રશ્નોના જવાબ શોધવા:

*શું જીવન વીમાનું અને આરોગ્ય વીમાનું પૂરતું કવરેજ લીધું છે?

* શું તમારી આવક, તમારા પર નિર્ભર વ્યક્તિઓની સંખ્યા અથવા તમારી જીવનશૈલીમાં કોઈ ફેરફાર આવ્યો છે

અને શું એના આધારે વીમામાં કોઈ ફેરફાર કરવાની જરૂર છે?

* શું તમારી પોલિસીઓ લાંબા ગાળાનાં નાણાકીય લક્ષ્યો પૂરાં કરનારી છે?

આ ઉક્ત સવાલના જવાબ મળી ગયા બાદ, જો બાકી રહી ગયું હોય તો, નોમિનીની વિગતો, સંપર્કની વિગતો તથા બેન્કની વિગતો અપડેટ કરાવી લેવી.

૨) પોલિસીઓનું સમયસર રિન્યુઅલ કરાવી લેવું

અલગ અલગ પ્રકારના વીમા પાછળ દર વર્ષે કેટલો ખર્ચ થાય છે એ જાણવા માટે દરેક પોલિસીની વિગતો, એના પ્રીમિયમ તથા મુદત, વગેરે માહિતી સાથેની એક યાદી બનાવવામાં આવે તો ઘણી સ્પષ્ટતા રહે છે. આરોગ્ય વીમો, પર્સનલ ઍક્સિડન્ટ પોલિસી, ક્રિટિકલ ઇલનેસ પોલિસી, જીવન વીમો, વાહનનો વીમા, ઘરનો વીમો એ બધાની રિન્યુઅલની તારીખ ક્યારે આવે છે એની નોંધ કરી લેવાથી એના માટેની નાણાકીય જોગવાઈનું આયોજન કરી શકાય છે.

કોઈ પણ પ્રકારના વીમાની પોલિસી એક વખત લેપ્સ થઈ જાય, તો એને ફરીથી શરૂ કરાવવાનું ખર્ચાળ અને સમય બગાડનારું સાબિત થાય છે. ક્યારેક એ ઘણું મોટું નુકસાન પણ કરી શકે છે.

આમ છતાં, જો કોઈ પોલિસીનું રિન્યુઅલ કરાવવાનું રહી ગયું હોય તો ગ્રેસ પીરિયડનો ઉપયોગ કરીને પોલિસી બચાવી લેવી. સામાન્ય રીતે આરોગ્ય વીમામાં ગ્રેસ પીરિયડ ૧૫થી ૩૦ દિવસનો હોય છે. જીવન વીમામાં પોલિસી ફરીથી ચાલુ કરાવવાનો વિકલ્પ મળે છે, પરંતુ એમ કરતી વખતે દંડ ભરવો પડી શકે છે અથવા તો કંપની આરોગ્યનું પરીક્ષણ કરાવવાની શરત રાખી શકે છે.

૩) આવક વેરા ધારાની કલમ ૮૦સી અને ૮૦ડીનો લાભ લેવો

આવક વેરા ખાતાની જૂની કરપ્રણાલીમાં જીવન વીમા માટે કલમ ૮૦સી અને આરોગ્ય વીમા માટે કલમ ૮૦ડી હેઠળ કરરાહત મળે છે. બીજું કોઈ ડિડક્શન લીધું ન હોય તો ૮૦સી હેઠળ ૧.૫ લાખ રૂપિયા સુધીના પ્રીમિયમનું આવક વેરામાંથી ડિડક્શન લઈ શકાય છે અન્યથા કુલ ૧.૫ લાખની મર્યાદામાંથી પાત્રતા મુજબનું ડિડક્શન મળે છે.

આરોગ્ય વીમામાં કલમ ૮૦ડી હેઠળ કરદાતા, એમના જીવનસાથી અને સંતાનો મળીને કુલ ૨૫,૦૦૦ રૂપિયાનું ડિડક્શન મળે છે. જો કરદાતાનાં માતા-પિતા વરિષ્ઠ નાગરિક હોય તો વધારાનું ૫૦,૦૦૦નું અને વરિષ્ઠ નાગરિક ન હોય તો વધારાનું ૨૫,૦૦૦ રૂપિયાનું ડિડક્શન મળે છે. આથી યોગ્ય કવરેજ અને યોગ્ય કરલાભનો સમન્વય સાધવો.

૪) આરોગ્ય વીમાના કવરેજનું પુનઃ આકલન કરવું

વર્તમાન સમયમાં તબીબી સારવારનો ખર્ચ ખૂબ જ વધી ગયો છે. આવામાં આરોગ્ય વીમાની સમીક્ષા દર વર્ષે જરૂરી બને છે. એના માટે આ મુદ્દાઓને ધ્યાનમાં લેવા:

* કોઈ સારો પ્લાન મળે તો એમાં પોર્ટિંગ કરાવવું

* વધારાનું કવરેજ મેળવવા માટે ટોપ અપ કે સુપર ટોપ અપનો ઉપયોગ કરવો, કારણ કે એમાં ઓછા ખર્ચે વધુ

કવરેજ મળે છે

* ઉંમર અને જીવનશૈલી બદલાવાની સાથે આવશ્યક જણાય તો પરિવારજનોના કવરેજમાં આવશ્યક ફેરફાર

કરી શકાય છે

૫) ટર્મ લાઇફ ઇન્સ્યોરન્સનું આકલન કરવું

ઘણા પરિવારોમાં જીવન વીમાના પ્રકારો વિશે જાણકારી હોતી નથી. આથી, સૌથી પહેલાં અલગ અલગ પ્રકારના જીવન વીમાનો અભ્યાસ કરી લેવો અને પોતાના પરિવાર માટે શું વધારે સારું રહેશે એ નક્કી કરી લેવું. વર્તમાન સમયમાં 'ટર્મ લાઇફ ઇન્સ્યોરન્સ' ઓછા પ્રીમિયમમાં વધુ કવરેજ આપનારી પોલિસી હોય છે. એમાં પણ સમયે સમયે વધારો કરી શકાય છે. આ સંબંધે અહીં દર્શાવેલા મુદ્દાઓને ધ્યાનમાં રાખવા:

*વાર્ષિક આવકના ઓછામાં ઓછી દસથી પંદર ગણી રકમનો ટર્મ પ્લાન ઇચ્છનીય કહી શકાય.

* ટર્મ પોલિસીની મુદત ઓછામાં ઓછી નિવૃત્તિ સુધીની અથવા તો તમે નાણાકીય દૃષ્ટિએ સ્વતંત્ર થઈ જાઓ

ત્યાં સુધીની હોય તો વધારે સારું કહેવાય.

૬) રાઇડર્સ અને ઍડ-ઓનમાં આવશ્યક ફેરફાર કરવા

સમય-સંજોગો અનુસાર ઍક્સિડેન્ટલ ડેથ બેનિફિટ, ક્રિટિકલ ઇલનેસ કવર, હોસ્પિટલ કેશ અને વેઇવર ઑફ પ્રીમિયમ એ બધાં રાઇડર્સ અને ઍડ-ઓનમાં આવશ્યક ફેરફાર કરાવી લેવા. એ બધાને લીધે પ્રીમિયમમાં ઘણો વધારો થતો નથી, પણ વધુ રક્ષણ જરૂર મળે છે.

૭) વીમાના રેકર્ડનું ડિજિટાઇઝેશન કરાવી લેવું

આ જમાનો ડિજિટાઇઝેશનનો છે તેથી પોલિસીના દસ્તાવેજો હોય કે પછી પેમેન્ટની રસીદો હોય, એ બધાનું ડિજિટાઇઝેશન કરાવી લેવું. સાથે સાથે ક્લેમનાં ફૉર્મ તથા વીમા કંપનીઓની કે વીમા ઍજન્ટની માહિતી પણ ઓનલાઇન હાથવગી રાખવી. પોલિસીનું યોગ્ય સંચાલન કરવા માટે ડિજિલોકરની સુવિધાનો ઉપયોગ ચોક્કસપણે કરવા જેવો છે.

૮) વીમાની નવી જરૂરિયાતો પૂરી કરવા માટેનું આયોજન કરી લેવું, જેમકે

* જો પરિવારમાં વૃદ્ધિ થવાની હોય તો મેટરનિટી હેલ્થ કવર લઈ લેવું

* નવું ઘર ખરીદવાના હો તો ઘરનો વીમો લઈ લેવો

* વિદેશપ્રવાસે જવાના હો તો પ્રવાસ વીમો લઈ લેવો

* ઘરમાં પાળેલા જાનવરનો પણ વીમો મળે છે, તેથી ઘરમાં કોઈ પ્રાણી પાળ્યું હોય તો એનો પણ વીમો લઈ લેવો

૯) ક્લેમની હિસ્ટરી અને નો ક્લેમ બોનસની નોંધ રાખવી.

અહીં જણાવવું રહ્યું કે આરોગ્ય વીમામાં અને વાહનના વીમામાં 'નો ક્લેમ બોનસ'ની સ્થિતિમાં બે વિકલ્પ મળે છે : એક, પ્રીમિયમ ઘટે છે અને બે, વીમાની રકમ વધી જાય છે. નો ક્લેમ બોનસનો લાભ લેવા માટે પ્રીમિયમની ચુકવણીની સમયમર્યાદા ચૂકવી નહીં. વાહનનો વીમો હોય તો સમયે-સમયે પીયુસી સર્ટિફિકેટ મેળવી લેવું અને સમયસર વાહનની ચકાસણી કરાવી લેવી. આમ ટૂંકમાં કહી શકાય કે.

જે રીતે કારતક સુદ એકમના દિવસે આપણે નવા વર્ષનો રંગેચંગે પ્રારંભ કરીએ છીએ, એ જ રીતે નવા નાણાકીય વર્ષનાં પણ વધામણાં કરવા જોઈએ અને એવા વખતે વીમાનું કવચ મજબૂત હોય એ ઘણી સારી સ્થિતિ કહી શકાય. એનાથી માનસિક શાંતિ મળે છે માટે હવે રાહ જોતા નહીં. ઉપરોક્ત મુદ્દા ફરી વાર વાંચીને એનું અનુસરણ કરવા માંડો. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

ગરમીમાં અળાઈથી પરેશાન?
આ રહ્યા એના ઘરગથ્થુ ઉપાય

દાદીમાનું વૈદું એ નાનીનાની પરેશાનીઓમાં કામ આવતા સાવ સસ્તા, સરળ અને હાથવગા ઉપાય હોય છે.

ઉનાળામાં ઉષ્ણતાનો પારો ઐતિહાસિક સપાટીએ પહોંચી રહ્યો છે ત્યારે ગરમીમાં પરેશાન કરતી અળાઈઓ માટે પણ આવા કેટલાક ઘરગથ્થુ ઉપાયો કામ આવી શકે છે.

આવો, જાણીએ શું છે એ ઉપાય

મુલતાની માટી

અળાઈઓ પેદા કરતી ગરમીથી છુટકારો મેળવવાનો એક ખૂબ જ જૂનો અને અનુભવી ઉપાય છે મુલતાની માટીનો ઉપયોગ. મુલતાની માટી ઠંડી છે અને ગરમીને શોષવાનું કામ કરે છે. આના ઉપયોગથી તમે અળાઈઓથી રાહત મેળવી શકો છો.

મુલતાની માટીમાં ગુલાબજળ મિક્સ કરીને પેસ્ટ બનાવો. તેને જ્યાં અળાઈઓ થઇ હોય તે ત્વચા પર ૧૫ મિનિટ સુધી રહેવા દો અને પછી ધોઈ લો. અચૂક રાહત મળશે. જોકે, ઘણાને મુલતાની માટી સદતી નથી. એમણે આ પ્રયોગ કરવો નહીં.

એલોવેરા

અળાઈઓ ઉપર એલોવેરા પણ સારી અસર દર્શાવે છે. તેના હિલિંગ અને સુથિંગ સાજું કરતા અને સાતા આપનારા ગુણો ત્વચા માટે સારા સાબિત થાય છે.

એલોવેરાના પાનમાંથી તાજો એલોવેરા પલ્પ કાઢો. તેને અળાઈઓ ઉપર ૧૫ થી ૨૦ મિનિટ માટે લગાવો અને પછી તેને ધોઈ લો.

તમને રાહતનો અનુભવ થશે.

કાકડી

કાકડીની ગણતરી નેચરલ કુલન્ટમાં (ઠંડક આપે) થાય છે. જો કાચી કાકડીને અળાઈઓ પર લગાવવામાં આવે તો તે શરીરને રાહત આપે છે અને અળાઈની સમસ્યાઓને દૂર કરવામાં પણ અસરકારક છે. તમે કાકડીને કાપીને અળાઈઓ પર લગાવી શકો છો. આનાથી શરીરને હાઇડ્રેશન-ભીનાશ પણ મળે છે.

બરફ રાખો તમારી આસપાસ

શરીરને ઠંડો સેક આપવાથી પણ ગરમીની ફોલ્લીઓમાંથી રાહત મળી શકે છે. ઠંડા સેક માટે ફોલ્લીઓ પર બરફ લગાવી શકાય છે. બરફ ગરમીની ફોલ્લીઓને ઠંડક આપે છે અને ફોલ્લીઓને ઘટાડવામાં



મદદ કરશે. અળાઈઓ થઇ હોય ત્યારે, ખૂબ ઠંડા પાણીથી સ્નાન કરવું પણ સારું છે. તમે સ્વચ્છ સુતરાઉ કાપડના રૂમાલમાં બરફ મૂકીને તેનાથી સેક પણ કરી શકો છો.

ઓટમીલનો ઉપયોગ

ઓટમીલ (જવ) પાણીમાં નાખીને નહાવાથી બળતરા ઓછી થાય છે અને આથી ગરમીના ચકામા કે અળાઈઓ પણ મટે છે. આ માટે ઓટમીલને કપડામાં બાંધી લો અને આ કપડાને થોડીવાર પાણીમાં પલાળી રાખો. જો પાણીનો રંગ બદલાવા લાગે તો આ પાણીને અળાઈઓ પર થોડી વાર લગાવીને રાખો અને તેનાથી સ્નાન કરો. તમે હળવાશ અનુભવવા લાગશો.

લીમડાનાં પાન

'નેશનલ લાઇબ્રેરી ઓફ મેડિસિન' દ્વારા પ્રકાશિત અભ્યાસ અનુસાર, લીમડામાં એન્ટિમાઇક્રોબાયલ, એન્ટિ-ફંગલ અને એન્ટિ-ઇન્ફ્લેમેટરી ગુણ જોવા મળે છે. આ તમામ ગુણધર્મો ત્વચા પર ખંજવાળ અને ચેપમાં અસરકારક માનવામાં આવે છે. લીમડાના પાનને પીસીને અસરગ્રસ્ત જગ્યા પર લગાવો. આ સિવાય લીમડાના પાનને હૂંફાળા પાણીમાં પલાળી રાખો અને તેને ૩૦ થી ૪૦ મિનિટ સુધી રહેવા દો, પછી તે પાણીને તમારી અસરગ્રસ્ત ત્વચા પર લગાવો. તમે થોડી બળતરા અનુભવી શકો છો, પરંતુ તે ખૂબ જ ઝડપથી રાહત આપશે. બાળકોની ત્વચા પર લીમડાનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ.

ગરમીની ઋતુ દરમિયાન આટલું ધ્યાન રાખો

દિવસમાં બે વાર ઠંડા પાણીથી સ્નાન કરો. જ્યારે પણ તમે વ્યાયામ કરો અથવા વોક પર જાઓ, ત્યારે જો તમને પરસેવો થતો હોય તો નહાવાનું ભૂલશો નહીં. સ્નાન કર્યા પછી ત્વચાને સારી રીતે સુકાવો. જો ત્વચા ભીની રહે, તો ત્વચા પર જળવાયેલા ભેજને કારણે ફોલ્લીઓ થવાનું જોખમ રહેલું છે. અળાઈઓ સામાન્ય રીતે અંડરઆર્મ્સ અને ગરદન-પીઠ પર જોવાં મળે. એ ચામડીના ફોલ્ડ્સને અથવા જ્યાં ખૂબ પરસેવો થતો હોય તેવા શરીરના ભાગને અસર કરે છે. આ સ્થિતિથી બચવા માટે ઉનાળામાં ઢીલા અને સુતરાઉ કપડાં પહેરો. ચુસ્ત અને કૃત્રિમ કપડાં પહેરશો નહીં, કારણ કે તે ત્વચામાંથી પરસેવો શોષી શકતા નથી. જો ત્વચા પર લાંબા સમય સુધી પરસેવો જામતો રહે તો તેનાથી ગરમીમાં ફોલ્લીઓ અને ખંજવાળ આવવા લાગે છે. ■

feedback@bombaysamachar.com

આજની ટૂંકી વાર્તા

માના વ્યાસ (સ્પંદના)

પીળા આકાશ નીચે

સપ્ટેમ્બર મહિનાના આખરના દિવસોની સલૂણી સંધ્યાએ પીળા રંગની રંગોળીથી આકાશને ભરી દીધું હતું. જુહૂ બીચના રાખોડી દરિયા પર સોનેરી ઢોળ ચડતો હતો. બે-ચાર વાદળી આ દૃશ્ય જોવા રોકાઈ ગઈ એમાં પીળા રંગની છોળમાં રંગાઈ ગઈ હતી.

બીચને અડીને આવેલા નાના ગાર્ડનને ખૂણે આવેલી બેંચ પર એક યુગલ બેઠું હતું. બેંચ પરથી સામે અફાટ સાગર ઘૂઘવતો દેખાતો હતો. હર થોડી મિનિટોમાં એક પ્લેન ગગનની વિશાળતામાં ખોવાઈ જતું હતું.

ઊતરતી યુવાની અને નજીક આવતાં વૃદ્ધત્વ વચ્ચે રહેલા સમયને જીવી લેવાની મથામણમાં એ યુગલ સાંજની એક એક ક્ષણને માણતું બેઠું હતું.

'તને આવું સપ્ટેમ્બર મહિનાનું પીળું આકાશ ખૂબ ગમતું ને?' પુરુષ હળવેથી બોલ્યો.

'ઘણીવાર તું જીદ કરીને કમાટીબાગ લઈ જતી ને ત્યાં ઘાસમાં સૂતાં સૂતાં પીળચટ્ટું આકાશ જોયા કરતી.'

'કેમ તને એ જોવાનું નહોતું ગમતું?' સ્ત્રીએ મોં પુરુષ તરફ ફેરવી લાડથી પૂછ્યું.

'તને એ દૃશ્ય જોતાં જોયા કરવી ગમતું. તને જે ગમતું એ બધું ગમતું.' પુરુષની આંખમાં આસક્તિ ઊતરી આવી.

બંને ઘડીભર એકમેક તરફ જોતાં રહ્યાં પછી એક હળવો નિસાસો નાખી ફરી દરિયા તરફ જોવાં લાગ્યાં.

'ત્રીસ વર્ષ થઈ ગયાં. સમય જાણે જંગલી જાનવર પાછળ પડ્યું હોય એમ દોડતાં પસાર થઈ ગયો. વચ્ચે ક્યારેય પીળું આકાશ નહોતું જોયું?' પુરુષે પૃચ્છા કરી.

'જોતી હતી ને. દરેક સપ્ટેમ્બરમાં, પણ બારીમાંથી નજર કરું ત્યાં કોઈ વાર મહેમાન આવ્યા હોય કે બાળક રડતું હોય અથવા સાસુ-સસરામાંથી કોઈ બીમાર હોય. ઘણી વાર આકાશને જોવા કરતાં સમયસર કામ પરથી ઘરે પહોંચવાનું વધુ જરૂરી રહેતું હતું.' સ્ત્રીનો અવાજ અત્યંત મધુર હતો, પણ તેમાં થોડી નિરાશાની છાંટ હતી.

'નીના, તારી તો સગાઈ પણ સપ્ટેમ્બરમાં થઈ હતી ને? મને એવું યાદ છે. મારી એન્જિનિયરિંગની ત્રીજા વર્ષની પરીક્ષા ચાલતી હતી. મારું વાંચવામાં ધ્યાન નહોતું, ત્યારે હું ત્રણ વિષયમાં ફેલ થઈ ગયેલો.' પુરુષ હસવા ગયો, પરંતુ અંતે મોં પર વિષાદની રેખા અંકાઈ ગઈ.

'મોહક, આમ જુઓ તો મારી પણ પરીક્ષા જ હતી ને.. ગમતો વિષય છોડી દેવો પડ્યો અને ક્યારેય ન શીખેલા વિષયની પરીક્ષા આપવી પડી.' સ્ત્રી જેનું નામ નીના હતું એ હળવો નિસાસો નાખતાં બોલી.

બંને ક્યાંય સુધી કંઈ ન બોલ્યાં.

જુહૂ બીચ પર ફરતાં, દોડતાં, પાળેલા શ્વાન સાથે રમતાં લોકોને જોતાં રહ્યાં.

એમ લાગતું હતું કે એમના હાથમાંથી રેતી જેમ સરી ગયેલો સમય આજે દરિયાની ભરતી ભીંજવી જશે.

'નીના તારા પપ્પા હજી એવા જ હઠાગ્રહી અને કડક છે?'

'ના રે.. એક તો પારકિન્સનના કારણે ઢીલા થઈ ગયા છે, ને દીકરાની વહુ એટલે કે મારી ભાભીએ એમનો અહંકાર ચૂરચૂર કરી દીધો છે. મમ્મી તો વહેલી જતી રહેલી. બાકી કૉલેજના પ્રિન્સિપાલ પી.ડી.આચાર્યના મોં પર પૂછયા વગર સ્મિત પણ ફરકી શકતું નહીં, એ હવે હંમેશા કોઈ મળવા આવે એની રાહ જોયા કરતા હોય છે.' નીના વ્યંગમાં હસી.

'હવે આવું મળવા?' મોહકે હસવાની કોશિશ કરી.

'હંહં..Too late. આખી જુવાની જતી રહી એક સાવ અજાણ્યા માણસ સાથે અને એના પરિવાર સાથે.'

'મમ્મી સમજાવતી રહેતી, પરણી જા.. પ્રેમ તો થયા કરશે. આખો દિવસ લવ યુ લવ યુ કહી પેટ નહીં ભરાય. ગાડી, બંગલા પણ જોઈએ. ત્યારે પપ્પા સખત બીઝી રહેતા એટલે પપ્પાની સતત ગેરહાજરી એ ગાડી અને મહિલા મંડળથી પૂરી કરતી.' નીનાના અવાજમાં કંપ ઊઠી આવ્યો.

'આજે હું બાયોલૉજીની હેડ ઑફ ધ ડીપાર્ટમેન્ટ છું અને મારી પોતાની ગાડી ખરીદી શકી છું.'

'ત્યારે મારી પાસે કંઈ નહોતું. એન્જિનિયરિંગની ડિગ્રી પણ નહોતી અને તારા પપ્પાએ મને કૉલેજમાંથી રસ્ટીકેટ કરવાની ધમકી આપેલી. હું ડરી ગયેલો.. આજે હું મોટી ફૅક્ટરીનો પાર્ટનર છું.' મોહક હજી વધુ ઉદાસ થતાં બોલ્યો.

આ વાતની મારા પપ્પાને ખબર પડી ત્યારે એ રડી પડેલા અને બે દિવસ જમ્યા નહોતા. અશક્તિથી નબળા પડી ગયા પછી મારે કરગરીને જમાડવા પડેલા. કહેતાં, 'બસ ફક્ત ભણવામાં ધ્યાન આપ. તારી બે નાની બહેનોની જવાબદારી તારા પર છે.' મારી મમ્મી મારી સાથે બે-ત્રણ દિવસ બોલી નહોતી. આજે મારી બંને બહેનો ડૉક્ટર થઈ છે. આખી હૉસ્પિટલની જવાબદારી ઉપાડી શકે છે.' નીનાએ એક ઊંડો શ્વાસ ફેફસાંમાં ભર્યો અને પછી હળવેકથી છોડ્યો.

નીનાએ મોહકના ખભે માથું મૂકી દીધું. મોહકે હાથ નીનાની આંગળીઓમાં પરોવી દીધો. મોહકને લાગ્યું કે નીનાની હથેળી સુકાઈ ગઈ છે.

નીનાને લાગ્યું મોહકનો ખભો વધુ સુદૃઢ થયો છે, પણ સુગંધ બદલાઈ ચૂકી છે.

જે મોહકનો કુમાશભર્યો ચહેરો એના સ્મરણમાં હતો એને બદલે જિંદગીના આટાપાટામાંથી પસાર થઈ ચૂકેલો, થોડો રૂક્ષ અને અનુભવી વ્યક્તિનો ચહેરો હોય એમ લાગ્યું.

બંને મનમાં વિચારી રહ્યાં હતાં કે એ વખતે માબાપની વાત ન માની હોત તો..

'અરે, સામેથી માગું આવ્યું છે, એકદમ જાણીતો પરિવાર છે અને છોકરો વેલ સેટલ્ડ છે પછી શું જોઈએ? મોહક હજી ત્રીજા વર્ષમાં છે, હજી ભણશે, પછી નોકરી કરશે, ઘરનો ભાર ઉપાડશે એમાં તારે પણ જોતરાવું પડશે સમજી? જિંદગી વીતી જાય છે પૈસો ભેગો કરવામાં. મોહકનું સાવ જૂની પોળમાં નાનું ઘર છે. પાણી પણ નીચે ભરવા જવું પડે છે.'

'હું તારો પિતા છું, મારે તો તપાસ કરાવવી જ પડે. તારા સારા ભવિષ્ય માટે અમે ચિંતા ન કરીએ તો કોણ કરશે?' પપ્પાએ વાસ્તવિકતાને વધુ ડરામણી કરતાં કહેલું.

એ પછી નીના મોહકને છેલ્લી વાર મળવા ગઈ હતી.

'મોહક શું કરીએ?'

મોહક સાવ બદલાયેલો અને ગભરાયેલો લાગતો હતો. વારંવાર આજુબાજુ જોતો રહેતો હતો.

'નીના, સોરી યાર, હું હમણાં તો લગ્ન માટે વિચારી જ નથી શકતો. એન્જિનિયરિંગની ડિગ્રી મારે માટે ખૂબ જ જરૂરી છે. તું રાહ જોઈ શકતી હોય તો, બાકી.. ઓલ ધ બેસ્ટ.'

બંને આમ જ કમાટીબાગને ખૂણે આવેલી બેંચ પર બેસી રહેલાં. સજ્જડ ભીડેલી હથેળીઓ સાંજ ઊતરતાં હળવેથી ખૂલતી ગઈ અને રાતનું અંધારું ઊતરતાં અલગ થઈ ગઈ.

'તેં રાહ કેમ ન જોઈ?' અચાનક મોહકથી બોલાઈ ગયું? એના શ્વાસમાં ખભે માથું મૂકેલી નીનાના હજી સુંવાળા રહેલા વાળમાંથી આવતી ખુશ્બુ ભળતી જતી હતી.

'આપણે બંને એકવીસ વર્ષનાં હતાં. એટલી મેચ્યોરિટી અને હિંમત ક્યાં હતાં? આપણું આખે આખું જનરેશન જ એવું હતું.'

'પણ મેં મારી દીકરીને કહી રાખ્યું છે જે ગમે એની સાથે જ પરણજે. નીનાના સ્વરમાં આર્દ્રતા ઊતરી આવી.'

'તારે દીકરી છે? શું નામ છે?'

'મોહા.૨૬ વર્ષની છે.'

"what? wow મોહક લગભગ ઊછળી પડ્યો. મોહા.. કેટલું સુંદર નામ!

'અને તારે?' નીનાએ પૂછ્યું

'એક દીકરો છે. નિનાદ. ઓગણીસ વર્ષનો છે. હું એને ઘણી વાર નીના કહી બોલાવું છું.' મોહકે નીનાની હથેળી દાબી સીધું આંખોમાં જોતાં કહ્યું.

બંને ખડખડાટ હસી પડ્યાં અને હસતાં હસતાં બંનેની આંખો તરલ થઈ ગઈ.

બંને ફરી મૌન થઈ ગયાં.

બંનેએ એકબીજાને પોતાના અસ્તિત્વમાં જીવંત રાખ્યાં હતાં.

સામે સમુદ્ર અવિરત ઊછળતો હતો. આ સાંજ પછી પણ પાછી રાત ઊતરી આવશે. ફરી સંસાર ચાલ્યા કરશે.

મોહક અને નીના જ્યારે છૂટા પડ્યાં હતાં પછી છેક ગયા વર્ષે વડોદરામાં યુનિવર્સિટી રીયુનિયન અને પોતપોતાનાં ક્ષેત્રોમાં યોગદાન બદલ આપવામાં આવતા એવોર્ડ સમારંભમાં મળી ગયાં હતાં. સ્ટેજ પર પહેલાં નીનાની સિદ્ધિઓ બદલ એવોર્ડ આપવામાં આવ્યો ત્યારે મોહક આશ્ચર્યચકિત થઈ ગયેલો. નીના નીના... એ સ્ટેજનાં પગથિયાં પાસે ઊભો રહી ગયેલો. ધડકતાં હૃદયે એણે પગથિયાં ઊતરતી નીનાને કહ્યું,

'હાય. અભિનંદન હું મોહક.'

તરુણમાંથી સીધા વાળમાં હલકી સફેદીવાળા મોહકને નીના એકદમ ઓળખી શકી નહોતી. એમણે હાથ મિલાવ્યા અને...

ત્યારે જ નક્કી કરેલું કે હવે મુંબઈમાં મળશું.

'તારા પતિ.. કેવાં છે? આઇ મીન સ્વભાવ વગેરે.. અરે ફોટો તો બતાવ?' મોહકે સહજ ભાવે કહ્યું.

નીનાએ મોબાઈલ કાઢ્યો અને પતિ જિગર અને પુત્રી મોહાનો ફોટો બતાવ્યો. 'સારા છે. હું બધી રીતે અનુકૂળ થતી ગઈ એટલે વાંધો ન આવ્યો. મેં ફક્ત આગળ ભણવા માટે અને પછી નોકરી કરવાની ઇચ્છા બતાવેલી જે એમણે પૂરી કરેલી.'

'તારી પત્ની? સુંદર છે?' નીના ઉત્સુકતાથી પૂછી બેઠી.

મોહકે આઇફોનમાં પત્ની અમિતા અને પુત્ર નિનાદનો ફોટો બતાવ્યો.

'અમિતા અમારી જ્ઞાતિની જ છે. એમ.બી.એ. પછી સારી નોકરી મળી હતી. પછી મમ્મીએ જે પહેલી છોકરી બતાવી એની સાથે લગ્ન કરી લીધાં. ઘર અને વ્યવહાર ચલાવવામાં કુશળ છે. મેં એની પાસે એથી વધુ અપેક્ષા નથી રાખી.

બંને એકબીજાને માથું ટેકવી ક્ષિતિજમાં જોતાં બેસી રહ્યાં.

એક પ્રકારની વજનદાર લાચારીની ભીંસ છાતી પર બંને જણ અનુભવી રહ્યાં. કોઈ નાના બાળકને ભાવતું આઇસ્ક્રીમ હાથમાંથી છીનવી ગળચટ્ટી લોલીપોપ હાથમાં પકડાવી દે અને હતપ્રભશું બાળક લોલીપોપ ચાટવા માંડે એવી લાગણીનો અનુભવ જાણે થઈ ગયો.

પીળું આકાશ હવે સૂરજના ડૂબવા સાથે રંગ સમેટવા માંડ્યું હતું. હવે રાત જ આવશે એની ખાતરી થવા માંડી અને રાતને આવતાં રોકી નહીં જ શકાય.

આખરે નીના કંઈ નિર્ણય પર આવી હોય એમ સીધી બેસી ગઈ અને ફરીને મોહકની સન્મુખ થઈ ગઈ. મોહકની ભરાવદાર મજબૂત હથેળીમાં પોતાના હાથ મૂકી દેતાં બોલી,

'મોહક, તકદીરે આપણને ભેગાં નથી થવા દીધાં. ખેર, કોઈ દૈવી યોજના કામ કરી ગઈ હશે. જો આપણે હજુ એક થવું હોય તો થઈ તો શકીએ, દુનિયાથી, પરિવાર અને સમાજથી લડી ઝઘડીને, પણ આપણા જૂના સંબંધો અને સ્મરણો ક્યારેય પીછો નહીં છોડે. આપણા ઘરના હિંચકા પર ઝૂલતાં આપણે આપણા પરિવારને જ યાદ કરતાં રહેશું. ત્રીસ વર્ષનાં સંભારણાં અને ઘટનાઓનું પોટલું છોડી બેસી જશું. ત્રીસ વર્ષની ચોંટેલી રજને એમ ખંખેરી નહીં શકશું. પછી વળીને પાછાં આવવાનું મુશ્કેલ બની જશે.'

'તારી વાત સાચી છે નીના. બે મિનિટ હું તારી સાથે કાયમ રહેવાનાં સ્વપ્નાં જોવા માંડેલો, પણ એ હકીકત બને તો કંઈ કેટલાં મન દુભાય એ પણ સમજાઈ ગયું, પણ આપણે વરસમાં એક વાર તો મળશું જ.. બોલ મળશે ને નીના?'

'હા.. મોહક તકદીર પાસે એટલો સમય છીનવીને લઈ આવીશ. સાવ ઘરડાં થઈએ ત્યાં સુધી. જે ડાળી પર છીએ ત્યાં પર્ણોની જેમ પીળાં પડતાં જશું પણ.. હરેક સપ્ટેમ્બરમાં પીળા આકાશ નીચે મળશું.' (સમાપ્ત) ■

ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

A	B
સાચું	LIGHT
વજન	FIGHT
લડત	SIGHT
પ્રકાશ	RIGHT
દ્રષ્ટિ	WEIGHT

ઓળખાણ પડી?

કાઠિયાવાડી શૈલીનો ખોરાક ખાવાના શોખીનોમાં ખૂબ પ્રિય એવી રીંગણમાંથી બનતી આઇટમની ઓળખાણ પડી? રોટલા સાથે ખાવામાં આવે છે.

અ) વેડમી બ) ઓળો ક) સૂરણ ડ) લોચો

ગયા વખતનો ઉકેલ

૧ હ	૨ નુ	૩ મા	ન		૪ જાં	૫ બુ	૬ વા	૭ ન	
૮ સ	ર	ર		૯ અં		૧૦ ધ	ન	વા	૧૧ ન
વું		૧૨ ગ	દ	ગ	૧૩ દ			૧૪ જૂ	લ
	૧૫ હ			૧૬ દ	શા		૧૭ મા	ની	ની
૧૮ વિ	શ્ર	વા			૧૯ હ	૨૦ ર	ખ		લ
ભી			૨૧ તા	૨૨ કું		૨૩ ત	ણ	૨૩-અ ખો	
૨૪ ષ	ટ	૨૫ ક		૨૬ ભ	૨૭ ગો			૨૮ લ	૨૯ ઇ
ણ		૩૦ ચ	મ	ક	દા	૩૧ ર			ન્દ્ર
	૩૨ ચા	ક		ર્ણ		૩૩ વ	ન	૩૪ રા	જિ
૩૫ સુ	લો	ચ	ના		૩૬ ભા	ઇ		૩૭ મ	ત

શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

૧		૨			૩	૪			૫
				૬				૭	
૮	૯			૧૦			૧૧		
			૧૨			૧૩			
૧૪						૧૫			
		૧૬		૧૭					૧૮
		૧૯				૨૦		૨૧	
૨૨	૨૩			૨૪	૨૫		૨૬		
	૨૭			૨૮					
૨૯					૩૦				

આડી ચાવી

૧. રામને દિવ્ય શસ્ત્રો આપનાર (૪)
૩. અયોધ્યાના રાજ્યગુરુ (૩)
૬. મહત્તા, મોટાઇ, આદર (૩)
૭. દુઃખ, પીડા, વેદના (૨)
૮. પાણીમાં ઉત્પન્ન થયેલું, કમળ (૩)
૧૦. ત્યારે (સં.) (૨)
૧૧. ચોખાની એક જાત (૩)
૧૨. દમન કરનાર (૫)
૧૪. મા, માતા (૨)
૧૫. જખમી, મૃત, હણાયેલું (૩)
૧૭. સત્ય, દૈવી નિયમ, પાણી (૨)
૧૯. માણસ, માનવ (૩)
૨૧. પીવું તે (૨)
૨૨. જોડકું (૩)
૨૪. શૃંગારને લગતું (૪) (જો. છૂ.)
૨૭. અમારા એ --- વિપુલ વડના ઝૂંડ સરખા (૨)
૨૮. ગિરિનો અપભ્રંશ (૨)
૨૯. અરેરાટીનો ઉદ્ગાર (૪)
૩૦. જનક રાજાના ગુરુ (૪)

ઊભી ચાવી

૧. રાવણના પિતા (૩)
૨. સ્વભાવ (૩)
૩. માગ, માગ, માગે તે આપું (૪)
૪. 'સીવવું'નું આજ્ઞાર્થ (જો. છૂ.) (૨)
૫. ભગવાન પરશુરામના પિતા (૪)
૬. અહલ્યાને શાપ આપનાર ઋષિ (૩)
૭. તમે મને --- છો. (૨)
૯. --- જવું સ્ત્રીઓને વધુ ફાવે (૩)
૧૧. મુખ્ય વ્યક્તિ, નેતા (૪)
૧૨. સ્થિતિ, હાલત (૨)
૧૩. કવિતા લખનાર (૨)
૧૪. માર્કંડેય પુરાણના રચયિતા ઋષિ (૪)
૧૬. અમલ ચલાવનાર (૫)
૧૭. એક ઋષિ, રામના બનેવી (૪)
૧૮. અત્રિ ઋષિની પત્ની (૪)
૨૦. બિસ્કિટનો એક પ્રકાર (૨)
૨૩. આધાર, ટેકો (૩)
૨૫. ગારો લઇ જનારા મજૂરો (૩)
૨૬. એક છંદ (૩)

ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'વહુએ વગોવ્યા મોટા ખોરડાં રે લોલ' પંક્તિમાં 'ખોરડાં' શબ્દનો અર્થ જણાવો.

અ) ખેતર બ) પિયર ક) મકાન ડ) સંબંધ

ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ HISTOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) શરીર બ) ઈતિહાસ ક) કોષ ડ) ત્વચા

માતૃભાષાની મહેક

ચોર આંક એટલે માલ પર લખેલો મૂળ કિંમતનો સહેલાઈથી નજરે ન ચડે એવો આંકડો. ખરીદેલા માલની પડતર કિંમત જાણી શકાય એ રીતે સીધી નજરે ધ્યાનમાં ન આવે એવો આંકડો. આગળો એટલે કમાડ ખોલવા અને બંધ કરવા માટેનું સાધન જે ઉલાળિયો તરીકે પણ ઓળખાય છે. આ સાધન નાનું હોય તો આગળી તરીકે ઓળખાય છે. સહેલાઈથી નજરે ન ચડે એવી આગળી ચોરઆગળી કહેવાય છે.

ઈર્શાદ

તીર્થો બધાય પૂજ્યા, તીરથ ઘણાંય કીધાં,
એકેય જાતરામાં માનો વિકલ્પ ક્યાં છે?

– નીતિન વડગામા

માઈન્ડ ગેમ

આજની તારીખમાં મુંબઈમાં વિવિધ મેટ્રો દોડે છે. વર્સોવા - ઘાટકોપર વચ્ચેની પહેલી મેટ્રો ટ્રેનની શરૂઆત ક્યા વર્ષમાં થઈ હતી એ જણાવો.

અ) ૨૦૦૯ બ) ૨૦૧૨
ક) ૨૦૧૪ ડ) ૨૦૧૭

સુડોકુ-૮૦૫૬

૮			૧		૫			૪
૩		૬	૮		૪	૧		૨
	૪						૫	
૬		૮				૯		૩
	૧						૬	
૪		૨				૮		૫
	૮						૭	
૧		૩	૪		૭	૨		૯
૭			૯		૬			૧

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૮૦૫૫

૪	૭	૫	૮	૯	૬	૧	૨	૩
૬	૮	૨	૩	૭	૧	૫	૪	૯
૧	૯	૩	૨	૪	૫	૭	૮	૬
૨	૬	૯	૪	૩	૭	૮	૫	૧
૩	૪	૧	૯	૫	૮	૬	૭	૨
૮	૫	૭	૧	૬	૨	૯	૩	૪
૯	૨	૮	૭	૧	૪	૩	૬	૫
૫	૧	૪	૬	૮	૩	૨	૯	૭
૭	૩	૬	૫	૨	૯	૪	૧	૮

ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

A	B
ગ્રંથિ	GLAND
પરિચારિકા	NURSE
તીવ્ર	CHRONIC
રક્તશુદ્ધિ	DIALYSIS
રોગનિદાન	PROGNOSIS

ઓળખાણ પડી?
સંદેશ

ગુજરાત મોરી મોરી રે
મન

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ઈરાદો

માઈન્ડ ગેમ
હરિયાળ

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) ધીરેન ઉદેશી (૪) ગીતા ઉદેશી (૫) પ્રતિમા પમાણી (૬) નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) વિભા મહેશ્વરીપ (૧૦) હર્ષા મહેતા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) મહેશ દોશી (૧૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૫) નુતન વિપીન (૧૬) પુષ્પા પટેલ (૧૭) ભારતી બુચ (૧૮) મુલરાજ કપૂર (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) લજિતા ખોના (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) પુષ્પા ખોના (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૯) ભાવના કર્વે (૩૦) સુભાષ મોમાયા (૩૧) અંજુ ટોલિયા (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) અલકા વાણી (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નિતિન બજરિયા (૪૧) પુષ્પા ખોના (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) અરવિંદ કામદાર

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

‘રાજયોગ’ એટલે શું...? ‘યોગ’ એટલે શું...?

(ગતાંકથી ચાલુ)

(૧) શ્રીમદ્ ભગવદ્ ગીતાના નવમા અધ્યાયને ‘રાજવિદ્યા રાજગુહ્ય યોગ’ નામ અપાયું છે. અહીં વિશેષ કરીને तत्कुरुष्वमदर्पणम् (તે બધું મને સમર્પિત કર) – ની વાત કહેવામાં આવે છે. એનો અર્થ એમ કે અહીં રાજવિદ્યાનો અર્થ સમર્પણયોગ છે. ગીતા ઉત્તમ કોટિનો સાધનગ્રંથ છે. ગીતોક્ત આ સમર્પણયોગ શિરમોર સાધનમાર્ગ છે. ગીતોક્ત સાધનમાર્ગની સર્વોચ્ચ ઉપયુક્તતા વિશે બે મત જ ન હોય, પરંતુ એટલું સમજી લેવું આવશ્યક છે કે ભગવાન પતંજલિ યોગસૂત્રમાં જે ‘રાજયોગ’ની વાત કહે છે, તે અને ગીતાના નવમા અધ્યાયમાં જે રાજવિદ્યાની વાત કરવામાં આવેલ છે, તે બંને એક જ નથી. બંને ઉચ્ચકોટિના સાધનમાર્ગ છે અને બંનેમાં ‘રાજ’ શબ્દ સામાન્ય છે, છતાં બંનેમાં ભિન્ન ભિન્ન સાધનમાર્ગની વાત કરવામાં આવી છે, એટલું સમજી લેવું જોઈએ.

(૨) વર્તમાનકાળમાં અનેક નવી નવી સાધન પદ્ધતિઓ પ્રચારમાં આવી છે. તેમાંની કેટલીક પદ્ધતિઓ માટે ‘રાજયોગ’ શબ્દ પ્રયોજાય છે. તેમાંની કોઈ પદ્ધતિનો નામોલ્લેખ કર્યા વિના કે તેમનું અવમૂલ્યન કરવાના ઈરાદા વિના અહીં માત્ર એટલું જ કહેવાનું છે કે આપણી સનાતન પરંપરા પ્રમાણે ‘રાજયોગ’ શબ્દ જે સાધનમાર્ગ માટે પ્રયોજાય છે તે અને આ નવા સાધનમાર્ગો સાવ ભિન્ન છે. માત્ર નામના સાદૃશ્યને કારણે આપણે ભ્રમમાં ન પડીએ તે જરૂરી છે.

૪. રાજયોગ એટલે શું?

યોગસૂત્રમાં ભગવાન પતંજલિ દ્વારા અપાયેલ ‘અષ્ટાંગ યોગ’ને સનાતન પરંપરાથી ‘રાજયોગ’ કહેવામાં આવે છે. યોગસૂત્રમાં ‘રાજયોગ’ શબ્દનો ઉપયોગ એક પણ વાર થયો નથી, પરંતુ પરંપરાથી પતંજલિ પ્રણિત અષ્ટાંગ યોગ માટે ‘રાજયોગ’ શબ્દનો પ્રયોગ થાય છે. ‘રાજ’ શબ્દ અહીં પ્રધાન, વિશાળ કે ઉત્તમ (Royal)ના અર્થમાં વપરાયો છે. અથવા રાજમાર્ગ એટલે વિશાળ રસ્તો, તે પ્રમાણે રાજયોગ વિશાળ રાજમાર્ગ જેવો સાધનમાર્ગ છે, જેના પર સૌ કોઈ ચાલી શકે તેમ છે, એવો અર્થ પણ લેવાય છે. આ ઉપરાંત ‘રાજ’ શબ્દ દ્વારા આ ઉત્તમ સાધનપથ છે, એમ પણ સૂચિત થાય છે.

રાજયોગ અર્થાત્ અષ્ટાંગયોગનો પ્રધાન ગ્રંથ ભગવાન પતંજલિપ્રણિત ‘યોગસૂત્ર’ છે. યોગસૂત્ર બીજા સૂત્રમાં રાજયોગની સર્વાંગસંપૂર્ણ કહી શકાય તેવી સુંદર, યથાર્થ અને ટૂંકી છતાં સચોટ વ્યાખ્યા આપવામાં આવેલ છે.

ભગવાન પતંજલિ અહીં કહે છે –

योगश्चितवृत्तिनिरोधः । –

योगसूत्र; ૧.૨

‘યોગ એટલે ચિત્તવૃત્તિઓનો નિરોધ’

રાજયોગના યથાર્થ સ્વરૂપને સમજવા માટે આ વ્યાખ્યાને સ્પષ્ટ રીતે સમજી લેવાનું આવશ્યક અને અનિવાર્ય છે. આ વ્યાખ્યામાં આવતા ચારે શબ્દો રાજયોગને સમજવા માટે ચાવીરૂપ શબ્દો છે, તેથી આપણે પ્રથમ આ ચારે શબ્દોનો અર્થ સમજીએ અને પછી આ વ્યાખ્યાને સમગ્રતયા સમજવાનો પ્રયત્ન કરીએ.

(૧) યોગ:

‘યોગ’ શબ્દ સંસ્કૃત ‘યુજ્’ ધાતુ પરથી બનેલો છે. સંસ્કૃતમાં યુજ્ એટલે જોડવું, એવો થાય છે. આ અર્થમાં યોગ એટલે જોડાણ. ‘युज्यते असौ योग:’ એવી વ્યુત્પત્તિ ‘યોગ’ શબ્દની આપવામાં આવે છે. આ રીતે યોગ શબ્દનો આવો અર્થ સિદ્ધ થાય છે – યોગ એટલે જેનાથી જોડાણ સધાય છે તે. આમ શબ્દના વ્યુત્પત્તિમૂલક અર્થની દૃષ્ટિએ વિચારીએ તો યોગ એટલે જોડાણ અથવા જે સાધનમાર્ગથી જોડાણ સિદ્ધ થાય છે તે સાધનમાર્ગ. હવે પ્રશ્ન એ થાય છે કે અહીં કોનું જોડાણ સિદ્ધ થાય છે. પ્રત્યકે આત્મા (Individual Soul)નું પરમાત્મા સાથેનું આ જોડાણ છે.

યોગના આ અર્થની વિરુદ્ધમાં એમ કહેવામાં આવે છે કે રાજયોગના દર્શન સાથે આ અર્થ સુસંગત નથી. કારણ કે સાંખ્ય આધારિત યોગદર્શનમાં વેદાંતની જેમ પ્રત્યકે આત્માના પરમાત્મામાં સંપૂર્ણ વિલીન થવાની વાત માનવામાં આવતી નથી, તેથી ‘યોગ’ શબ્દનો બીજો અર્થ લેવામાં આવે છે.

‘પાતંજલ યોગસૂત્ર’ પરના વ્યાસભાષ્યમાં યોગની ‘योग: समाधिः ।’ (યોગ એટલે સમાધિ) – એવી વ્યાખ્યા આપવામાં આવી છે. આ વ્યાખ્યા દ્વારા એમ સૂચવવામાં આવે છે કે ઉપરોક્ત ‘યોગ એટલે જોડાણ’ અર્થ લેવાને બદલે આ ‘યોગ એટલે સમાધિ’ અર્થ વધુ સાચો અને યોગદર્શન સાથે વધુ સુસંગત છે. સમગ્ર યોગસૂત્રમાં સમાધિની વિગતે વિચારણા થઈ છે, પરંતુ તેમાં ક્યાંય પ્રત્યક્ આત્માના પરમાત્મા સાથેના જોડાણની વાત જોવામાં આવતી નથી.

આપણે માત્ર બાહ્ય અર્થ લેવાને બદલે બંને વ્યાખ્યાના અંતરંગ અર્થને સમજવાનો પ્રયત્ન કરીએ તો ઉપલક દૃષ્ટિએ તેમની વચ્ચે જે વિરોધ છે તે દૂર થઈ જાય છે. અહીં ‘જોડાણ’ શબ્દનો અર્થ આપણે ભૌતિક જગતમાં જે જોડાણની વાત કરીએ છીએ તેવો નથી. પરંતુ અહીં પ્રત્યક્ આત્માની પરમાત્મા સાથેની તદાકારતાના અનુભવની વાત છે. અહીં જોડાણ એક અનુભૂતિ છે. આ પ્રકારની તદાકારતાની અનુભૂતિ સમાધિમાં જ થાય છે. આ સમાધિ યોગમાર્ગે થઈ હોય, ભાવમાર્ગે થઈ હોય કે જ્ઞાનમાર્ગે થઈ હોય; આવી તદાકારતાની અર્થાત્ આધ્યાત્મિક જોડાણની અનુભૂતિ તો થાય જ છે. આમ યોગ એટલે જોડાણ અને યોગ એટલે સમાધિ – આ બંને અર્થો દ્વારા એક જ તથ્ય સૂચિત થાય છે. આમ હોવાથી આ બંને વ્યાખ્યામાં પ્રથમ દૃષ્ટિએ દેખાતા વિરોધનો નિરાસ થાય છે.

(૨) ચિત્ત:

હવે આપણે બીજો શબ્દ ‘ચિત્ત’ સમજીએ. સામાન્ય વ્યવહારમાં ચિત્ત માટે ‘મન’ શબ્દનો પ્રયોગ થાય છે. વળી ક્યારેક તે માટે ‘અંતઃકરણ’ શબ્દનો પ્રયોગ પણ થાય છે. આધુનિક મનોવિજ્ઞાનમાં પણ ‘મન’ શબ્દનો એક ભિન્ન અર્થ છે અને ચિત્તનું અંગ્રેજી ભાષાંતર કરતી વખતે તેના માટે Mind કે 'Mind Stuff' એવો શબ્દ પ્રયોજાય છે. પરંતુ ‘ચિત્ત’ શબ્દનો પારિભાષિક અર્થ આ અર્થો કરતાં વ્યાપક છે અને આપણે તે સમગ્ર યોગદર્શનના પરિપ્રેક્ષ્યમાં સમજવો જોઈએ.

ચિત્ત એટલે ચેતાયેલું – ચેતનવંતુ બનેલું. સાંખ્યદર્શન પ્રમાણે પુરુષના ચૈતન્યથી જડ પ્રકૃતિ ચેતનવંતી બને છે. પ્રકૃતિના ચોવીશ તત્ત્વોમાં સૌથી સૂક્ષ્મ અને એટલે પુરુષની સૌથી નજીકનું તત્ત્વ સમષ્ટિમાં મહત્ છે; તેને જ વ્યષ્ટિમાં બુદ્ધિ કહે છે અને તેને જ યોગમાં ‘ચિત્ત’ કહેવામાં આવે છે. એટલે આ રીતે ચિત્ત એટલે પ્રકૃતિનું વ્યક્તિમાં રહેલ સૌથી સૂક્ષ્મ અને સૌથી પ્રથમ ચેતનવંતુ બનેલ તત્ત્વ (The first ignited principal) આ ચિત્તમાં જડ અને ચેતન, એમ બંનેના ગુણધર્મો જોવા મળે છે. ચિત્ત વ્યક્તિમાં રહેલા પ્રકૃતિમાં તત્ત્વો અને પુરુષ વચ્ચે કડીરૂપ છે.

વ્યક્તિના વ્યક્તિત્વમાં પુરુષ (પ્રત્યક્ આત્મા)ને બાદ કરતાં ચિત્ત, સૌથી સૂક્ષ્મ, સૌથી ચેતનયુક્ત અને વ્યક્તિના અસ્તિત્વ અને વ્યવહારકનું નિયંત્રણ કરનાર સૌથી મહત્ત્વનું તત્ત્વ છે.

ચિત્ત એટલે પુરુષ કે આત્મા અને ચિત્ત એટલે આ ચૈતન્યસ્વરૂપ આત્મા દ્વારા ચેતનવંતુ બનેલું પ્રકૃતિનું પ્રથમ તત્ત્વ.

વ્યવહારમાં આપણે વ્યક્તિના શરીર કરતાં સૂક્ષ્મ કરણ માટે ‘અંતઃકરણ’ શબ્દનો પ્રયોગ કરીએ છીએ. આ અંતઃકરણના પાયામાં જે તત્ત્વ છે અને અંતઃકરણ જે તત્ત્વનું બનેલું છે તે ચિત્ત છે.

યાદ રહે, વેદાંતના મનોવિજ્ઞાનમાં ‘ચિત્ત’ શબ્દનો અર્થ અને યોગના મનોવિજ્ઞાનમાં ‘ચિત્ત’ શબ્દનો અર્થ સમાન નથી.

(૩) વૃત્તિ:

હવે વ્યાખ્યામાં આવતા ત્રીજા શબ્દ ‘વૃત્તિ’નો અર્થ સમજીએ. સામાન્ય વ્યવહારમાં ‘વૃત્તિ’નો અર્થ ‘મનની ઈચ્છા’ એવો લેવામાં આવે છે. આધુનિક મનોવિજ્ઞાન પણ લગભગ એવો જ અર્થ લે છે. પરંતુ અહીં આ વ્યાખ્યામાં અને સમગ્ર યૌગિક મનોવિજ્ઞાનમાં ‘વૃત્તિ’ શબ્દ વધુ વ્યાપક અર્થમાં વપરાયેલો છે.

વ્યક્તિનું સમગ્ર વર્તન ચિત્તને આધારે ચાલે છે. વર્તના મૂળમાં ચિત્ત છે. ચિત્ત અનેક સ્વરૂપો ધારણ કરે છે અને તે જ આપણી સર્વ પ્રવૃત્તિઓના મૂળમાં છે. ચિત્ત જે અનેકવિધ ગતિ કરે છે, સ્વરૂપો ધારણ કરે છે કે વર્તન કરે છે; તેને ‘વૃત્તિ’ કહેવામાં આવે છે. વૃત્તિ એટલે વ્યાપાર કે વર્તન અને તેથી ચિત્તવૃત્તિ એટલે ચિત્તનું વર્તન. આમ તો ચિત્તની વૃત્તિઓ અસંખ્ય છે. પરંતુ યોગસૂત્રકાર ચિત્તની વૃત્તિઓને પાંચ વિભાગમાં વહેંચે છે – પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ.

(૪) નિરોધ:

યોગની વ્યાખ્યામાં આવતો ચોથો શબ્દ ‘નિરોધ’ છે. ચિત્તની વૃત્તિઓ સતત ઉત્પન્ન થયા કરે છે અને શાંત થયા કરે છે. વૃત્તિઓના આ સતત વહેતા પ્રવાહને કારણે આપણે આપણી સ્વરૂપસ્થિતિ, આત્મસ્થિતિમાં રહી શકતા નથી. આપણે સતત વૃત્તિઓના પ્રવાહમાં ખેંચાતા રહીએ છીએ. આ સતત ચાલતી વૃત્તિઓના પ્રવાહ બંધ થાય તેને ‘નિરોધ’ કહે છે. નિરોધ એટલે રોકવું. અહીં નિરોધનો અર્થ છે ચિત્તની વૃત્તિઓનું શમન.

આમ ‘योगश्चित्तवृत्तिनिरोधः’નો અર્થ આ પ્રમાણે થશે – ‘યોગ એટલે ચિત્તની વૃત્તિઓનું શાંત થવું – રોકાઈ જવું’.

યોગની વ્યાખ્યા બે રીતે થાય છે – સાધ્યલક્ષી વ્યાખ્યા અને સાધનલક્ષી વ્યાખ્યા. યોગની આ બંને વ્યાખ્યાઓ યોગસૂત્રમાં આપેલ ઉપરોક્ત વ્યાખ્યામાં આવી જાય છે.

‘યોગ એટલે ચિત્તની વૃત્તિમુક્ત અવસ્થા’ – આ યોગની સાધ્યલક્ષી વ્યાખ્યા છે.

‘યોગ એટલે ચિત્તની વૃત્તિમુક્ત અવસ્થા સુધી પહોંચાડનાર સાધનમાર્ગ’ – આ યોગની સાધનલક્ષી વ્યાખ્યા છે.

જ્યારે ચિત્ત વૃત્તિમુક્તબને છે ત્યારે પુરુષનું પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય તૂટે છે. કારણ કે પુરુષ વૃત્તિઓ દ્વારા જ પ્રકૃતિના પથારા સાથે જોડાયેલો રહે છે. તેથી યોગ ચિત્તવૃત્તિઓના પ્રવાહને શાંત કરવાનો સાધનપથ છે. યોગસાધના દ્વારા જ્યારે ચિત્તની વૃત્તિઓનો નિરોધ સધાય છે, ત્યારે ચિત્ત ધારણા-ધ્યાન-સમાધિના માર્ગે આગળ વધે છે. એ જ માર્ગે આગળ વધતાં કૈવલ્યની પ્રાપ્તિ થાય છે, જે યોગનું આખરી લક્ષ્ય છે. (ક્રમશ:) ■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

IPL: પુરુષ-નૃત્ય કાઉન્ટર પણ ચાલુ કરો!

સજ્જનો ને સન્નારીઓ, (સજ્જનીઓ ન બોલાય!)

તમે માર્ક કર્યું કે હાલની IPLની મેચમાં કેટલાય રોમેન્ટિક પુરુષ આત્માઓનું મન-ધ્યાન મેચના બદલે પેલી કાઉન્ટર પર પાંચ જ સેકન્ડ નૃત્ય કરતી પાંચ-સાત સુંદરીઓ પર જ હોય છે. મેચ ગઈ તેલ પીવા એવા હાવભાવ ચહેરા પર રમતા હોય છે.

કબૂલ કે આવા રોમેન્ટિક નૃત્ય જોઈ ભલભલા ટોપાઓનું મન મોર બની થનગાટ કરે, પણ સોરી ટુ સે કે મારું મન કાગડો બની કકળાટ કરે છે. આઈ નો, તમે ચમકશો ભડકશો ને પૂછવાનાઃ કેમ? થોડી શાંતિ રાખો કારણ જાણ્યા પછી તમારા ગળામાંથી પણ સરકી પડશે : લાયા, બાપુ લાયા..!

-તો હે વીર વાંચકો, તમને નથી લાગતું કે IPLમાં એકાદ કાઉન્ટર પુરુષ નૃત્યનું રાખવું જોઈએ.. સુંદરીઓનું નૃત્ય હોય તો સુંદરાઓનું કેમ નઇ? ચિયર્સ ગર્લ્સ હોય તો ચિયર્સ બોય કેમ નઇ? શું પુરુષોને નાચતા નથી આવડતું? ડાન્સર પુરુષોને પોતાની લલિતકલા દેખાડવાનું મન નઇ થતું હોય, અરે કોઈ ચંપાને કોઈ હેન્ડસમ પુરુષનૃત્ય જોવાની ઝંખના જાગૃત નઇ થતી હોય?. બાકી એક નાનકડો અલ્પ બ્યુટીફૂલ ડાન્સ જોઈ આપણે પુરુષોને જો હૈયામાં ગલગલિયા થયા હોય તો સામે પક્ષે એવા ગલગલિયા નઇ થતાં હોય? જો નાની નાની બાલિકાબધુઓ ટુંકા વસ્ત્રો પહેરી ઝૂમઝૂઉઉઉમ કરતી ભોંય ચકરડીની જેમ ફેરફૂદડી ફરતા ફરતા હવામાં રંગબેરંગી ફૂમતા ઝૂલાવતી હોય તો પુરુષોને સ્વિમિંગ કોસ્ચ્યુમ કે ગંજી-જાંગિયા કે ચટાપટાવાળી ચડ્ડી પહેરી હાથમાં રંગબેરંગી પટ્ટા સાથેનું તલવારબાજી કરતું હોય એવું એક પણ કાઉન્ટર નઇ?

ધિક્કાર છે પ્રભુ, આવી (અ)વ્યવસ્થાને. મહિલાઓની લાગણીઓને સમજો. સાલું, થોડા વખત પહેલાં ચલણમાંથી બે જ નોટ ગુમ થઈ એમાં તો હાહાકાર મચી ગયો, જ્યારે અહીં તો લાગણીઓનું આખેઆખું ચલણ જ નાબૂદ થઇ ગયું છે, પણ તમને જરા ઊહકારો પણ નથી થતો?

મને ખબર છે કે સુંદરીલાલચુ ટોપાઓ મને સાથ નઇ આપે મને એકલોપાડી દેશે, પણ આવો ઘોર અન્યાય કેટલીય સન્નારીઓથી સહન ન થયો ને આમાંની એક મારી ચંપાકલી.

એક દિવસ મને કહે: ‘એય સુભુ સાંભળી લે, ભલે તમે તમારી જાતને સિંહ સમજતા હો પણ જે દિવસે નારી દુર્ગા બની સવાર થશે તો તમારી બીજા દિવસની સવાર નઇ પડવા દે. તમે નારી મનને કચડી નાખ્યું છે. બાકી વાટકી વ્યવહાર બંને બાજુ હોવો જોઈએ કે નઇ? અમારે હેન્ડસમ પુરુષનૃત્ય બે સેકન્ડ પણ નઇ જોવાનું? અમને મન નથી? જાહેર ચેતવણી સાંભળી લો. જો હવેની IPLમાં પુરુષ નૃત્ય નઇ દેખાય તો જેમ કૉંગ્રેસ મુક્ત ભારત થતું જાય છે એમ IPL મુક્ત ક્રિકેટ થઈ જશે.. તાળાં લાગી જશે તાળાં. પછી કહેતા નઇ કે ચંપાકલી બોલી નઇ હા, હું બધી નારી વતી બોલું છું, કારણ કે કેટલીયે ગગીના હોઠ હલતા પણ ધ્વનિ સાઇલન્ટ મોડ હોવાથી બિચારી ચૂપ છે.’ આટલું એકધારું બોલ્યા પછી ચંપા હાંફવા લાગી.

મે શાંતિથી કીધું : ‘શાંત ચંપુ શાંત, આપણું બીપી વધી જાય. ને તું ભલે આ રીતે કૉંગ્રેસની મશ્કરી કરે પણ એક દિવસ આખું ભારત કૉંગ્રેસ જોવા તડપશે, તરસશે ને મૂળ તો મને જ ક્યાં ડાન્સ કરતાં આવડે છે.?’

‘તો શું થયું,યાદ છે? તમારા બાપુજીનો પગ બે-ચારવાર સળગતી બીડી પર પડ્યો એમાં ભારતનાટ્યમ શીખી ગયેલા. તમે પણ ધોમધખતા ભરબપોરના તડકામાં ચંપલ પહેર્યા વગર એક થી બે વાગ્યા સુધી દસ-બાર આંટા મારશો તો ઓટોમેટિક કથ્થક નૃત્ય શીખી જશો.’

‘અરે માય લલ્લી, એનાથી પગના તળીયે સફેદ જાંબુ જેવા ફોડકા થઈ જાય, જામાં પડી જાય’ મારી છટકી.

‘અરે મેરે લલ્લુરામ, પણ ડાન્સમાં કેવો જામો પડી જાય. પુરુષાર્થ વગર સિદ્ધિ ન મળે’

અમારા આ સંવાદ પછી તો મારી ચંપાકલીના નેતૃત્વ હેઠળ મોરચો કાઢવાનું નક્કી કર્યું ને બનાવ્યું એક મજબૂત મંડળ : ‘નારી તું ના હારી.’

પણ... પણ લોચો એ પડ્યો કે મોરચા વખતે ચંપાએ ‘હમારી માંગે પૂરી કરો પુરુષ ડાન્સ કાઉન્ટર ચાલુ કરો’ જેવા સૂત્રોચ્ચાર કરવાનું નક્કી કર્યું. ચંપા ‘હમારી માંગે...’ જેવું બરાડી કે ત્યાં આઠ-દસ સુંદરીઓએ ‘સિંદૂરસે ભર દો’ નો સામૂહિક પ્રતિસાદ આપ્યો. કેટલાક પુરુષો સિંદૂરની ડબ્બી ખરીદવા દોડી ગયા . અરે, એ જ વખતે મારી ચંપાની માથાના વાળની વીગ હવામાં ઊડી ને ટકલું ખુલ્લુ પડી ગયું. આખું મંડળ વિખેરાઈ ગયુ. મામલો તૂટી પડ્યો. એમાં સાત સુંદરી ‘XXX વસ્ત્ર ભંડાર’ નામની કાપડની દુકાનમાં સેલ્સગર્લ તરીકે ગોઠવાઈ ગઇ ને એ જ દિવસે દુકાનદારે બહાર પાટિયું માર્યું : ‘નવો સ્ટોક આવી ગયો છે’ નવો સ્ટોક કોને ગણવો -કાપડને કે આ સુંદરીઓને એ જનતા જનાર્દન નક્કી નથી કરી શકી પણ એ પછી પેલા ક્લોથ સ્ટોરની ઘરાકી ત્રણ ગણી વધી ગઇ. બોલો, તમે શું કહો છો ? ■

feedback@bombaysamachar.com

ફોકસ

વિવેક કુમાર

સમયસર ખાવું-પીવું એ એક્સરસાઇઝથી ઓછું નથી

ફિટ રહેવામાં સૌથી મોટી ભૂમિકા માત્ર એક્સરસાઇઝની નથી કે માત્ર જિમમાં જવાની નથી. આપણે કયા સમયે શું ખાઈએ છીએ તે ફિટ દેખાવામાં અને સ્વસ્થ રહેવામાં મોટી ભૂમિકા ભજવે છે. સવારે ખાલી પેટે શું ખાવું અને શું ન ખાવું. જો તમે આ સમજો છો તો તમે ક્યારેય પણ અસ્વસ્થ ન થઈ જાવ. બીજી તરફ જો તમે આ સમજી શકતા નથી, તો પછી તમે કેટલા પણ જિમ ક્રેઝી હોવ, તમે ક્યારેય સંપૂર્ણ સ્વસ્થ રહી શકતા નથી. બોટમલાઇન એ છે કે કયા સમયે શું ખાવું તે સમજવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તો ચાલો જાણીએ કે દિવસમાં સૌથી પહેલા એટલે કે સવારે ખાલી પેટ શું ખાવું જોઈએ?

પહેલા શું પીવું

હૂંફાળું પાણી

આ મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે શરીરને હાઇડ્રેટેડ રાખે છે, મેટાબોલિઝમ મજબૂત અને સક્રિય રહે છે અને શરીરમાંથી ઝેરી તત્ત્વોને બહાર કાઢવામાં મદદ કરે છે. તેથી, સવારે ઊઠ્યા પછી સૌથી પહેલા એક કે બે ગ્લાસ, જેટલું આરામથી પી શકાય તેટલું નવશેકું પાણી પીવો, તેમાં લીંબુ અને મધ મિક્સ કરો તો વધુ સારું છે. તાજા નાળિયેરનું પાણી પીવું પણ ખૂબ ફાયદાકારક છે કારણ કે તે ઇલેક્ટ્રોલાઇટ્સથી ભરપૂર છે અને શરીરને કુદરતી રીતે રિહાઇડ્રેટ કરે છે. સવારના સમયે ઘી અથવા શુદ્ધ માખણ સાથે ગરમ પાણી પીવું પણ ખૂબ ફાયદાકારક છે કારણ કે એક ચમચી ઘી અથવા માખણ સાથે ગરમ પાણી પીવાથી શરીર સાફ થાય છે અને વજન ઘટાડવામાં પણ મદદ મળે છે.

ડિટોક્સ પાણી

સવારે ડિટોક્સ પાણી પીવાના ફાયદા-

* હાઇડ્રેશન વધારે છે કારણ કે તે સ્વાદિષ્ટ હોવાને કારણે આપણે તેને સામાન્ય પાણી કરતાં વધુ પીએ છીએ.

* વજન ઘટાડવામાં મદદરૂપ છે કારણ કે તે મેટાબોલિઝમને ઝડપી બનાવે છે.

* તેને પીવાથી ત્વચા ચમકદાર બને છે – કારણ કે તેમાં વિટામિન અને એન્ટિઆક્સિડેન્ટ ભરપૂર માત્રામાં હોય છે.

* આને પીવાથી પાચનક્રિયા સુધરે છે – તે પાચનતંત્રને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે.

* આને પીવાથી શરીરમાંથી ઝેરી તત્ત્વો બહાર નીકળી જાય છે.

સવારે ખાલી પેટે ખાઓ

પલાળેલી બદામ અને અખરોટ

કારણ કે તે વિટામિન -ઈ, પ્રોટીન અને હેલ્ધી ફેટ્સનો સારો સ્રોત છે. બદામ અને અખરોટ મગજને તેજ બનાવે છે અને પેટ ભરેલું હોવાની અનુભૂતિ થાય છે. બદામને આખી રાત પાણીમાં પલાળી રાખો અને સવારે તેની છાલ કાઢીને ખાઓ. સવારે ખાલી પેટે પલાળેલી બદામ અને અખરોટ ખાવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે. બદામ અને અખરોટમાં પ્રોટીન, ઝિંક, આયર્ન, વિટામિન - એ અને ફોલિક એસિડ હોય છે, જે રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. આ ખાવાથી યાદશક્તિ વધે છે. કારણ કે બદામમાં ઓમેગા ફેટી એસિડ અને વિટામિન -ઇ હોય છે. જે યાદશક્તિ વધારવામાં મદદ કરે છે. આ ખાવાથી વજન ઓછું થાય છે. બદામ અને અખરોટમાં ફાઈબર હોય છે, જે પેટને લાંબા સમય સુધી ભરેલું રાખે છે અને મેટાબોલિઝમ વધારે છે. આ ખાવાથી હૃદયની તંદુરસ્તી સુધરે છે. બદામ અને અખરોટમાં પોટેશિયમ હોય છે. જે હૃદયને સ્વસ્થ રાખે છે. હાડકાં મજબૂત બને છેઃ કારણ કે બદામ અને અખરોટમાં કેલ્શિયમ હોય છે, જે હાડકાંને મજબૂત બનાવે છે.

તાજા ફળો ખાઓ

સવારે તાજા ફળો ખાવાથી ફાઈબર, એન્ટિઑક્સિસડન્ટ અને કુદરતી ખાંડ મળે છે, જે તમને એનર્જી આપે છે. આવા ફળોમાં પપૈયું (પાચનમાં મદદ કરે છે), સફરજન, કેળા, પેર, પપૈયું, પેરુ, કીવી, દાડમ અને તરબૂચ સૌથી અદ્ભુત ફળ છે. સવારે ખાલી પેટ ફળ ખાવાથી પાચનતંત્ર મજબૂત બને છે. શરીરને વધુ પોષક તત્ત્વો મળે છે. વજન નિયંત્રણમાં રહે છે. શરીર હાઇડ્રેટેડ રહે છે, ઉદાહરણ તરીકે તરબૂચમાં ૯૨ ટકા પાણી હોય છે. હૃદયની તંદુરસ્તી સારી રહે છે કારણ કે કેળામાં પોટેશિયમ હોય છે, જે હૃદયના સ્વાસ્થ્ય માટે સારું છે. રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે.

સવારે ખાલી પેટ

શું ન ખાવું, શું ન પીવુંઃ મોટાભાગના લોકોને ટેવ હોય છે, પરંતુ સવારે ઊઠીને ચા કે કોફી પીવાનું ટાળવું જોઈએ કારણ કે તેનાથી એસિડિટી થાય છે. જો કે કેફીન આપણા શરીરને ઉત્તેજિત કરે છે અને બ્લડ સુગરના સ્તરમાં અચાનક વધારો કરે છે. તેથી આ અચાનક વધેલા સ્તરને સંતુલિત કરવા માટે, શરીર વધુ ઇન્સ્યુલિન છોડે છે, જેના કારણે બ્લડ સુગરનું સ્તર ઝડપથી ઘટી શકે છે. આ ઝડપી વધઘટને કારણે આપણને વધુ ભૂખ લાગે છે અને થાક પણ લાગે છે. એ જ રીતે, સવારે ખાલી પેટે જ્યુસ પીવાનું ટાળવું જોઈએ કારણ કે જ્યુસ બનાવવાની પ્રક્રિયામાં, ફળોના રેસા અને ઘણા વિટામિન્સ અને પોષક તત્ત્વોનો નાશ થાય છે. જ્યુસમાં આખા ફળમાં જોવા મળતા ફાયટોન્યુટ્રિઅન્ટ્સની માત્રા ઓછી હોય છે. તેથી, પોષણની દ્રષ્ટિએ, આહારમાં ફક્ત આખા ફળોનો સમાવેશ કરવો જોઈએ.

સુપર ફૂડ દહીં પણ

ખાલી પેટ ખાવાનું ટાળો

એવું માનવામાં આવે છે કે દહીં એક હેલ્ધી ડેરી પ્રોડક્ટ છે, જેને સુપર ફૂડ પણ કહેવામાં આવે છે. પરંતુ ખાલી પેટ દહીં ખાવાથી પેટમાં એસિડ વધી શકે છે, જે સારા બેક્ટેરિયાને નુકસાન પહોંચાડે છે. આવી સ્થિતિમાં જો તમે સવારની શરૂઆત દહીં ખાઈને કરવા માંગતા હોવ તો તે ખોટી શરૂઆત હશે. તેનાથી શરીરમાં એસિડિટી અને કબજિયાત જેવી સમસ્યા થઈ શકે છે.

નાસ્તા માટે મસાલેદાર ખોરાક ટાળો

નાસ્તામાં મસાલેદાર વસ્તુઓ ખાવી એ ઘણા લોકોની આદત હોય છે. પરંતુ તે સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક સાબિત થઈ શકે છે. ખાલી પેટે મસાલેદાર ખોરાક ખાવાથી પેટમાં બળતરા થઈ શકે છે, જેનાથી અપચો, એસિડિટી અને પેટમાં દુખાવો જેવી સમસ્યાઓ થઈ શકે છે. ઉપરાંત, નાસ્તામાં ખૂબ જ મસાલેદાર વસ્તુઓ ખાવાથી ડાયેરિયા, ગેસ અને સોજો જેવી પાચન સંબંધિત સમસ્યાઓ પણ થઈ શકે છે. ■

feedback@bombaysamachar.com

સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક

ગરમીમાં તન-મનને ટાઢક પહોંચાડે છે છાશ

કાળઝાળ ગરમી શરૂ થઈ ગઈ છે. ભરપેટ ભોજન કરવાની ઈચ્છા થતી નથી. ઘરની બહાર નીકળવાનું થાય કે ઘરમાં રહેવાનું હોય, વારંવાર ઠંડું પીવાનું મન થયા કરે છે. તૈયાર જ્યૂસ કે શરબતમાં ખાંડની માત્રા વધુ હોય છે જેથી વારંવાર પીવામાં આવે તો મોટાપાની સાથે અન્ય બીમારીનો ભય રહે છે. વળી અનેક વખત તે ખિસ્સાને પરવડતાં નથી. આવા સંજોગોમાં તન-મનને ઠંડક પહોંચાડતા પીણાંની આજે વાત કરીશું. વળી સ્વાસ્થ્ય માટે ગુણકારી તેવું પીણું મળી રહે તો સૌને પસંદ પડે તેમાં બે મત ના હોઈ શકે. તેનું નામ છે 'છાશ'.

છાશનું અસ્તિત્ત્વ બહુ પહેલાંનું માનવામાં આવે છે. આયુર્વેદમાં તક્રનો ઉપયોગ આંતરડાંના ઉપચાર માટે સર્વોત્તમ ગણાય છે. વાગ્ભટ્ટે છાશની તુલના દેવતાઓ માટેના અમૃત સમાન ગણાવી છે. દહીંની તાસીર સોજા વધારે તેવી માનવામાં આવે છે. જ્યારે છાશમાં પાણી ઉમેરવાથી તેની પ્રકૃત્તિ હલકી, સોજા વિરોધી ગણાય છે. કફ તેમજ વાત પ્રકૃતિને સંતુલિત રાખવામાં મદદ કરે છે. છાશ પ્રોબાયોટિક પીણું ગણાય છે. સંસ્કૃતમાં તક્ર, હિન્દીમાં છાછ, બંગાળીમાં લાંગુલગે, મરાઠીમાં તાક, મારવાડીમાં ઘોલ કે ઘોળ, ભોજપુરીમાં માઠા, તમિળમાં મોરુ, તેલુગુમાં માજીઆ તરીકે ઓળખાય છે. છાશ એક એવું પીણું છે જે ધનિક-ગરીબ સર્વેને પસંદ પડે છે. તેથી જ તો ગરમીના દિવસોમાં ઠેર-ઠેર મફત છાશ કેન્દ્ર ખુલેલાં જોવા મળે છે. છાશમાં સ્વાસ્થ્યવર્ધક અનેક પોષક તત્ત્વો સમાયેલાં છે જેમ કે પ્રોટીન, કેલ્શ્યિમ, ફોસ્ફરસ વગેરે. વળી ભોજન બાદ છાશ પીવાથી પાચનતંત્ર સુધરે છે. ગરમીમાં સામાન્ય રીતે પરસેવો વધુ થાય છે જેથી શરીરમાંથી પાણી ઘટે છે. જો યોગ્ય સંભાળ લેવામાં ના આવે તો ચક્કર આવી જતાં હોય છે. નિર્જલીકરણ (ડિહાઈડ્રેશન)ને કારણે વ્યક્તિ બેચેની અનુભવે છે. ગરમીમાં સ્વાસ્થ્યની સંભાળ રાખવી આવશ્યક છે તેથી જ વારંવાર પ્રવાહી પીતા રહેવાની સલાહ વડીલો તેમજ નિષ્ણાત આહાર તજજ્ઞો આપતાં રહે છે.

છાશ પીવાના સ્વાસ્થ્યવર્ધક લાભઃ

પાચનતંત્રને મજબૂત બનાવે છે : ગરમીમાં પાચનતંત્ર નાજુક હોય છે. થોડું બહારનું ખાધું કે પેટમાં ગરબડ થવા લાગે છે. કેટલાંકને અપચો તો કેટલાંકને અતિસારની તકલીફ થાય છે. અનિયમિત તેમજ વાંસી ખોરાક મોટેભાગે જવાબદાર ગણાય છે. જો આપ નિયમિત ભોજન બાદ છાશનું સેવન ના કરતાં હોવ તો હવે ચેતી જજો. ભોજન બાદ એક ગ્લાસ પાતળી છાશ તમારા આરોગ્યને તંદુરસ્ત બનાવશે. મોળી કે મસાલા છાશ આપ પી શકો છો. જો મસાલા છાસ પીવાનું પસંદ હોય તો તેમાં ઉપયોગમાં લેવાતાં મસાલા જેવાં કે જીરું, અજમો, સંચળ, ફુદીનો, કોથમીર, આદું વગેરે પાચનતંત્રને મજબૂત બનાવવામાં મદદ કરે છે. છાશ પીવાથી શરીરમાં પાણીની કમી થતી નથી. જેથી નિર્જલીકરણની સમસ્યાથી બચી શકાય છે. પેટમાં સોજો, વારંવાર ચૂક આવવી કે અતિસારની તકલીફમાં છાશનો ઉપયોગ શ્રેષ્ઠ ગણાય છે.

નિર્જલીકરણ(ડિહાઈડ્રેશન)ની સમસ્યા રહેતી નથીઃ ગરમીમાં થોડા થોડા સમયે તરસ લાગતી હોય છે. આવા સંજોગોમાં અનેક લોકો પિપરમિંટ મોંમાં ચગળાવતા હોય છે. મુંબઈ જેવા શહેરમાં અંતર વધુ હોય છે. વળી જાહેર શૌચાલયમાં સ્વચ્છતાનો અભાવ જોવા મળે છે. આવા સંજોગોમાં લોકો ખાસ કરીને યુવતીઓ પેશાબ રોકી રાખવાનું નાછૂટકે પસંદ કરતી હોય છે. પરસેવા દ્વારા પાણી શરીરમાંથી બહાર ફેંકાઈ જતું હોય છે. તેનાથી બચવા માટે છાશનો ઉપયોગ કરવો હિતાવહ છે. છાશ પોષક તત્ત્વોથી ભરપૂર હોય છે જે સ્વાસ્થ્ય માટે લાભકારક ગણાય છે. ગરમીમાં સંચળ, ફુદીનો વગેરે ભેળવીને છાશ અચૂક ભરી આપવી જોઈએ. જેથી બહારના કાર્બોનેટેડ પીણાં પીવાનું તેઓ ટાળશે.

એસિડીટીની તકલીફમાં રાહતદાયક : ગરમીમાં વધુ પડતું તીખું-તળેલું-મસાલાયુક્ત ભોજન એસિડીટીની સમસ્યાને વધારે છે. ભોજન બાદ છાતીમાં બળતરા કે પેટમાં બળતરાની તકલીફ હોય તેમને માટે છાશનો ઉપયોગ ઉત્તમ છે. ઠંડી-ઠંડી તાજી છાશનું સેવન કરવાથી એસિડીટી કે પેટમાં કે છાતીમાં બળતરાની તકલીફમાં રાહત મેળવી શકાય છે. છાશનું સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે.

ત્વચા માટે ગુણકારી : છાશમાં પ્રોટીન, કેલ્શ્યિમ, વિટામિન બી, વિટામિન એ જેવાં ગુણો સમાયેલાં છે. પોટેશિયમ, ફોસ્ફરસ, ગુડ બૅક્ટેરિયા, લૅક્ટિક એસિડ વગેરે હોય છે. જે ત્વચાને માટે ગુણકારી ગણાય છે. જો નિયમિત છાશ પીવામાં આવે તો ત્વચા સૂકી પડતી નથી. કરચલી પડવી કે બહાર નીકળતાં ત્વચા સૂકી પડી જવાની તકલીફ હોય તેમને માટે છાશનું સેવન લાભકારક ગણાય છે.

મોટાપાની સમસ્યાથી છૂટકારો મળે છે : મોટાપો ૨૧મી સદીની સૌથી ગંભીર સમસ્યા ગણાય છે. નાના બાળકો, સગીરાવસ્થા, યુવાવસ્થા કે વૃદ્ધાવસ્થા હોય મોટાપાના ભરડામાં ગંભીર રીતે લોકો ફસાઈ ગયેલાં જોવા મળે છે. જેને કારણે અનેક સમસ્યા જેવી કે બ્લડપ્રેશર, કૉલેસ્ટ્રોલ, ડાયાબિટીસ, સાંધાનાં દુખાવા જેવી બીમારીનો શિકાર લોકો બની જાય છે. મોટાપાને દૂર કરવામાં છાશનું સેવન મદદરૂપ થઈ શકે છે. બહારના ઠંડા-મીઠા-પીણાંને બદલે સાદી-તાજી છાશનું સેવન ભૂખ લાગે ત્યારે કરવાથી ધીમે ધીમે ચરબી ઘટવા લાગે છે. સાથે-સાથે આહાર સંબંધિત અન્ય પરેજી વ્યક્તિએ પાળવી જોઈએ. છાશમાં કેલરીની માત્રા ઓછી હોવાથી તેના સેવન દ્વારા ચરબીનો ભરાવો થતો નથી. શરીરમાં વધેલી ચરબી છાશના સેવન દ્વારા ઘટાડી શકાય છે.

હાડકાં મજબૂત બનાવવામાં ગુણકારી : છાશમાં વિટામિન ડી હોય છે. જે કેલ્શ્યિમના અવશોષણમાં મદદ કરે છે. છાશનું સેવન કરવાથી હાડકાં મજબૂત બને છે. મહિલાઓએ મેનોપૉઝ બાદ છાશનું સેવન નિયમિત રીતે કરવું જોઈએ. ખાલી પેટ છાશનું સેવન કરવાથી ઑસ્ટિયોપોરોસિસ જેવી બીમારીથી બચી શકાય છે.

મોંનું સ્વાસ્થ્ય જાળવવામાં ગુણકારી : છાશમાં ફોસ્ફરસ હોય છે. જે દાંતને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે. વળી પીરિયોડૉંટલ નામક બૅક્ટેરિયા મસૂડોમાં સોજાનું કારણ ગણાય છે. જેને પીરિયડૉંટાઈટીસ કહેવામાં આવે છે. છાશમાં ઍન્ટિ-ઈન્ફલેમેટરી ગુણ હોય છે. છાશનું સેવન કરવાથી પેઢાંમાં આવેલાં સોજાને ઘટાડવામાં મદદ કરે છે. છાશમાં સમાયેલું કેલ્શ્યિમ દાંતને મજબૂત બનાવવામાં મદદ કરે છે.

લિવર માટે ગુણકારી : છાશ પીવાથી પાચનક્રિયા સુધરે છે. લિવર પોતાનું કામ સારી રીતે કરી શકે છે. હાઈ બ્લડ-પ્રેશરની સમસ્યા હોય તેમને માટે છાશ લાભકારી ગણાય છે. કબજિયાતની તકલીફને દૂર કરવામાં મદદરૂપ બને છે. છાશનું સેવન હાઈ કૉલેસ્ટ્રોલને ઘટાડવામાં મદદ કરે છે. રોગપ્રતિકારક ક્ષમતા વધારવામાં લાભકારક ગણાય છે. શરીરને બૅક્ટેરિયલ ઈન્ફેક્શન કે ચેપથી બચાવવામાં છાશનું સેવન ફાયદાકારક ગણાય છે.

છાશ કેવી પીવી જોઈએ ?

ઝરણીથી વલોવીને તાજી બનાવેલી છાશ સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. સામાન્ય રીતે છાશનો મસાલો બજારમાં તૈયાર મળી રહે છે. ઘરે બનાવેલો મસાલો વધુ સ્વાદિષ્ટ તથા શુદ્ધ હોય છે. તેથી તેનો આગ્રહ રાખવો. છાશ પીતાં પહેલાં ઝરણીથી વારંવાર વલોવીને પીવી જોઈએ. ભોજન બાદ છાશનું સેવન અચૂક કરવું જોઈએ. સવારના નવ વાગ્યા પછી છાશનું સેવન કરી શકાય છે. સંધ્યા સમય બાદ છાશનું સેવન કરવું ટાળવું. રાત્રિના સમયે છાશને બદલે દૂધનું સેવન શક્ય હોય તો કરવું જોઈએ.

છાશમાંથી બનતી વાનગીની યાદી ઘણી લાંબી છે. જેમ કે કઢી, હાંડવો, ખમણ, ઢોકળાં, સાદી કણકીને છાશમાં પલાળીને પકાવીને ઘેંસ બનાવી શકાય છે. છાશનો ઉપયોગ કરીને ચણાના લોટનું પીટલું કે વેસણ બનાવી શકાય છે. કાઠિયાવાડમાં ઘેર-ઘેર રાત્રિ ભોજનમાં બનતું જોવા મળે છે. ગુજરાતીના સ્વાદિષ્ટ થેપલાંમાં છાશનો ઉપયોગ કરીને લોટ બાંધવામાં આવે છે. પંજાબી શાકમાં દહીંનો ઉપયોગ ખાસ કરવામાં આવતો હોય છે. દહીં બનાવવા માટે છાશનો ઉપયોગ કરવામાં આવે છે. ■

છાશ તથા તેનો મસાલો બનાવવાની રીતઃ ૨૫૦ ગ્રામ મોળું દહીં. ૫૦૦ ગ્રામ પાણી,

છાશ બનાવવાની રીત : સૌ પ્રથમ દહીંને એક મોટી તપેલીમાં લેવું. તેને ઝરણીથી બરાબર વલોવી લેવું. હવે તેમાં પાણી નાંખીને છાશને વલોવીને તૈયાર કરવી.

છાશનો મસાલો : ૩ ચમચી સંચળ, ૧ કપ કોથમીર, ૧ કપ ફુદીનાના પાન, ૩ ચમચી શેકેલું જીરું, ૧ ચમચી શેકેલો અજમો, ૨ નંગ લીલા મરચાં, ૧ નાનો ટૂકડો આદું.

બનાવવાની રીત : શેકેલું જીરું, શેકેલાં અજમાની સાથે સંચળ પાઉડરને મિક્સરમાં વાટી લેવો. ત્યારબાદ તેમાં કોથમીર, ફુદીનો, લીલાં મરચાં, આદું વગેરે ભેળવીને પીસી લેવું. તૈયાર મસાલાને સૂકવીને ભરી લેવો. લીલા મસાલાને ફ્રિઝમાં રાખી શકાય છે. સૂકવેલાં મસાલાનો સ્વાદ વધુ સારો આવે છે. ઝરણીથી વલોવીને તૈયાર કરેલી છાશમાં સ્વાદાનુસાર છાશ મસાલો ભેળવવો. વલોવીને પીવી ખાસ જરૂરી છે.

---

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

ગાંઠને સરળતાથી આમ ઓગાળો



માનવીય શરીર એ અદ્‌ભુત રહસ્ય છે. આપણું શરીર યાત્રા જે રથ પર સવાર થઈને ચાલે છે તેની અંદરની વિશિષ્ટતા આજ પણ અચંબિત કરે છે. માનવ શરીરમાં લગભગ સૌ ટ્રિલિયનથી પણ વધુ કોશિકાઓ છે. સાંઈઠ હજારથી એક લાખ માઈલ લાંબી રક્તવાહિકાઓ છે. સ્ટીલ કરતાં પણ વધુ મજબૂત હાડકાં છે. આંતરિક અવયવનું કામ એ અકલ્પનીય છે. આ માનવીય શરીરનું કારખાનું અદ્‌ભુત છે. માનવીય શરીરમાં રોગની ઉત્પત્તિનું કારણ માનવી જ છે. મહેનત અને સમજમાં ઘણાં દોષોને કારણે જ શરીર રોગગ્રસ્ત થાય છે. શારીરિક શ્રમનો અભાવ, ખાનપાન કેમિકલયુક્ત બનવાના કારણે શરીરમાં પ્રોટીનનું પાચન કે મેટાબોલીઝમમાં ખામી આવતા ઘણીવાર શરીરમાં આંતરિક કે બાહ્ય ગાંઠોનો ઉદ્‌ભવ થાય છે. સામાન્ય ગાંઠો નુકસાન નથી કરતી પણ તેમાં મવાદ કે રસી કે દુઃખાવાવાળી ગાંઠો કોઈ મોટા રોગની ઉત્પત્તિ જણાવે છે. જે આપણી ચિંતાનું કારણ છે.

ત્વચાની નીચેની ગાંઠો દુઃખાવા રહિત હોય છે. જે શરીરના ગરદન, છાતી, પીઠ, પગ, હાથ પર વધુ જોવા મળે છે. જે લિપોમા છે. સામાન્ય ઈલાજથી તે ઓગળી જાય છે. વધુ દુઃખાવા કે મવાદ કે રસી ભરેલી ગાંઠોનું પરીક્ષણ જરૂરી બને છે. આનો ઈલાજ થોડી સંભાળથી ઠીક થઈ શકે છે. બેદરકારીને કારણે થાય છે ડાયાબિટીસ, લિવરની ખરાબી, કોલેસ્ટ્રોલમાં પણ ઘણીવાર ગાંઠો થાય છે. વધુ ચરબી જમા થાય ત્યારે ઘણીવાર તે ડીપોન્ડીટ થઈ જાય છે.

ગાંઠો ઘણાં પ્રકારની હોય છે. ચરબીની ગાંઠ, સંક્રમણથી થતી ગાંઠ, સિસ્ટ, ત્વચાની ટ્યૂમર હર્નિયા, મસ્સાની ગાંઠ, કેન્સરની ગાંઠ થાય છે. ગાંઠ કે ટ્યૂમર ખૂબ જ નાની હોય છે. આસપાસ સોજા વધુ હોય છે. ગાંઠની આસપાસ ત્વચાનો રંગ બદલાઈ જાય છે. ગાંઠો બનવાનાં કારણો અલગ અલગ હોય છે. સાકરનો વધુ પડતો ઉપયોગ, રીફાઈન્ડ તેલ, બેકરી પ્રોડક્ટસ, પીપર, ચોકલેટ, બિસ્કીટનો ઉપયોગ જે લોકો વધુ કરી રહ્યા છે. કેમિકલયુક્ત ખાદ્ય-પદાર્થ, આઈસક્રીમ જે લગભગ કેમિકલથી જ બને છે. વધુ પડતા સોડાના ઉપયોગના કારણોથી ગાંઠ બને છે. અખાદ્ય-પદાર્થોનું શરીરમાં મોટાબોલીઝમ થતું તે ચરબી રૂપે શરીરમાં જમા થઈ જાય છે. જે જગ્યાએ જમા થઈ જાય ત્યાં ગાંઠોનું સ્વરૂપ લે છે.

ગાંઠોનો ઈલાજ કરવો સરળ છે. ચિકિત્સકની સલાહથી કરવો હિતાવહ છે. કયા પ્રકારની ગાંઠ છે અને તેના પરનો કયો ઈલાજ કરવો તે જાણવું જરૂરી છે. નાની ગાંઠોનો ઈલાજ ખાણીપીણીના સુધારથી જ સારી થઈ જાય છે. ગાંઠને ઓગાળવાની વનસ્પતિનો આપણી પાસે ભંડાર છે.

આંકડોઃ આંકડાનાં કુમળા પાન ખાઈને ગાંઠ ઓગાળી શકાય છે. આંકડાનાં પાનથી સોજા ઓછા થાય અને ગાંઠ ઓગળે છે. પાચનને સુધારે છે. ડાયાબિટિસમાં પણ સારો ઈલાજ છે. આ પાન તીવ્ર છે જેથી આનો ઉપયોગ ધ્યાનથી કરવો કે ચિકિત્સકની સલાહથી કરવો. આંકડાનાં પાનની દાંડીમાંથી દૂધ નીકળે છે તેનાથી મસા ખરી જાય છે. બળતરા થાય છે માટે ધ્યાનથી ઈલાજ કરવો.

ચિત્રકઃ આ શક્તિશાળી ઔષધ છે. ચરબીની ગાંઠ ઓગળી જાય છે. સોજા દૂર કરે છે. રક્તને શુદ્ધ કરે છે. પેટની અગ્નિને પ્રબળ કરે છે. કોશિકાઓ મજબૂત કરે છે. ખીલની સમસ્યાને દૂર કરે છે.

મકોયઃ તાકતવર ઔષધિ છે. આંતરડા અને પેટમાં થતી ગાંઠ કે ચરબીની ગાંઠને ઓગાળે છે. શારીરિક કમજોરી, કાનની ગાંઠને ઓગાળે છે.

વિજયક્ષારઃ કોલેસ્ટ્રોલની ગાંઠોને ઓગાળે છે. નસોના બ્લોકેજ ખોલે છે. ચરબીને દૂર કરે છે. હાર્ટના મસલ્સ મજબૂત બનાવે છે.

કાલમેઘઃ લીવરની ગાંઠો પર રામબાણ છે. રક્તશુદ્ધ કરે છે. ફેટી લીવર પર કામ કરે છે. વીર્યશક્તિ વધારે છે.

કાચું પૈપયુંઃ પ્રોટીનની, કેન્સરની, ચરબીની ગાંઠ પર રામબાણ ઈલાજ છે. પાણી વગરનો શુદ્ધ રસ બેથી ત્રણ ચમચી લેવો જોઈએ. આ સુપર ફૂડ છે. કાચા પપૈયાનું શાક કે સંભારાને જમવામાં સ્થાન આપવું જોઈએ. સસ્તો અને રામબાણ ઈલાજ છે. ઘણીયે બીમારીથી દૂર રાખે છે. શરીરનું પ્રોટીન મજબૂત બનાવે છે તેમજ પ્રોટીનનું પાચન કરે છે.

વડના પાનનું દૂધ કે કાઢો પણ ગાંઠોને ઓગાળવાનું કામ કરે છે. ઑક્સિજન વધારી દે છે.

ગરમાળોઃ ચરબી ઓગાળવા માટે તેમજ આંતરડાંના શુદ્ધિકરણ માટે આના જેવો કોઈ ઉપાય નથી. ડાયાબિટીસ કે કબજિયાત માટે રામબાણ છે. ગરમીથી બચાવે છે.

કાચનારઃ સૌથી પ્રથમ આ ઉપયોગ ગાંઠ તોડવામાં થવો જોઈએ. અતિ શક્તિશાળી છે.

આપણી પાસે આવી અનેક ઔષધિયો હાજર છે. ખાનપાનમાં સુધાર સાથે આ ઔષધનું સેવન કરવું જોઈએ. ખરાબ વ્યસનો, ચહા-કોફી, ચોકલેટ, અન્ય કેફીન પદાર્થો, સમય વગરનું ભોજન, શ્રમનો અભાવ. પાચન માટેની દવાઓ, સ્ત્રીઓ પીરિયડ માટેની દવાઓ, બજારૂ પાણીપુરી, હોટલનું ભોજન, કેમિકલયુક્ત આઈસક્રીમ કે ગોલા વગેરે આપણાં શરીરને હાનિ પહોંચાડે છે. સમય રહેતા સુધાર જરૂરી છે. દવાઓ નહિ, ગાંઠો પર લગાડવાની ઔષધિ પણ ઘણી છે. કેમિકલવાળી દવાઓનો ઉપયોગ ન કરવો. આપણી ઔષધિ એ પાવરફૂલ છે. આહારમાં વિટામિન-સીનો ઉપયોગ ગાંઠો બનતી રોકે છે. લીલા પાંદડાવાળી વનસ્પતિ ગાંઠો બનવા દેતી નથી. સિઝનની પાંદડાવાળી ભાજીનો ઉપયોગ વધારી દેવો. પાચનશક્તિ વધારવી. ઠંડા પાણીનો નેપકીન પેટ ઉપર રાખવો. આપણી સજાગતા જ રોગથી દૂર રાખે છે. ઔષધિના કાઢા બનાવીને પણ રોજિંદા જીવનમાં ઉપયોગ કરી શકાય છે. ચહા-કોફીની જગ્યા આ કાઢામાં મરી - એલચી - લવિંગના ઉપયોગથી કાઢા બનાવી લેવા. ■

---

feedback@bombaysamachar.com

આરોગ્ય પ્લસ

સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

ત્રિદોષ એટલે શું?

વાત- પિત્ત- કફ...

મનુષ્ય શરીર પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ... એવાં પાંચ તત્ત્વથી બનેલું છે. આ પાંચ તત્ત્વમાં પૃથ્વી અને આકાશ સ્થિર હોવાથી તેમાં ખાસ ફેરફાર થતા નથી, પરંતુ બાકીના ત્રણ ચલાયમાન હોવાથી તેમાં ફેરફાર થયા કરે છે. આ ત્રણ તત્ત્વમાં મુખ્યત્વે વાયુ તે વાત છે, અગ્નિ તે પિત્ત છે અને જળ તે કફ છે.

પાંચ તત્ત્વમાંથી થતી વાત, પિત્ત અને કફની ઉત્પત્તિ

આયુર્વેદનાં શાસ્ત્રો પ્રમાણે મનુષ્ય શરીરનું બંધારણ માતાના ગર્ભમાં જ નિશ્ચિત થઈ જાય છે અને આ નિશ્ચિત થયેલા બંધારણને જ પ્રકૃતિ કહેવાય છે. તેથી ગર્ભમાં જ દરેક વ્યક્તિની વાત, પિત્ત કે કફ એ ત્રણમાંથી એક પ્રકૃતિ નક્કી હોય જ છે. પૃથ્વી પર રહેલા દરેક વ્યક્તિમાં વાત, પિત્ત અને કફનું સંયોજન અલગ અલગ હોય છે.



સાત પ્રકારની પ્રકૃતિ

જેમ પૃથ્વી પર રહેલા દરેક વ્યક્તિનું ડીએનએ અલગ હોય છે, તેમ જ પ્રત્યેક વ્યક્તિનું વાત, પિત્ત અને કફનું સંયોજન પણ અલગ હોય છે. આથી વ્યક્તિની શારીરિક સ્થિતિ, સ્વભાવ, આદતો, ઈચ્છાઓ તેની પ્રકૃતિના આધારે ખૂબ જ સહેલાઈથી જાણી શકાય છે.

આમ તો પ્રકૃતિ જીવન દરમિયાન એક જ રહે છે, પરંતુ આપણું શરીર સતત બાહ્ય વાતાવરણ અને પરિબળોના સંપર્કમાં આવવાથી તેમાં વિકૃતિ થાય છે. વિકૃતિ એટલે શરીરની વર્તમાન અવસ્થા. આમ શરીરની વિકૃતિ (શરીરની હાલની અવસ્થા) અને પ્રકૃતિ (શરીરની જન્મજાત અવસ્થા)માં જેટલો ફરક રહે છે, તેટલા રોગ શરીરમાં વધુ થાય છે. અષ્ટાંગ હૃદયમાં કહ્યું છે :

'વાયુ વગેરે દોષોનું પોતાના પ્રમાણ કરતાં વધવું કે ઘટવું તેને રોગ કહે છે, અને તે દોષોનું પ્રમાણમાં રહેવું તેને આરોગ્ય કહે છે'

વળી,અષ્ટાંગહૃદયમાં ત્રણેય દોષનાં લક્ષણો કહ્યાં છે કે, 'વાયુ લૂખો, હલકો, ઠંડો, બરછટ, સૂક્ષ્મ અને ગતિ કરવાના સ્વભાવવાળો હોય છે.' એ જ રીતે 'પિત્ત, ચિકાશવાળું, તીક્ષ્ણ, ગરમ, હલકું, દુર્ગંધવાળું, ગતિશીલ તથા પ્રવાહી હોય છે.'

સાત પ્રકારની પ્રકૃતિ



(ત્રિદોષ)

જ્યારે, 'કફ, ચીકણો, ઠંડો, ભારે, ધીમે ધીમે કાર્ય કરનારો, લીસો અને સ્થિર હોય છે.'

આમ વાત- પિત્ત ને કફનાં લક્ષણો પરથી આપણે આપણી પ્રકૃતિ વિશે જાણી શકીએ છીએ અથવા તો જાણકાર વૈદ્ય પાસેથી પોતાની પ્રકૃતિ વિશે જાણી શકાય છે. મોટા ભાગના માણસોને પોતાની પ્રકૃતિ જાણવામાં રસ હોતો જ નથી અને તેઓની માન્યતા એવી હોય છે કે, પ્રકૃતિ જાણીને શું ફાયદો?

જોકે, વાત, પિત્ત અને કફ તે માત્ર શારીરિક અવસ્થાના જ સૂચક નથી, પરંતુ પોતામાં રહેલી સારી-ખરાબ અદાતો, સ્વભાવો અને ઈચ્છાઓના એક્સ-રે છે. ભારતના ઋષિમુનિઓ પ્રકૃતિજ્ઞાનના આધારે પોતામાં રહેલી ખામીઓ અને ખૂબીઓને ઓળખીને તે પ્રમાણે જીવનને સચોટ દિશામાં વાળતા હતા.

આ રીતે વ્યક્તિ પોતાની પ્રકૃતિથી વાકેફ હોય તો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ત્રણેય રીતે પોતાને સ્વસ્થ રાખી શકે છે. તે હેતુથી અહીંયા શરીરમાં ત્રણેય દોષનાં સ્થાનો, પ્રકૃતિ જાણવાની રીત તથા તેના શારીરિક અને માનસિક લક્ષણ દર્શાવેલ છે.



ટેક-સૅવી પોલીસની જરૂરઃ દેવેન્દ્ર ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે કહ્યું હતું કે સાયબર ગુનાઓની યાદીમાં આર્થિક છેતરપિંડી ટોચ પર છે, ત્યારબાદ ધમકીઓ અને જાતીય ગુનાઓના કિસ્સાઓ આવે છે અને તેમને ઉકેલવામાં પોલીસને 'ટેકનોલોજી-સૅવી' બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. ફડણવીસ મુંબઈ પોલીસના એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા જ્યાં તેમણે ડી. બી. માર્ગ પોલીસ સ્ટેશન ખાતે 'નિર્ભયા સાયબર લેબ'નું ઉદ્‌ઘાટન કર્યું.

બાદમાં તેમણે વરલી ખાતે સેન્ટ્રલ રિજન સાયબર પોલીસ સ્ટેશન, ગોવંડી ખાતે ઈસ્ટ સાયબર પોલીસ સ્ટેશન, મહિલા પીડિતો માટે ફોરેન્સિક લેબ વૅન અને પોલીસોને માટે નવી મોટરસાઈકલો, વાહનોની વધુ ગતિને રોકવા માટે ઇન્ટરસેપ્ટર અને સ્પીડ ગન અને નિર્ભયા સ્કવૉડ વૅન સહિત વિવિધ અન્ય પહેલોનું વર્ચ્યુઅલી ઉદ્‌ઘાટન પણ કર્યું હતું.

હવે, મુંબઈમાં ૮૭ પોલીસ સ્ટેશનોમાં સમર્પિત 'મહિલા અને બાળ સહાય સેલ' છે જેનું ફડણવીસે વર્ચ્યુઅલી ઉદ્‌ઘાટન પણ કર્યું હતું.

રાજ્યના ગૃહ વિભાગનો હવાલો સંભાળતા મુખ્યમંત્રીએ સાયબર ગુનાઓનો સામનો કરવામાં શહેર પોલીસની ક્ષમતાઓની પ્રશંસા કરી હતી.

મુંબઈ પોલીસે સાયબર સુરક્ષા માટે ત્રણ કેન્દ્રો શરૂ કર્યા છે અને હું કહીશ કે આ શ્રેષ્ઠતા કેન્દ્રો છે જ્યાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, એમ તેમણે કહ્યું હતું.

'સાયબર ગુનાઓમાં, આર્થિક છેતરપિંડી ટોચ પર છે, ધમકી અને ખંડણી જેવા ગુનાઓ બીજા સ્થાને છે અને જાતીય ગુનાઓ ત્રીજા સ્થાને છે,' એમ ફડણવીસે કહ્યું હતું.

છીએ સતર્ક અમે...: દેવેન્દ્ર ફડણવીસે સાયબર પોલીસ સ્ટેશનના ઉદ્‌ઘાટન સાથે પોલીસનાં નવાં વાહનોને પણ લીલી ઝંડી દેખાડી હતી. (અમય ખરાડે)

તેમણે કહ્યું હતું કે, આરોપીઓની શક્ય તેટલી ઝડપથી ધરપકડ કરીને આ કેસોનો ઉકેલ લાવવો મહત્વપૂર્ણ છે.

સાયબર છેતરપિંડીના એક કેસમાં, પીડિતાએ ૧૨ કરોડ રૂપિયા ગુમાવ્યા હતા, પરંતુ મુંબઈ પોલીસે સમયસર કાર્યવાહી કરી અને લગભગ ૧૧.૨૦ કરોડ રૂપિયા બચાવ્યા હતા, એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

'આપણે વિશ્વમાં ડિજિટલ વ્યવહારોમાં નંબર વન છીએ, જેના કારણે જોખમ પણ વધ્યું છે,' એમ તેમણે કહ્યું હતું.

જ્યારે લોકોને ડિજિટલ વ્યવહારો માટે વિવિધ પ્લેટફૉર્મ મળ્યા, ત્યારે આનાથી સાયબર ગુનેગારોને (નાણાકીય) પ્રવેશદ્વારો તોડવાનો પ્રયાસ કરવાની તક પણ મળી, પરંતુ તેઓ સફળ થયા નહીં, એમ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું કે, ભવિષ્યમાં શેરી ગુનાઓ કરતાં સાયબર ગુનાઓ વધશે. સાયબર ગુના સાથે પનારો પાડતી વખતે, 'આપણને એવા બળની જરૂર છે જે આવા ગુનેગારો સાથે અસરકારક રીતે કામ પાડી શકે' એમ તેમણે કહ્યું હતું.

ફડણવીસે જણાવ્યું હતું કે, મુંબઈ શહેરમાં પાંચ સાયબર લેબ પ્રસ્તાવિત છે, તેમણે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ સુવિધાઓ મહિલાઓ વિરુદ્ધ સાયબર ગુનાઓના કેસોને ઉકેલવામાં મદદ કરશે.

ગૃહ ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન યોગેશ કદમ, એડિશનલ ચીફ સેક્રેટરી (હોમ) ઇકબાલ સિંહ ચહલ, મુંબઈના પોલીસ કમિશનર વિવેક ફણસલકર અને અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. ■

વસઈના ફ્લૅટમાંથી ૧૧.૫૮ કરોડનું ડ્રગ્સ જપ્તઃ નાઈજીરિયનની ધરપકડ

પાલઘરઃ વસઈના એક ફ્લૅટમાં કાર્યવાહી કરી પોલીસે અંદાજે ૧૧.૫૮ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરી નાઝીરિયન નાગરિકની ધરપકડ કરી હતી. તાજેતરના સમયમાં પાલઘર જિલ્લામાં ડ્રગ્સનો જપ્ત કરાયેલો આ સૌથી મોટો જથ્થો હોવાનું એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

વસઈ પૂર્વમાં એવરશાઈન સિટી પરિસરમાંની મહેશ અપાર્ટમેન્ટ બિલ્ડિંગના એક ફ્લૅટમાં શંકાસ્પદ પ્રવૃત્તિની માહિતી મળતાં મીરા-ભાયંદર વસઈ-વિરારની ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૨ના અધિકારીઓએ કાર્યવાહી કરી હતી. સિનિયર ઈન્સ્પેક્ટર સમીર અહિરરાવની ટીમે પાંચમી એપ્રિલની મધરાતે ફ્લૅટ પર રેઇડ કરી હતી, એમ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ) મદન બલ્લાળે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ એપાર્ટમેન્ટના ત્રીજા માળે આવેલા ફ્લૅટમાંથી નાજીરિયન નાગરિક વિક્ટર ઓડિચિમ્મા ઓનુવાલા ઉર્ફે ડાઈકે રેમન્ડ (૩૭)ને પકડી પાડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં તેની પાસેથી ૪૮ ગ્રામ કોકેન મળી આવ્યું હતું. તેનો બનાવટી પાસપોર્ટ પણ જપ્ત કરવામાં આવ્યો હતો.

રેમન્ડના ફ્લૅટમાંથી એક ચાવી મળી આવી હતી, જે ચોથા માળના ફ્લૅટની હતી. પોલીસે એ ફ્લૅટમાંથી તપાસ કરતાં ૨૩ કિલો મેફેડ્રોન (એમડી) અને ડ્રગ્સની ગુણવત્તામાં ફેરફાર કરવા વપરાતું કેમિકલ મળી આવ્યું હતું. એ ફ્લૅટમાંથી પોલીસને ઈગ્વેનુબા ચુક્વેબુકા ચિમાઓબી લેગૉસનો પાસપોર્ટ મળી આવ્યો હતો. ઈગ્વેનુબાની પણ ડ્રગ્સ સપ્લાયમાં સંડોવણી હોવાનું જણાયું હતું. પોલીસ તેની શોધ ચલાવી રહી છે.

પકડાયેલા બન્ને આરોપી વિરુદ્ધ વાલિવ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપી ઓનુવાલા વિરુદ્ધ આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં પણ ગુનો નોંધાયેલો હોવાનું તપાસમાં જણાયું હતું. (પીટીઆઈ)■

ઍરપોર્ટ પર પંજાબનો યુવાન ૯.૫૩ કરોડના ગાંજા સાથે પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગના ઍર ઈન્ટેલિજન્સ યુનિટે (એઆઈયુ) મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પરથી બૅંગકોકથી આવેલા પંજાબના યુવાનની ધરપકડ કરી અંદાજે ૯.૫૩ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કર્યો હતો.

બૅંગકોકથી આવી રહેલા પંજાબના અમૃતસરના વતની કંવલજીત સિંહ (૩૧) પાસે પ્રતિબંધિત ડ્રગ્સ હોવાની માહિતી એઆઈયુના અધિકારીને મળી હતી. માહિતીને આધારે અધિકારીઓએ રવિવારે ઍરપોર્ટ પહોંચેલા સિંહને તાબામાં લીધો હતો.

સિંહના સામાનમાંની ટ્રોલી બૅગની તપાસ કરતાં તેમાંથી પ્લાસ્ટિકની થેલીનાં ૨૦ પૅકેટ્સ મળી આવ્યાં હતાં. ચકાસણી કરતાં પૅકેટ્સમાં ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો હોવાનું જણાયું હતું. ૨૦ પૅકેટ્સમાંથી ૯,૫૩૨ ગ્રામ ગાંજો જપ્ત કરાયો હતો, જેની કિંમત ૯.૫૩ કરોડ રૂપિયા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પૂછપરછમાં આરોપીએ કબૂલ્યું હતું કે પૅકેટ્સમાં ગાંજો હોવાની તેને જાણ કરી હતી. ઝટપટ રૂપિયા કમાવાની લાલચમાં તે આ તસ્કરીમાં સંડોવાયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

મુંબઈથી વારાણસી જતી ફ્લાઈટના ઈમર્જન્સી લૅન્ડિંગ છતાં બીમાર મહિલાનો જીવ બચાવી ન શકાયો

મુંબઈઃ મુંબઈથી વારાણસી જઈ રહેલા વિમાનનું છત્રપતિ સંભાજીનગરમાં ઈમર્જન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું. ફ્લાઈટે ઉડાન ભર્યા પછી મહિલા પ્રવાસીની ફ્લાઈટમાં તબિયત બગડી હતી. ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફ્લાઈટનું ઈમર્જન્સી લેન્ડિંગ કરવાની નોબત આવી હતી. જોકે, લેન્ડિંગ કર્યા પછી પણ મહિલાને બચાવી શક્યાં નહોતા, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

ઈન્ડિગો એરલાઈન્સની એક ફ્લાઈટમાં સવારના ૮૯ વર્ષના મહિલા પ્રવાસીનું મોત થયું હતું. આ બનાવ પછી ક્રૂ મેમ્બર્સે પાઇલટને જાણ કરી હતી, ત્યાર પછી સંભાજીનગર ખાતે ફ્લાઈટનું ઈમર્જન્સી લેન્ડિંગ કર્યું હતું. મુંબઈથી વારાણસી જઈ રહેલી ફ્લાઈટ રવિવારે રાતના ચિકલથાના એરપોર્ટ પર લેન્ડિંગ કરવું પડ્યું હતું.

મહિલા પ્રવાસીની ઓળખ ઉત્તર પ્રદેશના મિરઝાપુરના રહેવાસી સુશીલા દેવી તરીકે કરવામાં આવી છે. મુંબઈથી વારાણસી જતી વખતે તબિયત ખરાબ થવાને કારણે ફ્લાઈટનું રાતના દસ વાગ્યાના સુમારે લેન્ડિંગ કરવું પડ્યું હતું. લેન્ડિંગ પછી મેડિકલ ટીમ દ્વારા મહિલા પ્રવાસીની તપાસ કરવામાં આવી હતી, પરંતુ એ પૂર્વે તેનું મોત થયું હતું.

એરપોર્ટ પરની મેડિકલ ટીમ દ્વારા મહિલાને મૃત જાહેર કરવામાં આવ્યા પછી પ્રવાસીઓમાં આઘાતમાં ડૂબ્યા હતા. એમઆઈડીસીની સિડકો પોલીસે જરૂરી ઔપચારિકતા પૂરી કર્યા પછી વિમાનને વારાણસી જવા માટે રવાના કરવામાં આવ્યું હતું. મહિલાના મૃતદેહને છત્રપતિ સંભાજીનગર સ્થિત સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. એરલાઈન પ્રશાસન દ્વારા આ બનાવની સંવેદના વ્યક્ત કરવામાં આવી હતી. ■

કોસ્ટલ રોડ પર મર્સિડિઝ દીવાલ સાથે ભટકાઇ

મુંબઈઃ મુંબઈના કોસ્ટલ રોડ પર મર્સિડીઝ-બેન્ઝ સોમવારે સવારે દીવાલ સાથે અથડાઇ હતી. આ અકસ્માતમાં કોઇ જાનહાનિ થઇ નહોતી. સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસતાં જાણવા મળ્યું હતું કે સફેદ મર્સિડિઝ-બેન્ઝના ડ્રાઇવરે કાબૂ ગુમાવ્યો હતો અને તે સાઇડ વૉલ સાથે અથડાઇ હતી. તે પોલીસ વેન અને અન્ય એક કાર સાથે જરામાં અથડાતી રહી ગઇ હતી. મર્સિડીઝ દીવાલ સાથે અથડાયા બાદ કાળા રંગની કાર અધવચ્ચે ઊભી રહી ગઇ હતી, જેને પગલે પાછળથી આવી રહેલી કારના ડ્રાઇવરે નિયંત્રણ ગુમાવ્યું હતું અને તે ઊભી રહેલી કારને બચાવવાના ચક્કરમાં બેરિયર્સમાં ઘૂસી ગઇ હતી.

બાંદ્રા-વરલી સી લિંક પર શનિવારે મોડી રાતે અકસ્માત થયો હતો, જેમાં ડિવાઇડર સાથે અથડાયા બાદ સ્કોડા કાર ઊંધી વળી ગઇ હતી. આ અકસ્માતને કારણે બે કલાક સુધી ટ્રાફિકને અસર થઇ હતી. જોકે ક્રેનની મદદથી અકસ્માતગ્રસ્ત કારને ત્યાંથી હટાવવામાં આવી હતી. અકસ્માતમાં ત્રણ જણને ઇજા થઇ હતી.■

અકસ્માત કરનાર ઘાટકોપરના વેપારી હેતુલ રામજિયાણીનું લાઇસન્સ રદ કરવાની પ્રક્રિયા

મુંબઈઃ બાંદ્રા વરલી સી લિંક પર શનિવારે મોડી રાતે નશામાં કાર હંકારીને અકસ્માત સર્જ્યા બાદ ઘાટકોપરના વેપારી હેતુલ રામજિયાણી વિરુદ્ધ વરલી પોલીસ સ્ટેશનમાં દખલપાત્ર ગુનો નોંધવામાં આવ્યો હતો. હવે ટ્રાફિક પોલીસ દ્વારા તેનું લાઇસન્સ રદ કરવા અથવા સસ્પેન્ડ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

દારૂના નશામાં વાહન હંકારીને પોતાના અને અન્યોના જીવ જોખમમાં મૂકનારા ચાલકો સામે લગામ તાણવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા કડક પગલાં લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. આના ભાગરૂપે ૪થી ૬ એપ્રિલ દરમિયાન બાવીસ જણ સામે નશામાં વાહન ચલાવવા બદલ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૨૫ તેમ જ મોટર વેહિકલ એક્ટ હેઠળ દખલપાત્ર ગુના દાખલ કરવામાં આવ્યા હતા. આ તમામના લાઇસન્સ રદ અથવા સસ્પેન્ડ કરવાની પ્રક્રિયા શરૂ કરાઇ છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ઘાટકોપરમાં રહેતા હેતુલ રામજિયાણીના બે મિત્ર પાર્થ લિંબાણી અને નરેશકુમાર પોકાર કચ્છથી આવ્યા હતા. આથી શનિવારે રાતે ત્રણેય જણે દારૂની પાર્ટી કરી હતી અને બાદમાં જમવા માટે તેઓ સ્કોડા કારમાં દક્ષિણ મુંબઈમાં આવ્યા હતા. જમ્યા બાદ તેઓ કારમાં ઘાટકોપર પાછા જવા નીકળ્યા હતા. હેતુલ કાર હંકારી રહ્યો હતો અને બાંદ્રા-વરલી સી લિંક પરથી પસાર થતી વખતે અચાનક તેણે કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે કાર ડિવાઇડર સાથે ભટકાયા બાદ ઊંધી વળી ગઇ હતી. આ અકસ્માતમાં ત્રણેયને ઇજા થઇ હતી. હેતુલના બંને મિત્રને સારવાર માટે કાંદિવલીની હોસ્પિટલમાં લઇ જવાયા હતા, જ્યારે હેતુલને પોલીસ સ્ટેશન લવાયો હતો અને બાદમાં તબીબી તપાસ માટે મોકલાયો હતો. હેતુલ દારૂના નશામાં હતો, એવું જણાયું હતું.

સગીરાને કૉલ્ડ કોફી પીવડાવી તેના જ ઘરમાંથી ઘરેણાં ચોર્યાં બેસ્ટ ફ્રેન્ડે

પુણેઃ પુણેમાં સગીરાને તેની જ બેસ્ટ ફ્રેન્ડે ઘેનયુક્ત કોલ્ડ કોફી પીવડાવીને ઘરમાંથી પાંચ લાખથી વધુની કિંમતનાં ઘરેણાં ચોર્યાં હતાં. ભારતીય વિદ્યાપીઠ પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કર્યા બાદ પુણે સ્ટેશનથી ફ્રેન્ડને તાબામાં લીધી હતી અને તેની પાસેથી ચોરીના ઘરેણાં જપ્ત કર્યાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર પુણેના સિંહગઢ કોલેજની નજીક એમરાઇડ સોસાયટીમાં ગયા મહિને આ ઘટના બની હતી. આ સોસાયટીમાં રહેતી સગીરાના ઘરે ૬ માર્ચે તેની બેસ્ટ ફ્રેન્ડ આવી હતી. તે કોલ્ડ કોફી સાથે લઇ આવી હતી, જે તેણે સગીરાને પીવા માટે આપી હતી. કોલ્ડ કોફીમાં ઘેનની દવા ભેળવેલી હતી, જેને પીધા બાદ સગીરા બેભાન થઇ ગઇ હતી.

તકનો લાભ લઇને બેસ્ટ ફ્રેન્ડે સગીરાના ઘરના કબાટમાંથી પાંચ લાખથી વધુની કિંમતના દાગીના ચોરી લીધા હતા. બાદમાં તે ત્યાંથી રફુચક્કર રહી હતી. દરમિયાન સગીરા ભાનમાં આવ્યા બાદ તેની ફ્રેન્ડ નજરે પડી નહોતી. શંકા જતાં તેણે ઘરમાં તપાસ કરતાં કબાટમાં રાખેલા દાગીના ગાયબ હતા. આથી તેણે ફ્રેન્ડનો સંપર્ક સાધીને પૂછપરછ કરતાં તેણે ચોરીની કબૂલાત કરી હતી અને દાગીના પાછા આપવાનું આશ્વાસન આપ્યું હતું. જોકે વારંવારની માગણી છતાં તેણે દાગીના પરત કર્યા નહોતા, જેને પગલે પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી. ■

આપઘાતનો પ્રયાસ કરનારા લાતુર સુધરાઈના કમિશનરને ઍરએમ્બ્યુલન્સમાં મુંબઈ લવાયા

લાતુરઃ માથામાં ગોળી મારી આત્મહત્યાનો પ્રયાસ કરનારા લાતુર મહાનગરપાલિકાના કમિશનરને વધુ સારવાર માટે ઍરએમ્બ્યુલન્સથી મુંબઈ લાવવામાં આવ્યા હતા. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સોમવારે સવારે પાલિકા કમિશનર બાબાસાહેબ મનોહરેને શહેરની સહ્યાદ્રી હૉસ્પિટલથી ગ્રીન કોરિડોર કરી ઍરપોર્ટ લઈ જવાયા હતા. ત્યાંથી ઍરએમ્બ્યુલન્સમાં મુંબઈ લાવવામાં આવ્યા હતા. વધુ સારવાર માટે તેમને કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

પાલિકા કમિશનરે બાર્શી રોડ પરના તેમના નિવાસસ્થાને શનિવારની રાતે ૧૧.૩૦ વાગ્યે પિસ્તોલમાંથી પોતાના માથામાં ગોળી મારી લીધી હતી. સારવાર માટે તેમને તાત્કાલિક સહ્યાદ્રી હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તેમના પર શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી. માથામાં જમણી બાજુથી ગોળી ઘૂસી હતી, જેને કારણે ઘણું લોહી વહી ગયું હતું, એમ સહ્યાદ્રી હૉસ્પિટલના ડૉ. હનુમંત કિણીકરે જણાવ્યું હતું.

ડૉક્ટરના કહેવા મુજબ મનોહરેની સ્થિતિ અત્યારે સ્થિર છે અને તે સારવારને સારો પ્રતિસાદ આપે છે.

મનોહરેના પરિવારજનોના કહેવા અનુસાર શનિવારની રાતે મનોહરે હંમેશ મુજબ જમ્યા હતા અને ઘરમાં બધા સાથે વાતચીત પણ કરી હતી. મનોહરે પોતાની રૂમમાં ગયા પછી પિસ્તોલની ગોળી છૂટવાનો અવાજ આવ્યો હતો. ૨૦ ઑક્ટોબર, ૨૦૨૨ના રોજ મનોહરેએ લાતુર મહાપાલિકાના કમિશનર તરીકેનો પદભાર સંભાળ્યો હતો. (પીટીઆઈ)■

થાણેમાં જોખમી ઈમારતનો બારીનો ભાગ તૂટી પડ્યો, જાનહાનિ નહીં

થાણેઃ થાણેની એક ઇમારતના ચોથા માળે બારીનો ભાગ તૂટી પડતા લોખંડની જાળી લટકવા લાગી હતી. તેથી સાવચેતીનાં પગલાંરૂપે તેની આસપાસના બે ઘર ખાલી કરાવવા પડ્યા હોવાનું સત્તાવાળાઓએ જણાવ્યું હતું.

થાણેના ખારકર અલી વિસ્તારમાં આવેલા પાંચ માળના ખાલી પડેલા ઓમ સાગર અપાર્ટમેન્ટમાં રવિવારે સવારે ૧૦.૩૪ કલાકે આ ઘટના બની હતી જેમાં કોઇ જાનહાનિ થઇ નહોતી.

૩૮ વર્ષ જૂની આ ઇમારતને અતિજોખમી જાહેર કરવામાં આવી હતી અને સાવચેતીનાં પગલાંરૂપે પહેલાથી જ તે ખાલી કરાવવામાં આવી હતી, એમ થાણે પાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસિન તડવીએ જણાવ્યું હતું.

રવિવારે રાતે ચોથા માળે બારીનો ભાગ તૂટી પડ્યો હતો જેને કારણે લોખંડની જાળી જોખમી રીતે લટકવા લાગી હતી. નજીકના ઘરના રહેવાસીઓને તેનાથી જોખમ હોઇ શકે તે માટે બે ઘર ખાલી કરાવ્યાં હતાં, એમ તેમણે કહ્યું હતું.

ઘટનાની જાણ થયા બાદ અગ્નિશમન દળ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. રવિવારે રાતે લાઇટની સુવિધા ન હોવાને કારણે સોમવારે સવારે લટકી રહેલી લોખંડની જાળી દૂર કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

પાલઘરમાં રામનવમીની શોભાયાત્રા પર ઈંડા ફેંકાયા, જબરજસ્ત ટેન્શન

પાલઘરઃ ગઈ કાલે રવિવારે રામનવમીનો તહેવાર હતો, આ નિમિતે દેશના ઘણાં શહેરોમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં પણ રામનવમીની સંખ્યાબંધ શોભાયાત્રાઓ નીકળી હતી, એવામાં પાલઘરમાં એક શોભાયાત્રા પર અસામાજિક તત્વોએ હુમલો કર્યો હતો.

અહેવાલ મુજબ મહારાષ્ટ્રના પાલઘરમાં, કેટલાક લોકોએ શોભાયાત્રા પર ઇંડા ફેંક્યા હતાં. આ ઘટના બાદ વિસ્તારમાં તણાવનો માહોલ છે. જોકે, બાદમાં પોલીસે ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી.

આ ઘટના રવિવારે રાત્રે બની હતી, જાણકારી મળ્યા બાદ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ધાર્મિક લાગણીઓ દુભાવવા બદલ અજાણ્યા આરોપીઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે માહિતી આપી છે કે પૂછપરછ માટે એક વ્યક્તિને પણ અટકાયતમાં લેવામાં આવ્યો છે.

અહેવાલ મુજબ સકલ હિન્દુ સમાજ નામના સંગઠન દ્વારા રામ નવમી પર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે રેલી ચિખલડોંગરીના સર્વેશ્વર મંદિરથી શરૂ થઈ હતી અને વિરાર (પશ્ચિમ)માં ગ્લોબલ સિટીના પિંપળેશ્વર મંદિર તરફ જઈ રહી હતી. આ દરમિયાન આ ઘટના બની હતી. રેલીમાં ૧૦૦ થી ૧૫૦ વાહનો હતાં. આ ઉપરાંત, એક રથ અને બે ટેમ્પો પણ રેલીનો ભાગ હતા.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું જે ઘટનાની માહિતી મળતાં જ કેટલાક પોલીસકર્મીઓને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા. અધિકારીઓએ લોકોને શાંતિ જાળવવા અને સોશિયલ મીડિયા પર અફવાઓ ન ફેલાવવા અપીલ કરી છે.

નોંધનીય છે કે પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં પણ એક શોભાયાત્રા પર પથ્થરમારો થયો હોવાના અહેવાલ છે. ભારતીય જનતા પાર્ટીના નેતાઓએ આ ઘટના સંબંધિત વીડિયો શેર કર્યા છે, જેમાં વાહનોના કાચ તૂટેલા જોઈ શકાય છે. ■

કૉંગ્રેસ જેવો બની રહ્યો છે ભાજપઃ ફડણવીસના કાકીનો બળાપો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાજપના ચંદ્રપુર એકમમાં આંતરિક ઝઘડાને કારણે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના કાકીએ 'કોંગ્રેસ જેવા બનવા'ના સંભવિત જોખમ અંગે પાર્ટીને ચેતવણી આપી છે.

રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન શોભાતાઈ ફડણવીસે રવિવારે ભાજપના સ્થાપના દિવસ પર સ્થાનિક વિધાનસભ્ય કિશોર જોરગેવારના નેતૃત્વ હેઠળના સત્તાવાર કાર્યક્રમને બાયપાસ કરીને ચંદ્રપુરમાં સુધીર મુનગંટીવાર દ્વારા એક અલગ કાર્યક્રમનું આયોજન કર્યું હતું તેના પ્રતિભાવમાં આ ઠપકો આપ્યો હતો.

'લોકો ભાજપમાં જોડાવા માટે કતારમાં ઉભા છે, અને જો આપણે લડતા રહીશું, તો શું લોકો એવું નહીં કહે કે આપણે કોંગ્રેસ જેવા બની ગયા છીએ?' એમ શોભાતાઈ ફડણવીસે રવિવારે સ્થાપના દિવસના કાર્યક્રમમાં કહ્યું હતું.

'આપણે આપણા પક્ષને કોંગ્રેસ જેવો ન બનવા દેવો જોઈએ. આપણે ભાજપની ઓળખ જાળવી રાખવી પડશે,' એમ તેમણે ભૂતપૂર્વ પ્રધાન મુનગંટીવારનું નામ લીધા વિના તેમના પ્રત્યે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું.

ભાજપ કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં સત્તામાં છે, જ્યારે ચંદ્રપુરમાં આંતરિક ઝઘડા છે, એમ તેમણે કહ્યું.

શબ્દો ચોર્યા વિના તેમણે પૂછ્યું હતું કે, 'શહેરમાં બે અલગ અલગ કાર્યક્રમો શા માટે યોજવામાં આવે છે? તે લોકોને શું સંદેશ આપે છે? જો તેઓ (જોરગેવાર) ચંદ્રપુરના વિધાનસભ્ય છે, તો તેમની ફરજ છે કે તેઓ એક કાર્યક્રમ યોજે, અને અન્ય લોકોએ ખુલ્લા મનથી અહીં કાર્યક્રમમાં હાજરી આપવી જોઈએ.'

પક્ષના કાર્યકરોમાં નમ્રતા અને શિસ્તની અપીલ કરતા શોભાતાઈ ફડણવીસે કહ્યું હતું કે, 'જ્યારે બાંગ્લાદેશ, પાકિસ્તાન અને ચીન સાથેની સરહદો પર તણાવ જેવા ગંભીર મુદ્દાઓ છે, ત્યારે તેઓ આવા આંતરિક ઝઘડા અને નાના પ્રોટોકોલમાં શા માટે વ્યસ્ત રહે અને આદર શોધે?' એમ તેમણે પક્ષના નેતાઓને સલાહ આપી કે તેઓ નકલી ગૌરવ પર રડે નહીં અને પક્ષના કાર્યકરોનો આભારી બને. મુનગંટીવારના વિરોધ છતાં, જોરગેવારને વિધાનસભા ચૂંટણીમાં ચંદ્રપુર વિધાનસભા મતવિસ્તારમાંથી મંત્રી બનાવવામાં આવ્યા અને વિજય મેળવ્યો હતો.

ચંદ્રપુર જિલ્લાના બલ્લારપુર મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા મુનગંટીવાર રાજ્ય કેબિનેટમાંથી બહાર થયા બાદ નારાજ છે.

પોતાની નિરાશા વ્યક્ત કરતા, મુનગંટીવારે મહેસૂલ મંત્રી ચંદ્રશેખર બાવનકુળેને કહ્યું હતું કે, 'હું અસ્ત થતા સૂર્ય જેવો છું અને તમે ઉગતા સૂર્ય જેવા છો. તમારી પાસે કામ કરવા માટે વધુ સારા દિવસો છે, લોકો માટે કંઈક સારું કરો.' ■

રાયગડના જંગલમાં ભૂલા પડેલા સાત ટ્રેકર્સને અંતે બચાવી લેવાયા

મુંબઈઃ મુંબઈના કેટલાક ટ્રેકરોને રાયગડના જંગલ વિસ્તારમાં ટ્રેકિંગ કરવું ભારે પડી ગયું હતું. મહારાષ્ટ્રના રાયગડ જિલ્લામાં પેબ કિલ્લા પર ટ્રેકિંગ કરવા ગયેલા સાત મિત્રો ભૂલા પડ્યા બાદ રવિવારે (૬ એપ્રિલ) પોલીસ અને સ્થાનિક લોકોએ તેમને સુરક્ષિત બચાવી લીધા હતા. સ્થાનિક પ્રશાસનના અધિકારીએ જણાવ્યું કે મુંબઈના પવઈ વિસ્તારનું આ ગ્રુપ મહાનગરથી લગભગ ૮૦ કિલોમીટર દૂર નેરલ નજીકના ઐતિહાસિક સ્થળની મુલાકાતે ગયું હતું. ટ્રેકર્સના ગ્રુપમાં કેટલીક છોકરીઓ પણ હતી.

મુંબઈ પોલીસ અધિકારીએ જણાવ્યું કે જંગલ વિસ્તારમાંથી પસાર થતી વખતે સાત મિત્રો ભૂલા પડ્યા હતા અને કેટલાય કલાકો સુધી તેઓને રસ્તો મળતો નહોતો અને તેઓ જંગલમાં અટવાઈ ગયા હતા. તેમાંથી એકે પોલીસનો સંપર્ક કર્યો હતો અને મદદ માટે અપીલ કરી હતી. ત્યારપછી પોલીસ અને સ્થાનિક રેસ્ક્યુ ટીમે તેમને શોધી કાઢ્યા અને સલામત સ્થળે પહોંચાડ્યા હતા. ■

નાનો ભાઈ હાર્દિક હાર્યો, મોટા ભાઈ કૃણાલની કરામત કામ કરી ગઈ

વાનખેડેમાં એમઆઇએ આરસીબીને લડત આપ્યા પછી હાર સ્વીકારીઃ બેંગલૂરુએ ઇડન, ચેપૉક પછી હવે વાનખેડેમાં પરાજયની પરંપરા તોડી

મુંબઈઃ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)નો અહીં વાનખેડે સ્ટેડિયમમાં રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) સામેની દિલધડક મૅચમાં ૧૨ રનથી પરાજય થયો હતો. એમઆઇની ટીમ ૨૨૨ રનના લક્ષ્યાંક સામે ૨૦ ઓવરમાં જોરદાર લડત આપ્યા બાદ નવ વિકેટે ૨૦૯ રન બનાવી શકી હતી. આરસીબીની ટીમ ૧૦ વર્ષે પહેલી વાર વાનખેડેમાં એમઆઇ સામે જીતવામાં સફળ થઈ છે. ખરેખર તો આરસીબીએ ઈડનમાં કોલકાતાને, ચેપૉકમાં ચેન્નઈને અને વાનખેડેમાં મુંબઈને એના જ ગઢમાં હરાવવામાં સફળતા મેળવી છે.

૩૧ વર્ષના એમઆઇના સુકાની હાર્દિક પંડ્યા સામે તેનો મોટો ભાઈ અને આરસીબીનો ૩૪ વર્ષીય સ્પિન-ઑલરાઉન્ડર કૃણાલ પંડ્યા હીરો બની ગયો હતો.

હાર્દિકે ૧૫ બૉલમાં કુલ સાત બાઉન્ડરીઝની મદદથી ૪૨ રન કર્યા હતા, પરંતુ કૃણાલે ૨૦મી ઓવરમાં સૅન્ટનર, ચાહર અને નમન ધીરની વિકેટ લેવાની સાથે ૪૫ રનમાં કુલ ચાર વિકેટ લઈને આરસીબી માટે મૅચ-વિનિંગ પર્ફોર્મ કર્યું હતું. યશ દયાલ, હૅઝલવૂડે બે-બે વિકેટ અને ભુવનેશ્વરે એક વિકેટ લીધી હતી.

સાંજે આરસીબીના બૅટ્સમેનની ફટકાબાજી થયા બાદ રાત્રે એમઆઇના તિલક વર્મા (૫૬ રન, ૨૯ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર) અને હાર્દિક પંડ્યા (૪૨ રન, ૧૫ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર) એમઆઇની ટીમને વિજયની નજીક લાવ્યા હતા. તિલક-હાર્દિક વચ્ચે ૮૯ રનની ભાગીદારીએ વાનખેડે ગજવી નાખ્યું હતું અને એમઆઇને જીતની આશા અપાવી હતી, પણ પૂંછડિયા બૅટ્સમેનો એમઆઇને નહોતા જિતાડી શક્યા.

એ પહેલાં, સૂર્યકુમાર યાદવ (૨૮ રન, ૨૬ બૉલ, પાંચ ફોર)એ જીવતદાનનો લાભ નહોતો લીધો અને યશ દયાલને વિકેટ આપી દીધી હતી. એ અગાઉ, આ વખતે પહેલેથી જ નિરાશ કરી રહેલા રોહિત શર્મા (૧૭ રન), રાયન રિકલ્ટન (૧૭ રન) અને વિલ જૅક્સ (બાવીન રસ)એ સસ્તામાં વિકેટ ગુમાવી દીધી હતી. કૃણાલ તેમ જ ભુવનેશ્વર અને યશ દયાલની ઓવર્સમાં ૪૦-પ્લસ રન થયા હતા.

વાનખેડેમાં ૩૨,૦૦૦-પ્લસ ક્રાઉડમાં અડધા ભાગના ક્રિકેટપ્રેમીઓ આરસીબીની અને અડધા એમઆઇની તરફેણવાળા હતા અને લગભગ દરેક બૉલ પર પ્રેક્ષકોની બૂમ સંભળાઈ હતી.

એ પહેલાં, આરસીબીએ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૨૧ રન કર્યા હતા અને એમઆઈને ૨૨૨ રનનો પડકારરૂપ ટાર્ગેટ આપ્યો હતો.

આ વખતની આઇપીએલમાં આરસીબીનું આ હાઈએસ્ટ અને કુલ પાંચમા નંબરનું ટોટલ હતું.

વિરાટ કોહલી (૬૭ રન, ૪૨ બૉલ, બે સિક્સર, આઠ ફોર) અને કેપ્ટન રજત પાટીદાર (૬૪ રન, ૩૨ બૉલ, ચાર સિક્સર, પાંચ ફોર)એ આતશબાજીથી ૩૨,૦૦૦-પ્લસ પ્રેક્ષકોને ખુશ કરી દીધા હતા. વિરાટ અને દેવદત પડિક્કલ (૩૭ રન, ૨૨ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૯૧ રનની અને વિરાટ તથા પાટીદાર વચ્ચે ત્રીજી વિકેટ માટે ૪૮ રનની પાર્ટનરશિપ થઈ હતી.

વિકેટકીપર જિતેશ શર્મા (૪૦ અણનમ, ૧૯ બૉલ, ચાર સિક્સર, બે ફોર)એ પણ આરસીબીની ઇનિંગ્સને ચાર ચાંદ લગાવ્યા હતા. એમઆઇના બોલર્સમાં ટ્રેન્ટ બૉલ્ટ અને હાર્દિકે બે-બે વિકેટ લીધી હતી. સ્પિનર વિજ્ઞેશ પુથુરને એક વિકેટ મળી હતી, પરંતુ ચાર બોલર વિકેટ વિનાના રહ્યા હતા. ■

કોહલી, પાટીદાર, જિતેશ અને આરસીબીએ અનલકી વાનખેડેને નસીબવંતુ બનાવી દીધું

બૉલ્ટની ૩૧મી વખત મૅચની પ્રથમ ઓવરમાં વિકેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ૨૦૧૫ના વર્ષ બાદ પહેલી વાર (૧૦ વર્ષે) વાનખેડેમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઈ) સામે વિજય મેળવવા આવેલા રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ના બેટ્સમેનોએ બૅટના જોરે ગઈ કાલે આ સ્ટેડિયમ ખૂબ ગજાવ્યું હતું. આરસીબી તરફથી ગઈ કાલે આ ગ્રાઉન્ડ પર કેટલાક વિક્રમ બન્યા હતા.

આરસીબીએ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૨૧ રન કર્યા હતા અને એમઆઈને ૨૨૨ રનનો પડકારરૂપ ટાર્ગેટ આપ્યો હતો.

આ વખતની આઇપીએલમાં આરસીબીનું આ હાઈએસ્ટ અને કુલ પાંચમા નંબરનું ટોટલ છે.

વિરાટ કોહલી (૬૭ રન, ૪૨ બૉલ, બે સિક્સર, આઠ ફોર) અને કેપ્ટન રજત પાટીદાર (૬૪ રન, ૩૨ બૉલ, ચાર સિક્સર, પાંચ ફોર)એ આતશબાજીથી ૩૨,૦૦૦-પ્લસ પ્રેક્ષકોને ખુશ કરી દીધા હતા.

વિરાટ અને દેવદત પડિક્કલ (૩૭ રન, ૨૨ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૯૧ રનની અને વિરાટ તથા પાટીદાર વચ્ચે ત્રીજી વિકેટ માટે ૪૮ રનની પાર્ટનરશિપ થઈ હતી.

વિકેટકીપર જિતેશ શર્મા (૪૦ અણનમ, ૧૯ બૉલ, ચાર સિક્સર, બે ફોર)એ પણ આરસીબીની ઇનિંગ્સને ચાર ચાંદ લગાવ્યા હતા.

૨૦૧૬ બાદ વાનખેડેમાં એમઆઈ સામે આરસીબી ૨૦૨૫ની સાલ પહેલાં તમામ છ મૅચ હારી હતી જેમાંના પાંચ પરાજય મોટા માર્જિનથી થયા હતા. જોકે ૨૦૨૪માં આરસીબીની ટીમ આ જ મેદાન પરની ફટકાબાજીથી અસલ રંગમાં આવી અને તમામ ટીમોમાં સૌથી આક્રમક બની હતી.

આ વખતે છ ઓવરના પાવરપ્લેમાં આરસીબીની ટીમે ૭૩/૧ના સ્કોર સાથે વાનખેડેમાં એમઆઈ સામે પાવરપ્લેમાં ચેન્નઈ (૯૦ રન) પછી બીજા નંબરનો અને આઈપીએલના ઇતિહાસમાં ચોથા નંબરનો હાઈએસ્ટ સ્કોર નોંધાવ્યો હતો.

અધૂરામાં પૂરું, ૨૯ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરનાર વિરાટ હવે આ જ મેદાન પર ટી-૨૦ના ઈતિહાસમાં સૌથી ઝડપે ૧૩,૦૦૦ રન પૂરા કરનાર ક્રિસ ગેઇલ પછીનો બીજા નંબરનો બૅટ્સમૅન બન્યો છે.

ફાસ્ટ બોલર ટ્રેન્ટ બોલ્ટે આઈપીએલમાં ૩૧મી વાર મૅચની પ્રથમ ઓવરમાં વિકેટ મેળવવાનો વિક્રમ કર્યો હતો. તેણે ફિલ સોલ્ટને આઉટ કર્યો હતો.

મુંબઈના સાત બોલરમાં બોલ્ટ અને કેપ્ટન હાર્દિકે બે-બે વિકેટ અને સ્પિનર પુથુરે એક વિકેટ લીધી હતી. કમબૅકમૅન બુમરાહ તેમ જ ચાહર, વિલ જેક્સ અને સેન્ટનરને વિકેટ નહોતી મળી.

બોલ્ટની ચાર ઓવરમાં ૫૭ રન થયા હતા અને તે સૌથી ખર્ચાળ બન્યો હતો. ■

પૉન્ટિંગ કેમ દ્રવિડ જેવી સલાહ વિરાટ-રોહિતને નથી આપવા માગતો?

નવી દિલ્હીઃ રોહિત શર્મા તાજેતરમાં ઑસ્ટ્રેલિયાના પ્રવાસના અંતે (સિડની ટેસ્ટમાંથી) નીકળી જઈને આડકતરી રીતે કૅપ્ટન્સીને ગુડ બાય કરી હતી, જ્યારે વિરાટ કોહલીએ એ જ પ્રવાસની શરૂઆતમાં પર્થની સેન્ચુરી સાથે ધમાકેદાર શરૂઆત કરી હતી, પરંતુ સિરીઝમાં સમય જતાં આ બન્ને દિગ્ગજોએ ખૂબ સંઘર્ષ કર્યો હતો અને તેમના નબળા પર્ફોર્મન્સને પગલે ભારત એ શ્રેણી ૧-૩થી હારી ગયું હતું. જોકે ત્યાર બાદ બન્ને પીઢ ખેલાડીએ કમબૅક કરીને વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારતને વિજેતાપદ અપાવવામાં પોતપોતાની રીતે યોગદાન આપ્યું જેને પગલે હાલમાં એવી ચર્ચા થઈ રહી છે કે ઑસ્ટ્રેલિયાનો મહાન ક્રિકેટર રિકી પૉન્ટિંગ કે જેણે એક સમયે રાહુલ દ્રવિડને નિવૃત્તિના વિચારો છોડી દેવાની સલાહ આપી હતી એવી સલાહ હાલમાં જરૂર પડે તો પણ રોહિત-વિરાટને નથી આપવા માગતો. બીજી રીતે કહીએ તો રોહિત અને વિરાટ હજી ભારત વતી વધુ રમી શકે એમ નથી એ માટે તેને (પૉન્ટિંગને) કોઈ જ કારણ નથી દેખાતું.

દ્રવિડ જ્યારે ખરાબ સમયકાળથી કંટાળીને રિટાયર થઈ જવા વિચારતો હતો ત્યારે રિકી પૉન્ટિંગે તેને જે સલાહ આપી હતી એવી રોહિત-વિરાટને આપવાનું પસંદ કરશે? એવું એક મુલાકાતમાં પૂછાતાં પૉન્ટિંગે કહ્યું, ‘દ્રવિડનો ત્યારે ઑસ્ટ્રેલિયા-પ્રવાસ સારો નહોતો રહ્યો જેને કારણે તે ખૂબ નિરાશ હતો.’

પૉન્ટિંગે દ્રવિડની એ સ્થિતિ વિશે વધુ વાત કરતા કહ્યું, ‘દ્રવિડ ત્યારે કરીઅરમાં ખૂબ સંઘર્ષ કરી રહ્યો હતો. મીડિયામાં પણ તેની ખૂબ ચર્ચા હતી. એ બધી વાતોથી તે કંટાળી ગયો હતો, થાકી ગયો હતો. મારી અને દ્રવિડ વચ્ચે હંમેશાં બહુ સારી દોસ્તી રહી છે. અમે બન્ને વર્ષો સુધી એકમેકના હરીફ ખેલાડી બની રહ્યા અને અમે બન્ને પોતાના દેશ વતી બૅટિંગમાં ત્રીજા ક્રમે રમ્યા હતા. આવા ખેલાડી (દ્રવિડ)ના ક્લાસ અને ક્વૉલિટી કદી નથી જતા.’

પૉન્ટિંગે ત્યારે દ્રવિડને સંન્યાસ લેવાને બદલે પોતાની ખૂબી અને ખાસિયતોને જ નજરસમક્ષ રાખવાની સલાહ આપી હતી. પૉન્ટિંગે ઇન્ટરવ્યૂમાં કહ્યું, ‘મેં દ્રવિડને કહ્યું કે જો તમામ બહારની વાતો ભૂલી જા અને પોતાના પર વિશ્વાસ જાળવી રાખ. જે બાબતોએ તેને આ ઉચ્ચ સ્તરનો ખેલાડી બનાવ્યો છે એ બાબતો ફરી યાદ કરી જા અને એને જ અનુસરવા માંડ. તું જો એ બધી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરીશ અને નાની-નાની બાબતો પર ચિંતા કરવાનું છોડી દઈશ તો મને ખાતરી છે કે તું કારકિર્દી બહુ ઊંચા સ્તરે લઈ ગયા બાદ એને ગુડબાય કરી શકીશ.’

પૉન્ટિંગે વધુમાં કહ્યું, ‘બસ, મેં દ્રવિડને એટલું કહ્યું અને પછી તે જતો રહ્યો અને પછી તેણે જે કર્યું એનો તમે જ અંદાજ લગાવો (દ્રવિડ ફરી ફૉર્મમાં આવ્યો અને શાનથી કરીઅરને બાય-બાય કરી હતી). હું જ્યારે કરીઅરના અંતમાં હતો ત્યારે મને તેના તરફથી એ જ સંદેશ મળ્યો હતો. મારા કપરા કાળ વિશે જાણ્યા પછી સૌથી પહેલાં તેણે મને ફોન કર્યો અને મને એ બાબતોની યાદ અપાવી જે મેં તેને એક સમયે કહી હતી.’

દ્રવિડને આપી હતી એવી સલાહ રોહિત શર્મા અને વિરાટ કોહલીને આપવાનું પૉન્ટિંગને ઠીક લાગ્યું જ નથી. પૉન્ટિંગે કહ્યું, ‘વિરાટ વિશે હું વારંવાર કહી ચૂક્યો છું કે ક્વૉલિટી પ્લેયર થોડો સમય સારા ફૉર્મમાં ન હોય તો તેના વિશે આશા છોડી જ ન શકાય. આવા ખેલાડીઓ કોઈને કોઈ રીતે ચૅમ્પિયન હોય છે અને કેવી રીતે ફરી ફૉર્મમાં આવવું એનો ઉપાય સારી રીતે જાણતા હોય છે. વિરાટ છેલ્લાં બે વર્ષ દરમ્યાન આવી સ્થિતિમાંથી બહાર આવ્યો હતો. તે ઉચ્ચ દરજ્જાનો ખેલાડી છે અને રોહિત પણ તેના જેવો જ દિગ્ગજ છે. હાલમાં બન્ને માટે ટેસ્ટ ક્રિકેટ સંઘર્ષભરી બની ગઈ છે. રોહિતે તો સ્પષ્ટ કરી જ દીધું છે કે તે ૫૦ ઓવરની ક્રિકેટ (વન-ડે ફૉર્મેટ)માંથી હમણાં તો ક્યાંય નથી જવાનો. વાઇટ-બૉલ ક્રિકેટમાં મેં વિરાટ જેવો બીજો ખેલાડી જોયો નથી. આ બન્ને ખેલાડીની કરીઅર હવે પૂરી થઈ એવું હું ક્યારેય નહીં માનું.’ ■

અભિષેકના ફ્લૉપ-શો બદલ કાવ્યા મારન ક્રોધિતઃ જુઓ, ગુસ્સામાં કેવી પ્રતિક્રિયા બતાવી...

૩૦મી માર્ચે ધોનીની વિકેટ પડતાં તેની ફૅનગર્લથી પણ સ્તબ્ધ થઈ ગઈ હતી

હૈદરાબાદઃ લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ની દરેક મૅચમાં ટીમના એકેએક ખેલાડીના પર્ફોર્મન્સ પર (ખાસ કરીને કૅપ્ટન રિષભ પંતના દેખાવ પર) માલિક સંજીવ ગોયેન્કા બારીકાઈથી નજર રાખી રહેલા જોવા મળ્યા છે તેમ જ ક્યારેક ગુસ્સો બતાવતા પણ જોવા મળ્યા છે, પણ બીજી કોઈ ટીમના માલિકે પોતાના પ્લેયર પર ક્રોધ બતાવ્યો હોય એવું રવિવાર પહેલાં નહોતું જોવા મળ્યું, પણ રવિવારે એ પણ જોવા મળી ગયું. આ વાત છે, સનરાઇઝર્સ હૈદરાબાદની માલિક કાવ્યા મારનની.

૨૦૨૪ની આઇપીએલમાં હૈદરાબાદની ટીમે (ખાસ કરીને ઓપનર અભિષેક શર્મા, ટ્રેવિસ હેડ વગેરે ટૉપ-ઑર્ડરના બૅટ્સમેને) ગામ ગજાવ્યું હતું. જોકે આ વખતે હૈદરાબાદના બૅટ્સમેન જાણે દિશાહીન થઈ ગયા છે. પાંચમાંથી ચાર મૅચ હારનારી ટીમના કોઈ પણ માલિક હોય, તેઓ પોતાના ખેલાડીઓ પર ગુસ્સે થયા વિના રહે જ નહીં. રવિવારે હોમ-ગ્રાઉન્ડ હૈદરાબાદમાં સનરાઇઝર્સની ગુજરાત ટાઇટન્સ સામે મૅચ રમાઈ હતી જેમાં હૈદરાબાદની ટીમ આઠ વિકેટે માત્ર ૧૫૨ રન બનાવી શકી હતી. એમાં ખાસ કરીને ઓપનર અભિષેક શર્મા ૧૮ રન બનાવીને સિરાજના બૉલમાં તેવાટિયાને કૅચ આપી બેઠો હતો. અભિષેકની આ લાગલગાટ પાંચમી નિષ્ફળતા હતી. તેના પાંચ મૅચના સ્કોર પર નજર કરી લઈએઃ ૨૪, ૬, ૧, ૨, ૧૮. ગુજરાતે એ મૅચમાં ૧૬.૪ ઓવરમાં ત્રણ વિકેટે ૧૫૩ રન બનાવીને આસાનીથી વિજય મેળવી લીધો હતો.

હૈદરાબાદના ફ્રૅન્ચાઇઝીની માલિક કાવ્યા મારન પોતાની ટીમની લગભગ દરેક મૅચ જોવા આવે છે. અભિષેક કૅચઆઉટ થયો ત્યારે કાવ્યાથી રહેવાયું નહોતું અને અભિષેક પરનો ગુસ્સો તે છુપાવી નહોતી શકી. તેનાથી હાથથી એવી ઍક્શન થઈ ગઈ કે જેના પરથી આઠ દિવસ પહેલાંની મૅચની ઘટના યાદ આવી ગઈ હતી.

૩૦મી માર્ચે રાજસ્થાન સામેની મૅચમાં ચેન્નઈને લેજન્ડરી ખેલાડી એમએસ ધોની ૧૬ રનના પોતાના સ્કોર પર શિમરૉન હેટમાયરના હાથમાં કૅચઆઉટ થયો ત્યારે ધોનીની એક ફૅનગર્લથી હાથથી જોવા જેવી ઍક્શન થઈ હતી. સીએસકેના ખેલાડીઓ જેવા યલો ડ્રેસમાં સજ્જ એ છોકરી તેનો સૌથી મનપસંદ ખેલાડી ધોની આઉટ થઈ ગયો એ માનવા તૈયાર જ નહોતી. જોકે એ છોકરી નિરાશા રોકી નહોતી શકી અને તેની ઍક્શન વાઇરલ થઈ હતી. ■

આઇપીએલમાંથી નિવૃત્તિ લેવી કે નહીં એ નક્કી કરવા મારી પાસે હજી ૧૦ મહિના છેઃ ધોની

નવી દિલ્હીઃ ક્રિકેટજગતના તમામ કૅપ્ટન-વિકેટકીપર-બૅટ્સમેનમાં બેતાજ બાદશાહ ગણાતા મહેન્દ્રસિંહ ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને ૨૦૨૦માં ગુડબાય કરી હતી અને ૨૦૨૩ની સાલમાં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ને પાંચમું ટાઇટલ અપાવ્યા બાદ આઇપીએલને પણ તિલાંજલી આપવાનો હતો, પણ કરોડો ચાહકોની લાગણીને માન આપીને તેણે રમવાનું ચાલુ રાખ્યું છે અને હવે ફરી તેની નિવૃત્તિનો મુદ્દો ઉઠ્યો છે.



ધોની ૨૦ વર્ષથી પણ વધુ સમયની કરીઅરમાં અસંખ્ય મૅચો રમીને થાકી તો ગયો જ છે, તેને સર્જરી બાદ ઘૂંટણ સાથ નથી આપતું એટલે તે હજી કેટલા વર્ષ આઇપીએલમાં રમશે એ કહી નથી શકતો. જોકે તેણે ફરી પોતાના રિટાયરમેન્ટની વાત ઉડતાં કહ્યું છે કે ‘નિવૃત્તિ વિશે નિર્ણય લેવા મારી પાસે હજી ૧૦ મહિના છે.’

ધોની આ વખતની આઇપીએલમાં ધારી અસર નથી પાડી શક્યો અને બૅટિંગમાં સાતમાથી નવમા નંબર વચ્ચે રમ્યો છે. તેને ઓછી બૅટિંગ કરવા મળી છે એટલે ચાર મૅચમાં કુલ માત્ર ૭૬ રન કરી શક્યો છે. બૅટિંગમાં તે પહેલાં જેવો અસરદાર નથી અને શૉટ મારવામાં તેનામાં પહેલાં જેવું ટાઇમિંગ નથી જોવા મળ્યું.

ધોનીએ એક પૉડકાસ્ટ પરની મુલાકાતમાં શરીર પોતાને રમવા માટે હજી કેટલો સાથ આપશે એની વાત કરતા કહ્યું છે કે ‘હું હજી પણ આઇપીએલમાં રમી રહ્યો છું અને દર વર્ષે મારી રીતે (ફિટનેસ વિશે) અવલોકન કરીને નિર્ણય લેવાનું પસંદ કરું છું. આ સીઝન બાદ થોડા દિવસમાં ૪૪ વર્ષનો થઈ જઈશ. હું ફરી કહું છું કે મારે વધુ એક વર્ષ રમવું કે નહીં એ માટે નિર્ણય લેવા મારી પાસે હજી ૧૦ મહિના છે. હું વધુ રમી શકું કે નહીં એ મારું શરીર જ નક્કી કરી આપતું હોય છે.’ ■

કોલકાતા-લખનઊના મુકાબલામાં નારાયણ-રાઠીની ટક્કર પર સૌની નજર

આજે બપારે 3.30 વાગ્યે મૅચનો આરંભ

કોલકાતાઃ ઈડન ગાર્ડન્સમાં આજે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) યજમાન કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) અને લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) વચ્ચે આઇપીએલની ૧૮મી સીઝનની ૨૧મી મૅચ રમાશે જેમાં એવી બે ટીમ ટકરાશે જેમાંની એક ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે અને બીજી ટીમ હજી આ વખતે ૫૦ ટકા મૅચ જીતી છે, પણ જો એના મોટા ભાગના ખેલાડીઓ અસલ મિજાજમાં રમવા લાગશે તો ૨૦૨૫ની ટ્રોફી માટે ફેવરિટ કહેવાશે.



બીજું, કેકેઆરનો ભારતીય મૂળનો વેસ્ટ ઇન્ડિયન ઑલરાઉન્ડર સુનીલ નારાયણ હજી અસલ મૂડમાં નથી આવ્યો અને જો આવી જશે તો મૅચ-વિનર બની જ ગયો સમજો. જોકે તેની હરીફ ટીમમાં એવો પ્લેયર છે જેને તેના ‘ક્લૉન’ તરીકે ઓળખાવવામાં આવે છે. પચીસ વર્ષનો લેગ-સ્પિનર દિગ્વેશ રાઠી હાલમાં ખૂબ ચર્ચામાં છે. ખાસ કરીને હરીફ ટીમના બૅટ્સમૅનને આઉટ કર્યા બાદ તેને ‘નૉટબુક સેલિબ્રેશન’થી સેન્ડ-ઑફ આપવાનું ચૂકતો નથી. જોકે બે વખત આવું કરવા બદલ તેણે મૅચ-ફીના અનુક્રમે પચીસ ટકા અને પચાસ ટકાનો દંડ પણ ભરવો પડ્યો છે. રાઠીને દિલ્હી પ્રીમિયર લીગમાં મેળવેલી સફળતાને આધારે માત્ર ૩૦ લાખ રૂપિયામાં ખરીદ્યો હતો. તેણે ચાર મૅચમાં ૭.૬૨ના ઇકોનોમી-રેટ સાથે કુલ છ વિકેટ લીધી છે. બોલિંગમાં લેન્ગ્થ પર તેનો ગજબનો કાબૂ હોય છે અને વિવિધતાને કારણે બૅટ્સમૅન મૂંઝાઈ જતો હોય છે.

આજની મૅચમાં નારાયણ અને રાઠી વચ્ચે સફળતામાં ચડિયાતા સાબિત થવાની હરીફાઈ જોવા મળશે.

જોકે બન્ને ટીમના કૅપ્ટનની બૅટિંગ પણ નિર્ણાયક બની શકે. કેકેઆરની ટીમ સુકાની અજિંક્ય રહાણેની મૅચ-વિનિંગ ઇનિંગ્સની તલાશમાં છે, જ્યારે રિષભ પંત ચારેય મૅચમાં નિષ્ફળ રહ્યા બાદ હવે આજે વિકેટકીપિંગ ઉપરાંત બૅટિંગમાં પણ સારું પર્ફોર્મ કરશે જ એવી તેની ટીમને (...અને ખાસ કરીને ટીમના માલિક સંજીવ ગોયેન્કા)ને આશા હશે જ.

કોલકાતા અને લખનઊ આ વખતે સરખી સ્થિતિમાં છે. બન્ને ટીમ ચાર-ચાર મૅચ રમી છે અને બે-બે મૅચ જીતી છે.

કોલકાતાની ટીમમાં વેન્કટેશ ઐયર સૌથી મોંઘો ખેલાડી છે. તેને આ સીઝન રમવાના ૨૩.૭૫ કરોડ રૂપિયા મળશે. તેની તુલનામાં કૅપ્ટન અજિંક્ય રહાણેને ફક્ત ૧.૫૦ કરોડ રૂપિયા મળવાના છે. કારણ એ છે કે રહાણેને તેની બેઝ પ્રાઇઝમાં ખરીદવામાં કોઈએ રસ નહોતો બતાડ્યો, પણ કેકેઆરે તેને એ ભાવે ખરીદી લીધો હતો. કેકેઆર માટે પ્રારંભિક ભાગીદારીમાં મળી રહેલી નિષ્ફળતા સૌથી મોટી ચિંતા છે. ■

આજનો બીજો મુકાબલો કોની વચ્ચે?

પંજાબ કિંગ્સ વિરુદ્ધ ચેન્નઈ સુપર કિંગ્સ
મુલ્લાંપુર (મોહાલી), સાંજે ૭.૩૦ વાગ્યાથી

ટૅરિફના તોફાનમાં સેન્સેક્સ લગભગ ૪૦૦૦ પૉઈન્ટના તળિયે પટકાઈને અંતે ૨૨૨૭ પોઈન્ટનો કડાકો નોંધાવ્યો, નિફ્ટી ૨૨,૨૦૦ની નીચે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આદરેલી ગ્લોબલ ટેરિફ વોરના પ્રત્યાઘાતમાં ચીને અમેરિકા પર ફટકારેલી ૩૬ ટકાની ટેરિફને કારણે વકરેલી ટ્રેડ વોર વચ્ચે વૈશ્વિક સ્તરે આર્થિક મંદીની આશંકા વધી ગઈ હોવાથી વોલસ્ટ્રીટ, એશિયા અને યુરોપના ઇક્વિટી માર્કેટમાં કડાકાની વણઝાર જોવા મળી હતી.

વિશ્વબજાર પાછળ સ્થાનિક બેન્ચમાર્ક સેન્સેક્સ ૨,૨૨૬.૭૯ પોઈન્ટના કડાકા સાથે ૭૩,૧૩૭.૯૦ પર સ્થિર થયો છે. નોંધવું રહ્યું કે, સત્ર દરમિયાન ઇન્ડેક્સ ૩,૯૩૯.૬૮ પોઈન્ટ સુધી નીચે પટકાયો હતો. આ રીતે બેન્ચમાર્કે સત્રની નીચી સપાટી સામે ૧૭૦૦ પોઇન્ટની રિકવરી બતાવી છે. નિફ્ટી ૭૪૨.૮૫ પોઈન્ટ અથવા ૩.૨૪ ટકા ઘટીને ૨૨,૧૬૧.૬૦ પર બંધ થયો. ઇન્ટ્રા-ડે, બેન્ચમાર્ક ૧,૧૬૦.૮ પોઈન્ટ અથવા ૫.૦૬ ટકા તૂટીને ૨૧,૭૪૩.૬૫ના સ્તર સુધી પટકાયો હતો.

અમેરિકન બજારોમાં પાછલા સત્રમાં ભયાનક કડાકા નોંધાયા હોવાથી અપેક્ષિત રીતે જ સ્થાનિક બજારમાં ખૂલતા સત્રમાં જ જોરદાર વેચવાલી અને મંદીની સુનામી શરૂ થઇ હતી અને બીએસઇ લિસ્ટેડ તમામ કંપનીઓનું કુલ બજારમૂલ્ય ખૂલતા સત્રમાં જ રૂ. ૧૯.૪ લાખ કરોડના ધોવાણ સાથે રૂ. ૩૮૩.૯૫ લાખ કરોડની સપાટીએ પહોંચી ગયું હતું. જોકે, પાછળથી બજારે ઘણો ઘટાડો પચાવી લીધો હતો.

હિન્દુસ્તાન યુનિલિવર સિવાય સેન્સેક્સના બધા શેર નુકસાન સાથે બંધ થયા હતા. ટાટા સ્ટીલ સૌથી વધુ ૭.૩૩ ટકા ઘટ્યો, ત્યારબાદ લાર્સન એન્ડ ટુબ્રો ૫.૭૮ ટકા ઘટ્યો હતો. ટાટા મોટર્સ, કોટક મહિન્દ્રા બેંક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઇન્ફોસિસ, એક્સિસ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એચસીએલ ટેક્નોલોજીસ અને એચડીએફસી બેંક અન્ય ટોપ લૂઝર હતા. હિન્દુસ્તાન યુનિલિવર નજીવો વધ્યો હતો.

ઊંચા ફુગાવાના જોખમ અને ધીમી વૃદ્ધિને કારણે અમેરિકા મંદીની ઝપટમાં આવી શકે એવી આશંકાએ વેચવાલી જારી રહેતા આઇટી અને મેટલ જેવા ક્ષેત્રોએ વ્યાપક બજારની તુલનામાં નબળો દેખાવ કર્યો હતો. બીએસઇ પર ૩,૫૧૫ જેટલા શેર ઘટ્યા હતા, જ્યારે ૫૭૦ શેર વધ્યા હતા અને ૧૪૦ શેર યથાવત્ રહ્યા હતા. નોંધનીય છે કે, બીએસઇ પર ૭૭૫ શેર તેમના બાવન અઠવાડિયાના નીચલા સ્તરે પહોંચ્યા હતા જ્યારે ૫૯ કંપનીઓ બાવન અઠવાડિયાના શિખર પર હતી.

એશિયન બજારોમાં, હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ૧૩ ટકાથી વધુ ઘટ્યો, ટોકિયોનો નિક્કી ૨૨૫ લગભગ આઠ ટકા, શાંઘાઈ એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ સાત ટકાથી વધુ ઘટ્યો અને દક્ષિણ કોરિયાનો કોસ્પી પાંચ ટકાથી વધુ ઘટ્યો હતો. યુરોપિયન બજારો પણ ભારે વેચાણ દબાણ હેઠળ આવ્યા અને છ ટકા સુધીના ઘટાડા સાથે ટ્રેડ કરી રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો તીવ્ર નીચા સ્તરે બંધ થયા. એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ ૫.૯૭ ટકા ઘટ્યો, નેસ્ડેક કમ્પોઝિટ ૫.૮૨ ટકા ઘટ્યો અને ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રીયલ એવરેજ શુક્રવારે ૫.૫૦ ટકા તૂટ્યો હતો.

આ અગાઉના મહાભયાનક કડાકામાં ગયા વર્ષે ચોથી જૂને, સેન્સેક્સ ૪,૩૮૯.૭૩ પોઈન્ટ અથવા ૫.૭૪ ટકા ઘટીને ૭૨,૦૭૯.૦૫ પર બંધ થયો હતો. દિવસના વેપારમાં, બેરોમીટર ૬,૨૩૪.૩૫ પોઈન્ટ અથવા ૮.૧૫ ટકા ઘટીને ૭૦,૨૩૪.૪૩ પર બંધ થયો હતો.

એ જ દિવસે, નિફ્ટી ૨૧,૮૮૪.૫૦ પર બંધ થયો હતો, જે ૧,૩૭૯.૪૦ પોઈન્ટ અથવા ૫.૯૩ ટકાનો તીવ્ર ઘટાડો હતો. ઇન્ટ્રા-ડે તે ૧,૯૮૨.૪૫ પોઈન્ટ અથવા ૮.૫૨ ટકા ઘટીને ૨૧,૨૮૧.૪૫ પર બંધ થયો હતો. ૨૩ માર્ચ, ૨૦૨૦ના રોજ જ્યારે કોવિડ-૧૯ રોગચાળાને કારણે લોકડાઉન લાદવામાં આવ્યું હતું ત્યારે સેન્સેક્સ અને નિફ્ટીમાં અગાઉ ૧૩ ટકાથી વધુનો ઘટાડો થયો હતો.

બજારમાં વ્યાપક અને સાવયજ્ઞત્રિક કડાકાનો દોર હતો. સોમવારે, બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સમાં ૪.૧૩ ટકાનો ઘટાડો થયો હતો અને મિડકેપ ઇન્ડેક્સમાં ૩.૪૬ ટકાનો ઘટાડો થયો હતો. બીએસઇના બધા ક્ષેત્રીય સૂચકાંકોમાં ભારે ઘટાડો થયો હતો. મેટલ ૬.૨૨ ટકા, રિયલ્ટી ૫.૬૯ ટકા, કોમોડિટી (૪.૬૮ ટકા), ઔદ્યોગિક (૪.૫૭ ટકા), કન્ઝ્યુમર ડિસ્ક્રિશનરી (૩.૭૯ ટકા), ઓટો (૩.૭૭ ટકા), બેંકેક્સ (૩.૩૭ ટકા), ઈંઝ (૨.૯૨ ટકા), ટેક (૨.૮૫ ટકા) ઘટ્યા હતા.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, અન્ય દેશોની સરખામણીમાં ભારત પર એકંદર અસર મર્યાદિત હોઈ શકે છે, પરંતુ આ ઝઘડા દરમિયાન રોકાણકારોને સાવધાની રાખવાની સલાહ આપવામાં આવે છે. એક્સચેન્જના ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે ૩,૪૮૩.૯૮ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા હતા.

નોંધવું રહ્યું કે એફઆઇઆઇ પાછલા પાંચ સત્રથી ફરી નેટ સેલર્સ બની ગયા છે. ગ્લોબલ ક્રૂડ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૩.૬૧ ટકા ઘટીને ૬૩.૨૧ ડોલર પ્રતિ બેરલની સપાટીએ બોલાયા હતા.

ગયા અઠવાડિયે, સેન્સેક્સ ૨,૦૫૦.૨૩ પોઈન્ટ અથવા ૨.૬૪ ટકા ઘટ્યો હતો, જ્યારે એનએસઇ નિફ્ટી ૬૧૪.૮ પોઈન્ટ અથવા ૨.૬૧ ટકા ઘટ્યો હતો.

ઈક્વિટી માર્કેટ પાછળ રૂપિયો ૩૨ પૈસા ગબડ્યો

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવઘટાડો જોવા મળ્યો હોવા છતાં અમેરિકી રેસિપ્રોકલ ટેરિફને પગલે આર્થિક મંદી અને ટ્રેડ વૉરની ભીતિ સપાટી પર આવતા આજે વૈશ્વિક બજારો પાછળ ભારતીય ઈક્વિટી માર્કેટમાં ધોવાણ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૮ પૈસા ગબડીને ૮૫.૭૬ની સપાટીએ બંધ રહ્યો હતો.

અમેરિકાએ રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત કરતાં ચીને પણ વળતાં પગલાં લેતાં અમેરિકાથી થતી આયાત પર ૩૪ ટકા ટેરિફ લાદતાં આજે રોકાણકારો જોખમથી દૂર રહેવા માગતા હોય તેમ વિશ્વભરની ઈક્વિટી બજારોમાં વેચવાલીનું વ્યાપક દબાણ જોવા મળ્યું હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૫.૪૪ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૭૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૯૦ અને ઉપરમાં ૮૫.૮૭ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૩૨ પૈસા ગબડીને ૮૫.૭૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વે ગત ૨૫મી ફેબ્રુઆરીનાં રોજ ડૉલર સામે રૂપિયામાં ૪૭ પૈસાનું ધોવાણ જોવા મળ્યું હતું. વૈશ્વિક બજારોમાં નરમાઈ અને ડૉલરમાં મક્કમ વલણને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૨૦ ટકા ઘટીને ૧૦૨.૫૬ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૩.૦૩ ટકા તૂટીને બેરલદીઠ ૬૩.૫૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ખાંડમાં આગળ ઘપતી નરમાઈ

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૧૦નો અને રૂ. આઠનો ઘટાડો આવ્યો હતો. જોકે, નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની માગ ખપપૂરતી છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મર્યાદિત માગ અને અમુક માલની ગુણવત્તા પણ નબળી હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૫૨થી ૪૦૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠના ઘટાડા સાથે રૂ. ૪૦૨૨થી ૪૧૧૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

ઈક્વિટીની નુકસાની સરભર કરવા માટે વૈશ્વિક સોનાચાંદીમાં રોકાણકારોની ભારે વેચવાલી

સ્થાનિક ચાંદીમાં ₹ ૨૫૧૮નો અને સોનામાં ₹ ૧૯૨૯નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિ, નીતિને પગલે અમેરિકા સહિતની વિશ્વભરની ઈક્વિટી માર્કેટમાં ગાબડાં પડતાં રોકાણકારોને થયેલી વ્યાપક નુકસાની સરભર કરવા માટે રોકાણકારો સોનામાં નફારૂપી વેચવાલીનું દબાણ વધતાં ગત શુક્રવારે ન્યૂ યૉર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના ભાવ એક ટકા કરતાં વધુ માત્રામાં ઘટીને સાડાત્રણ સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ સાત મહિનાના તળિયે પહોંચ્યા હતા.

વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં નરમાઈનું વલણ રહ્યા બાદ કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીને ટેકે ભાવમાં ધીમો સુધારો આવ્યો હતો. તેમ જ ચાંદીમાં તળિયેથી સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં ગત શુક્રવારના વિશ્વ બજારનાં નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૨૨થી ૧૯૨૯નો કડાકો બોલાઈ ગયો હતો અને શુદ્ધ સોનાના ભાવ રૂ. ૯૦,૦૦૦ની અંદર ઉતરી ગયા હતા, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨૫૧૮નાં ગાબડાં સાથે રૂ. ૯૧,૦૦૦ની અંદર ઉતર્યા હતા. સ્થાનિક સોનાચાંદી બજારમાં આજે બન્ને કિંમતી ધાતુઓમાં ગત શુક્રવારના વૈશ્વિક બજારના નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની વ્યાપક વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું જેમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૫૧૮નાં ગાબડાં સાથે રૂ. ૯૧,૦૦૦ની અંદર ઉતરીને રૂ. ૯૦,૩૯૨ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલી અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૨૨ ઘટીને રૂ. ૮૮,૭૨૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૯૨૯ ઘટીને રૂ. ૮૯,૦૮૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૮ પૈસા નબળો પડ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરમાં વધારો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો થોડોઘણો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અમેરિકાના રેસિપ્રોકલ ટેરિફ સામે ચીને પણ ટેરિફ વધારાની જાહેરાત કરતાં વિશ્વ બજારમાં ટ્રેડ વૉરના મંડાણ થવની ભીતિ સપાટી પર આવતાં ગત શુક્રવારે અમેરિકી ઈક્વિટી માર્કેટમાં સેલ-ઑફ અથવા તો ઑલ ફોલ ડાઉન થતાં રોકાણકારોને શૅરમાં થયેલી નુકસાની સરભાર કરવા માટે સોનામાં વેચવાલીનું દબાણ વધતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર એક તક્કે હાજરમાં સોનાના ભાવ એક ટકા કરતાં વધુ તૂટીને ત્રણ સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

તેમ જ આજે પણ લંડન ખાતે સત્રના આરંભે નરમાઈનું વલણ રહ્યા બાદ કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીને ટેકે હાજરમાં ભાવ ૦.૧ ટકો વધીને ઔંસદીઠ ૩૦૪૦.૫૭ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ઘટ્યા મથાળેથી ૦.૮ ટકા વધીને ૩૦૫૯.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તે જ પ્રમાણે ન્યૂ યોર્ક ખાતે ગત શુક્રવારે ચાંદીના ભાવ ઘટીને સાત મહિનાના તળિયે પહોંચ્યા બાદ આજે ઘટ્યા મથાળેથી ૨.૬ ટકા વધીને ઔંસદીઠ ૩૦.૩૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ચીને અમેરિકી ટેરિફના વળતા જવાબમાં અમેરિકાથી થતી આયાત સામે વધુ ૩૪ ટકા ટેરિફ લાદવાની સાથે મુખ્ય ખનીજોની અમેરિકા ખાતેની નિકાસ પર નિયંત્રણો લાદ્યા હોવાથી બજારમાં ખાસ કરીને આ તણાવ હળવો થવાની શક્યતા નહીંવત્ જણાતા અનિશ્ચિતતાનો માહોલ સર્જાયો હોવાનું આઈજી કેપિટલના સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવ્યું હતું. સામાન્યપણે અનિશ્ચિતતાના માહોલમાં સોનામાં સલામતી માટેની માગ રહેતી હોય છે, પરંતુ હાલમાં રોકાણકારોની ઈક્વિટીમાં થયેલી નુકસાની સરભર કરવા માટે અથવા તો માર્જિન કૉલ ભરવા માટે સોનામાં વેચવાલીનું દબાણ વધ્યું હોવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત સપ્તાહે અમેરિકાના ઈક્વિટી માર્કેટમાં છ ટ્રિલિયન ડૉલરનું ધોવાણ થયું હતું અને આજે જાપાનના નિક્કીમાં નવ ટકા જેટલો કડાકો બોલાઈ ગયો હતો. જોકે, હાલને તબક્કે સોનામાં કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીનો ટેકો મળી રહ્યો હોવાનું કેસીએમ ટ્રેડનાં વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે ગત માર્ચ મહિનામાં સતત પાંચમા મહિનામાં ચીનની સોનાની અનામતમાં વધારો થયો હોવાના અહેવાલ હતા. આમ કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી સોનામાં તેજીનો અન્ડરટોન જાળવી રાખે તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે રતલામ ડિવિઝન

ઈ-ટેન્ડર નોટિસ

ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રી./પાવર) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતિ વેબસાઈટ **www.ireps.gov.in** પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે. વિગતો નીચે મૂજબ છે:- ઈ-ટેન્ડર નં.: **EL-૨૦૨૫-૨૬-૦૧. કામનું નામ:** રતલામ ડિવિઝન-ત્રણ વર્ષની મુદત માટે IND & DADN કોચિંગ ડેપોની પ્રાઈમરી જાળવણી ટ્રેનોની LHB અને કોન્વેન્શનલ AC કોચેસનું એસકોર્ટિંગ, ઓપરેશન અને ટ્રબલ શૂટિંગ માટે AC કોચ ઈલેક્ટ્રિકલ અટેન્ડન્ટની આઉટસોર્સિંગ. **અંદાજિત મૂલ્ય:** રૂ. ૬,૭૦,૬૭,૮૮૨.૯૨. **ડિપોઝિટ કરાયેલ બાના રકમ:** રૂ. ૪,૮૫,૩૦૦.૦૦. **પૂર્ણતાનો સમયગાળો:** ૩૬ મહિના. **કામનો સમાન પ્રકાર:** પાવર કાર્સ ઓવર ભારતીય રેલવેના એસકોર્ટિંગ, ઓપરેશન અને ટ્રબલશૂટિંગ અથવા "AC કોચેસ ઓવર ભારતીય રેલવે/મેટ્રો રેલવેમાં RMPUsનું એસકોર્ટિંગ, ઓપરેશન અને ટ્રબલશૂટિંગ." અથવા "AC કોચેસ રનિંગ ઓવર ભારતીય રેલવે/મેટ્રો રેલવેના કંટ્રોલ પેનલ સાથે RMPUsનું વાર્ષિક/વ્યાપક જાળવણી કોન્ટ્રાક્ટ અથવા સેન્ટ્રલ સરકારના ભારતીય રેલવે/મેટ્રો રેલવે સેન્ટ્રલ સરકાર/સ્ટેટ સરકાર/PSUsના સેન્ટ્રલ સરકારમાં "AC પેકેજ યુનિટ (સેન્ટ્રલાઈઝ, કાસેટ, મલ્ટી (VRF)ટાઈપ)નું વાર્ષિક/વ્યાપક જાળવણી કોન્ટ્રાક્ટ અથવા સ્ટેટ સરકાર/પબ્લિક લીસ્ટ કંપની, પ્રાઈવેટ કંપની, ટ્રસ્ટ એ રૂ. ૫૦૦ કરોડ અને ઉપરોક્તના વાર્ષિક ટર્નઓવર. વેબસાઈટ પર અપલોડિંગની તારીખ: ૦૧.૦૪.૨૦૨૫. ટેન્ડરની ખોલવાની તારીખ: ૨૫.૦૪.૨૦૨૫ વિગતવાર ટેન્ડર નોટિસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ**www.ireps.gov.in**ની મુલાકાત લો. ટેન્ડર ફોર્મની કિંમત NIL છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્ર./પાવર) રતલામ ૫/રે.

Apex/7/1/474

અમને લાઈક કરો: facebook.com/WesternRly

મલયેશિયા પાછળ દેશી-આયાતી તેલમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાએ લાદેલી રેસિપ્રોકલ ટેરિફને પગલે વિશ્વ બજારમાં ટેરિફ વૉરની ભીતિ સપાટી પર આવતાં વિશ્વ બજારનાં ઈક્વિટી તેમ જ કૉમૉડિટી બજારોમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૪૬ રિંગિટનો કડાકો આવ્યો હોવાના નિરુત્સાહી અહેવાલ હતા. આમ વિશ્વ બજાર પાછળ સ્થાનિકમાં પણ એકમાત્ર સિંગતેલમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ દેશી આયાતી તેલના ભાવમાં ઘટાડો આવ્યો હતો, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૨૫, સન રિફાઈન્ડ અને સરસવમાં રૂ. ૧૫, સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચ ઘટી આવ્યા હતા. જોકે, ભાવઘટાડાના માહોલમાં આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર પાંખાં રહ્યા હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૨, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, અદાણીના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૧૫ અને રૂ. ૧૩૮૦ તથા એએનએના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૫ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે ગોકુલની સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૨૫૦ના મથાળે બાયબેકમાં લેવાલી નીકળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૦, સિંગતેલના રૂ. ૧૩૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦ અને સરસવના રૂ. ૧૩૨૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનમાં વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયા હતા.

નિકલમાં વધુ ₹ ૪૬નો કડાકો, અન્ય ધાતુમાં પીછેહઠ

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે સત્રના આરંભે કોપરનાં વાયદાના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હતો. જોકે, અમેરિકી ટેરિફને કારણે ટ્રેડ વૉર તથા આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર હોવાથી સુધારો મર્યાદિત રહ્યો હતો. તેમ જ અન્ય ધાતુઓમાં પીછેહઠ જોવા મળી હતી. આમ એકંદરે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિકમાં ખાસ કરીને નિકલ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૪૬, રૂ. ૨૦ અને રૂ. ૧૦નો કડાકો આવ્યો હતો. આ સિવાય કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ચારનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે માત્ર કોપર આર્મિચર અને કોપર વાયરબારમાં કિલોદીઠ રૂ. બેનો સુધારો અને બ્રાસ શીટ કટિંગ્સ તથા લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે નિકલ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૪૬ ઘટીને રૂ. ૧૨૯૨, રૂ. ૨૦ ઘટીને રૂ. ૭૩૦ અને રૂ. ૧૦ ઘટીને રૂ. ૫૩૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગ રહેતાં કોપર કેબલ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૭૮૭, રૂ. ૨૫૩ અને રૂ. ૩૦૩૧ અને કોપર સ્ક્રેપ હેવી તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૭૮૦ અને રૂ. ૨૩૫ના મથાળે રહ્યા હતા.

મેટલ, રિયલ્ટી અને કોમોડિટીઝ શૅરોમાં ધૂમ વેચવાલી, માર્કેટ કૅપમાં ₹ ૧૪ લાખ કરોડનું ધોવાણ

મુંબઇ: યુએસ ટેરિફના તોફાનને કારણે સાર્વત્રિક વેચવાલીના માહોલમાં તમામ સેકટરમાં ધોવાણ જોવા મળ્યું હતું અને માર્કેટ કેપમાં રૂ.૧૪.૦૯ લાખ કરોડનું ગાબડું નોંધાયું હતું. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૦૩.૩૪ લાખ કરોડથી ઘટીને રૂ. ૩૮૯.૨૫ લાખ કરોડ રહ્યું હતું. બીએસઈ સેન્સેક્સની એક સ્ક્રિપ વધી હતી, જ્યારે ૨૯ સ્ક્રિપ ઘટી હતી. ખાસ કરીને મેટલ, રિયલ્ટી અને કોમોડિટીઝ ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યા હતા. સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૭૫,૩૬૪.૬૯ના બંધથી ૨,૨૨૬.૭૯ પોઈન્ટ્સ (૨.૯૫ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૭૧,૪૪૯.૯૪ ખૂલીને ઊંચામાં ૭૩,૪૦૩.૯૯ સુધી અને નીચામાં ૭૧,૪૨૫.૦૧ સુધી જઈને અંતે ૭૩,૧૩૭.૯૦ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. એક્સચેન્જમાં ૪,૨૨૫ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગ: ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)

નં. E.E.Mech./EI/ ૧૪૪/મેઈન્ટે. તા. ૭.૪.૨૦૨૫

ઈ-ટેન્ડર નોટીસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેકશન અને મહાટેન્ડર પોર્ટલ હેઠળ B.M.C. ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

ક્ર નં.	બીડ નંબર	કામનું નામ
૧	૨૦૨૫_MCGM_૧૧૬૭૨૫૬_૧	'C' વોર્ડમાં મિર્ઝા ગાલીબ માર્કેટ ખાતે ફિશ અને મેટ વિભાગ ખાતે ઈલેક્ટ્રિફિકેશન વર્ક
૨	૨૦૨૫_MCGM_૧૧૬૮૪૦૪_૧	KEM હોસ્પિટલ, પરેલની જૂની બિલ્ડિંગની વોર્ડ ૧માં આવેલ ઓટોડોર સ્ટ્રેચર લીફ્ટનું રિપેરિંગ
૩	૨૦૨૫_MCGM_૧૧૬૮૪૦૬_૧	OPD બિલ્ડિંગ, GTB હોસ્પિટલ શિવરી ખાતે સ્થપાયેલ લિફ્ટનું રિપેર્સ.
૪	૨૦૨૫_MCGM_૧૧૬૮૪૦૯_૧	MPS ટૂંગા ગામ સ્કૂલ, પવઈ ખાતે સ્થપાયેલ ૦૧ લિફ્ટનું અપગ્રેડેશન
૫	૨૦૨૫_MCGM_૧૧૬૮૪૧૦_૧	KEM હોસ્પિટલ, પરેલ હેઠળ UGPG હોસ્ટેલ બિલ્ડિંગ (Gr.+૨૦ ફ્લોર)માં સ્થપાયેલ ESCON મેક ૦૨ નં. લિફ્ટો (લિફ્ટ નં. ૨ & ૪ ૫૪૪Kg / ૦૮ પેસેન્જર કેપેસિટી)નું આધુનિકીકરણ
૬	૨૦૨૫_MCGM_૧૧૬૮૪૧૧_૧	R/ સાઉથ વોર્ડમાં વેસ્ટા બિલ્ડિંગ, CTS નં. ૧૭૧/૧A/૬૦ અકુર્લી ગામ લોખંડવાલા સંકુલ કાંદિવલી (પૂ.) ખાતે સ્થપાયેલ EROS મેક ૦૨ નં. પેસેન્જરની રિપેરિંગ

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટની મુલાકાત લો.

સહી/-
E.E.Mech.(EI) મેઈન્ટ.

PRO/63/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

જાહેર સૂચના

આથી સૂચના આપવામાં આવે છે કે અમે અમારા કલાયંટ વતી, **(૧) શ્રી નવિનચંદ્ર સી. શાહ,** ૩,ઈસ્ટબરી હાઈટ્સ, ૨૮ઈસ્ટબરી એવન્યુ, નોર્થવુડ HA6 3GZ (યુકે) રહેતા, **(૨) શ્રીમતી લીલાવતીબેન શાહ (જેમને લીલા શિરીષ શાહ અને લીલા એસ. શાહ તરીકે પણ ઓળખવામાં આવે છે),** ૯૧ એબોટ્સ ગાર્ડન્સ, લંડન N2 0JJ (યુકે) રહેતા, **(૩) શ્રી સંદીપ એસ. શાહ,** ૯૧ એબોટ્સ ગાર્ડન્સ, લંડન N2 0JJ (યુકે) રહેતા, **(૪) શ્રી મનેશ એસ. શાહ,** ૮૫ એબોટ્સ ગાર્ડન્સ, લંડન N2 0JJ (યુકે) રહેતા અને **(૫) શ્રી કુમારપાલ એસ. શાહ જેમને કુમાર એસ. શાહ તરીકે પણ ઓળખવામાં આવે છે,** ૮ વુડબેંક ડ્રાઈવ, ચેલફોન્ટ સેન્ટ ગાઈલ્સ બકિંગહમશાયર HP8 4RP (યુકે) રહે છે, નીચે દર્શાવેલ **અનુસૂચિ** માં જે **પરિસર** નું વિસ્તારથી વર્ણન કર્યુ છે તેના પર તેમના હકક, માલિકી અને હિતની અમે તપાસ કરી રહયા છીએ, **(૧) શ્રી નવિનચંદ્ર સી. શાહ, (૨) શ્રીમતી લીલાવતીબેન શાહ (જેમને લીલા શિરીષ શાહ અને લીલા એસ. શાહ તરીકે પણ ઓળખવામાં આવે છે), (૩) શ્રી સંદીપ એસ. શાહ, (૪) શ્રી મનેશ એસ. શાહ, અને (૫) શ્રી કુમારપાલ એસ. શાહ જેમને કુમાર એસ. શાહ તરીકે પણ ઓળખવામાં આવે છે** તેઓ અમારા કલાયંટને તે પરિસરનું વેચાણ અને ટ્રાન્સફર કરવા માગે છે.

કોઈપણ વ્યકિત અથવા વ્યકિતઓ કે જેમની પાસે અહી **અનુસૂચિ** માં ઉલ્લેખિત કોઈપણ શેર, અધિકાર, ટાઈટલ, હિત, મિલકત, દાવો અથવા માંગણી હોય, પછી ભલે તે વેચાણ, સોંપણી, વસિયત, ભેટ, વિનિમય, બોજો, લીઝ, ભાડાપટ્ટો, લાઈસન્સ, ગીરો, ચાર્જ, કરાર, યોજના, પૂર્વાધિકાર, ટ્રાન્સફર, લિસ-પેન્ડન્સ, જાળવણી, કબજો, સબ-લીઝ, સબ-ટેનન્સી, ટ્રસ્ટ, વિભાજન, સંપાદન, માંગણી, વારસો, સુવિધા, જોડાણ, પ્રત્યાવર્તન, અધિકારો અથવા/અન્યથા અથવા કોઈપણ પ્રકારના અધિકારો અથવા કોઈપણ કોર્ટના આદેશ / હુકમનામું / ચુકાદો, વિકલ્પ કરાર અથવા કોઈપણ પ્રકારના કરાર અથવા અન્યથા ગમે તે રીતે અને ગમે તેમ કોઈપણ વાંધો હોય તેમણે આ સૂચનાના પ્રકાશનની તારીખથી ૧૪ (ચૌદ) દિવસની અંદર, ૬૧-૬૨, ફ્રી પ્રેસ હાઉસ, ૬ ઠે માળે, ૨૧૫, ફ્રી પ્રેસ જર્નલ માર્ગ, નરીમાન પોઈન્ટ, મુંબઈ - ૪૦૦ ૦૨૧ પર નીચે સહી કરનારને લેખિતમાં તેની જાણ કરવાની રહેશે, નહીં તો, આવા કોઈપણ અધિકાર, માલિકી, હિત, દાવા અથવા માંગણી જો કોઈ હોયતો તેને માફ અને/અથવા છોડી દેવાયેલ ગણવામાં આવશે.

ઉપર દર્શાવેલ અનુસૂચિ
(પરિસર નું વર્ણન)

૧. તા. ૩૦ નવેમ્બર, ૧૯૬૨ના કૈલાશ નિકેતન કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ દ્વારા જારી કરાયેલ શેર પ્રમાણપત્ર ક્રં. ૧૦, જેનો વિશિષ્ટ ક્રં. ૪૬ થી ૫૦ (બંને સહિત) છે તેના હેઠળ રૂ. ૫૦/- (પચાસ રૂપિયા માત્ર) ની ફેસ વેલ્યુવાળા ૫ (પાંચ) સંપૂર્ણ ચૂકવેલ શેર.

૨. તા. ૨૨ ઓગસ્ટ, ૧૯૬૩ના કૈલાશ નિકેતન કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ દ્વારા જારી કરાયેલ લોન સ્ટોક બોન્ડ પ્રમાણપત્ર કંસોલિડેટેડ બોન્ડ ક્રં. F10 હેઠળ રૂ. ૬૧,૨૫૦/- (રૂપિયા એકસઠ હજાર બસો પચાસ માત્ર) ની રકમનો ૧ (એક) બોન્ડ ક્રં. ૧૦.

૩. તા. ૨૨ ઓગસ્ટ, ૧૯૬૩ના કૈલાશ નિકેતન કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ દ્વારા જારી કરાયેલ લોન સ્ટોક બોન્ડ પ્રમાણપત્ર કંસોલિડેટેડ બોન્ડ ક્રં. G36(L3) હેઠળ રૂ. ૫,૦૦૦/- (રૂપિયા પાંચ હજાર માત્ર) ની રકમનો ૧ (એક) બોન્ડ ક્રં. ૩૬.

૪. 'કૈલાશ નિકેતન કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ' તરીકે ઓળખાતી ઈમારતના ૪થા માળે આવેલ ૧,૫૬૧ ચોરસ ફૂટ કાર્પેટ એરિયા ધરાવતો ફ્લેટ ક્રં. ૧૦ જે એલ. ડી. રૂપારેલ માર્ગ, મલબાર હિલ, મુંબઈ - ૪૦૦ ૦૦૬ પર સ્થિત છે.

૫. 'કૈલાશ નિકેતન કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ' તરીકે ઓળખાતી ઈમારતના કમ્પાઉન્ડમાં ગેરેજ ક્રં. ૧૩ છે જે એલ. ડી. રૂપારેલ માર્ગ, મલબાર હિલ, મુંબઈ - ૪૦૦ ૦૦૬ પર સ્થિત છે.

'કૈલાશ નિકેતન કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ' નામનીઈમારત એલ. ડી. રૂપારેલ માર્ગ, મલબાર હિલ, મુંબઈ - ૪૦૦ ૦૦૬ પર સ્થિત છે અને તે મુંબઈ શહેરના મલબાર અને કંબાલા હિલ ડિવિઝનના કેડેસ્ટ્રલ સર્વે ક્રં. ૩૨૨ ના જમીનના પ્લોટ પર બનાવવામાં આવી છે.

તારીખ: ૮મી એપ્રિલ, ૨૦૨૫

DHRUVE LILADHAR & CO. માટે
Advocates, Solicitors & Notary
Established in 1957

સહી/-
શ્રી ચૈતન્ય ડી. મેહતા
(ભાગીદાર)
૬૧-૬૨, ફ્રી પ્રેસ હાઉસ, ૬ઠે માળે, ૨૧૫, ફ્રી પ્રેસ જર્નલ માર્ગ, નરીમન પોઈન્ટ, મુંબઈ - ૪૦૦ ૦૨૧.

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** "મુંબઈ સમાચાર" પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના "મુંબઈ સમાચાર" પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

બદલાપુર દુષ્કર્મ કેસના આરોપીનું એન્કાઉન્ટર

પાંચ પોલીસ સામે એફઆઈઆર નોંધો

હાઈ કોર્ટનો આદેશઃ સાથે તપાસ માટે એસઆઈટી રચવાનો હુકમઃ ફરિયાદ નોંધવામાં ઠાગાઠૈયા કરતી રાજ્ય સરકારનેય ઝાટકી

મુંબઈઃ બદલાપુર જાતીય સતામણી કેસના આરોપીના કસ્ટડીમાં થયેલા એન્કાઉન્ટરમાંના મોત કેસમાં બોમ્બે હાઇ કોર્ટે સોમવારે પાંચ પોલીસ સામે એફઆઇઆર નોંધવાનો આદેશ આપ્યો હતો તથા આ કેસની તપાસ માટે સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઇટી)ની રચના કરી હતી. કોર્ટે આ કેસને

(જુઓ પાનું ૪) ▶▶

એક માત્ર પ્યોર વેજ. રિસોર્ટ
Contact Booking Office or your travel agent :
• Mumbai - Tel.: (022) 28839236 / 28838229
• Mob.: 8108839236 / 9224002400
• Goa - Tel.: (0832) 2416363
• E-mail : hotelgautam@hotmail.com
• Website : www.hotelgautam.com
મહાબળેશ્વર અને લોનાવાલામાં પણ

MAHABALESHWAR
HOTEL Rajesh
Pure Veg.
stay@hotelrajesh.com
A/c Rooms
with Swimming Pool
Gujarati Thali &
Indian, Chinese Restaurant
Ph. 9769894565 / 8104294880
www.hotelrajesh.com

ઓફ બીટ કાશ્મીર
કાશ્મીર D9
પ્રાઈમ લોકેશન પર હોટલ, ગુલમર્ગમાં સ્ટે, બધાંજ ભોજન અને ખર્ચ સામેલ
લેહ-લદાખ D9-12
કારગીલ, નુબ્રાવેલીમાં સ્વતંત્ર રસોડું, લક્ઝરિયસ હોટલ/ કોટેજીસ
D11 Jun-Jul-Aug
કિન્નૌર-લાહુલ-સ્પીતી
D13 ચારધામ ૯ જૂનથી શરૂ
HAZEL Treks N Tours
Khar (w).
@hazeltreksntours
Since:2003
PANKAJ CHHEDA
9869559938

"અવિસ્મરણીય પ્રવાસ માટે વિશ્વસનીય સાથી"

દક્ષિણ આફ્રિકા
13 રાત્રી 14 દિવસ
બહુવિધ પ્રસ્થાનો : મે, જૂન, જુલાઈ, ઓગસ્ટ
માત્ર "TravelTies" સાથે
કેપ ટાઉન ની સર્વશ્રેઠ 5 સ્ટાર હોટલ - "Taj Cape Town"માં 3 રાત્રી મુકામ
"Palace of the Lost City" માં 2 રાત્રી મુકામ
"Walk with Lion" નો રોમાંચક અનુભવ
હર્માનસમાં કસિનો હોટેલ, હેલિકોપ્ટર રાઈડ, ટોબોગન રાઈડ અને પિલાનેસબર્ગ નેશનલ પાર્કમાં 2 સફારી ડ્રાઇવ

ટર્કી
12 રાત્રી 13 દિવસ
મે 4, 10, 16, 22, 28, જૂન 9
માત્ર 'TravelTies' સાથે : ઇસ્તંબુલ - તકસીમ સ્ક્વેરમાં સિટી સેન્ટરમાં મુકામ
અંતાલ્યા માં All Inclusive Resort Hotelમાં 3 રાત્રી નો મુકામ
હોટ એર બલૂન રાઇડ, તુર્કી નાઇટ શો, બોસ્ફોરસ ક્રૂઝનો આનંદ માણો
જેટ બોટ રાઈડ, ઝિપ લાઇન, મોન્સ્ટર સફારીનો આનંદ માણો

> લક્ઝુરિયસ 4/5 સ્ટાર હોટેલ્સ > વર્લ્ડ ક્લાસ એરલાઇન્સથી મુસાફરી
> રાજસ્થાની મહારાજ દ્વારા સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી અને જૈન બ્રેકફાસ્ટ, લંચ, ડિનર
> પ્રવાસ ખર્ચમાં પોર્ટ્રેજ, ટિપ્સ, ઇન્શ્યોરન્સ શામેલ > કોઈ છુપા ખર્ચ નહી

TRAVELTIES
Your World. Your Way.
+91 77000 45182
+91 77000 45192
sales@travelties.in | www.travelties.in
101, Akruti Aditya Towers, Noshir Bharucha Marg, Grant Road (West), Mumbai - 400 007.

માણો યાદગાર વિદેશ પ્રવાસો
શાહ હોલીડેઝ સંગાથે...

SOUTH KOREA
10 DAYS

SOUTH AFRICA
13 DAYS

BAKU WITH GEORGIA
12 DAYS

TURKEY
12 DAYS

PACKAGE INCLUSIONS :-
- Economy Class Group Airfare
- Luxurious Hotels
- શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા.
- એન્ટ્રન્સ ફી, VISA સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
ગરમી સામે સાવચેતી
એ જ સલામતી

હીટવેવ સામે લડવા સજ્જ રહીએ,
ગરમીમાં 'લૂ' લાગવાથી બચીએ

હીટવેવથી બચવા શું કરવું અને શું ન કરવું?

આટલું કરો
- તરસ ન લાગી હોય તો પણ યોગ્ય માત્રામાં પાણી પીવું
- શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ORS દ્રાવણ અથવા છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ અને નારિયેળ પાણીનો ઉપયોગ કરો
- ઘરની બહાર જતી વખતે માથાનો ભાગ કપડાં, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો
- વજનમાં અને રંગમાં હળવા પ્રકારના સુતરાઉ વસ્ત્રો પહેરો
- આંખોના રક્ષણ માટે સનગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સનસ્ક્રીન લગાવો
- પ્રાથમિક સારવાર માટેની તાલીમ લો
- બાળકો, વૃદ્ધો, બિમાર વ્યક્તિ કે વધુ વજન ધરાવતા વ્યક્તિ કે જેઓ "લૂ"ના ભોગ બનવાની સંભાવના વધુ ધરાવે છે તેમની વિશેષ કાળજી રાખો

આટલું ન કરો
- શક્ય હોય ત્યાં સુધી બપોરના ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધી તડકામાં બહાર ન નીકળવું
- શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા પીણાં જેવા કે ચા, કોફી, સોફ્ટ ડ્રિંક્સ ન લેવા
- મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠાવાળા આહારનો ઉપયોગ ટાળવો

લૂ લાગેલ વ્યક્તિની પ્રાથમિક સારવાર
- જો કોઈ વ્યક્તિને લૂ લાગી હોય તો પ્રાથમિક સારવાર માટે ભીના કપડાનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડો
- શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે તે માટે ORS દ્રાવણ અથવા લીંબુ પાણી આપો
- લૂ લાગેલ વ્યક્તિને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર પર લઈ જવા
- જો શરીરનું તાપમાન સતત વધતું હોય, માથાનો અસહ્ય દુઃખાવો હોય, નબળાઈ હોય, ઉલટી થતી હોય કે બેભાન થઈ જાય તો તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવવી

સચેત રહો, સુરક્ષિત રહો

હેલ્પલાઈન નંબર-૧૦૭૭
ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં જારી